શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-


શ્રી કચ્છી સમાજ અમદાવાદ

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૧મું
જૂન -૨૦૧૭ • અંક : ૧૨
પાના નં.-૧ • (કુલ પેજ : ૪૮)

૧૫ જૂન, ૨૦૧૭ • પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૬-૨૦૧૭ • કિંમત : રૂા. ૧૮/-

## સરદાર સરોવર (નર્મદા) યોજના




## અષાઢી બીજ કચ્છી નૂતન વર્ષના અભિનંદન

તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) • દિનેશભાઈ આર. મહેતા • ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬. • ફોન : ०७९-२६५७६१८४, ४००७६१८४
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.

Girlie™
Ladies Bag | Ladies Foot Wear
Unit-1, Ground Floor, Urja House,Swastic Cross Road,
C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.
મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૪૦૦૯૬૯-૭૦
- ફિક્સ ડીપોઝિટ ઉપર આકર્ષક વ્યાજદરો
- બચત તથા કરંટ ખાતા માટેની યોજના
- રૂા. ૧ કરોડ સુધીની લોન ધિરાણની વિવિધ યોજનાઓ અને વ્યાજનો દર

FD ના ખાતેદાર માટે ૯૦ થી ૯૫% સુધી OD માત્ર ૧ % વધુ વ્યાજ થી તેમજ થર્ડ પાર્ટી OD માટે પણ માત્ર ૧% વધુ વ્યાજ.
વિવિધ સાઈઝના લોકર ફક્ત ગ્રાહકો માટે વગર વ્યાજની ડીપોઝિટથી

SILICON®
ZERO MAINTENANCE LAMINATE



RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

Customer Care: 09376327182, 09375021100
Email: info@silicon-group.com; coordinator@silicon-group.com
Web.: www.silicon-group.com

Navinbhai Patel
Director
Mob. : 9825034905

Ramjibhai Patel
Ratanshibhai Patel

PATIDAR
PATIDAR PACKERS PVT. LTD.
Wooden Boxes Crafts & Pallets.
Mfrgs. & Specialist in Seaworthy Packaging.
Opp. Ahmedabad Steel Craft, Near G.V.M.M., Odhav Road, Ahmedabad - 382 415.
Ph.: 079 - 22901233, 22902433, 22900933

Aashish Dinesh Mehta
Vikas Infrastructure
Land Developers & Investors
804, Aakridi Heights, Opp. Aangan Party Plot,
Nr. Prerna Tirth Derasar, Satellite, Ahmedabad-15.
(M) : 93741 31715, 94288 26997
Email : vikas_infra@rediffmail.com

હિમાંશુ ભાઈલાલ ઠક્કર
+91 98793 01004
+91 93740 01004
પ્રેરણા સ્ત્રોત
- શ્રી લોહાણા મહાપરિષદ
- અખિલ ગુજરાત લોહાણા સમાજ
- શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
- શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
- શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
- શ્રી કચ્છી સમાજ અમદાવાદ

અમર રઘુવંશમ્
શ્રી રઘુકુળ વિશ્વ
jaymahaparishad@gmail.com shreeraghuvansham@gmail.com

મહેમાનોનું માન, સ્નેહીઓનું સન્માન... કર્ણાવતીની દાબેલી થી જ શોભે...
મણીનગરના પ્રખ્યાત
કર્ણાવતી દાબેલી સેન્ટર



Our Main Branch
Maninagar
1, Radhamandir Complex, Opp. Hirabhai Tower,
Uttamnagar, Maninagar, Karnavati - 380 008.
Drive-In-Road
LL /12, Indraprastha Tower, Nr. Himalaya Mall, Drive - In - Road, Bodakdev, Ahmedabad- 380052.
Bopal
A -01 & 02, New York Arcade, Nr. Bhavya Park, Opp. Inductherm, Bopal, Ahmedabad.
★ Food's Regent Spice Products (Mfg. Dabeli Instant Masala)
6,7,8, Ground Floor, Karmam Avenue, Opp. Surya City,
B/h.Hirabhai Tower, Maninagar, Ahmedabad.

Mahendra Sangoi
Chairman, M.D.
RAMDEV GROUP
Mfg. of
Cement Concrete Blocks
& Pavers
Builders and Developers
Ami Zarna, Opp. Navneet Hi-tech Hospital, L.T. Road, Dhaisar (E). Mumbai-400 068.
Telefax : 28940150/51 • E-mail : mahedrasangoi@ramdevgroupindia.com
Website : www.ramdevgroupindia.com

વર્ષ-૩૧ ● અંક - ૧૨
૧૫ જૂન, ૨૦૧૭

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
**Email : kutchhisamaj@gmail.com**

●

**Kutchshruti Available on**
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**

| | | |
|---|---|---|
| ૨ વર્ષ | : રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : રૂા. | ૧૫૦૦/- |

ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

# આ અંકમાં....

## વિભાગ-૧ :-

### તંત્રી લેખ


- નિયમિત પાણી – આવકારપાત્ર અભિયાન ................ **અશોક મહેતા**....૪


### કચ્છ


- કચ્છને ફાળવાયેલ વધારાના પાણી સામે આજની જરૂરિયાત ............ **અશોક મહેતા**....૬
- કચ્છ જિલ્લાને ફાળવાયેલ નર્મદાના પૂરના વધારાના ૧ મી.એ. ફુટ પાણી અંગેની નોંધ ............ **ડી.કે. પટેલ**....૮
- કચ્છ માટે પાણીની સ્થિતિ શ્રાપરૂપ કે આશીર્વાદરૂપ............ **મનોજ સોલંકી**....૧૧
- કચ્છ જિલ્લાના સંદર્ભમાં ઉદ્યોગો અને સામાજિક દાયિત્વ............ **કીર્તિ ખત્રી**....૧૩
- કચ્છની પ્રથમ ઉચ્ચ શિક્ષણ સંસ્થા - લાલન કૉલેજ ............ **સંજય પી. ઠાકર**....૧૫


### અતીતમાં નજર


- અતીતની અટારીએથી – ૨ : ઈલ્બર્ટ બીલ હિંદને જગાડે છે.... **સર ફિરોઝશાહ મહેતા**....૧૭


### વિચાર વિમર્શ


- જોબ ક્રિએશન વિશે વધુ વિચારણા ............ **અશ્વિન ઝિંઝુવાડિયા**....૨૧


### શિક્ષણ જગત


- ઉચ્ચ અભ્યાસ અને હોમ સીકનેસ ............ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**....૨૨
- ગર્ભસ્થ શિક્ષણ એ જ કેળવણીનો પાયો છે ............ **ચંદ્રકાંત પટેલ 'સરલ'**....૨૩


### સ્વાસ્થ્ય


- માનસિક સ્ટ્રેસની શરીર પર અસર – ૪ ............ **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક**....૨૫
  **ડૉ. દિપ્તી શાહ (ગડા) મનોચિકિત્સક અને બાળ મનોચિકિત્સક**


### મેઘધનુષ


- આંખો લપસતી જાય છે ............ **એન.જે. ગોલીબાર**....૨૬
- આનંદ માત્ર ............ **'આરસી' શાહ**....૨૬
- ''સીમ'' ............ **અરવિંદ સોમૈયા**....૨૬


### વિવિધતા


- પ્રતિભાવ ............ ૨૬
- અન્ય સંસ્થાના સમાચાર ............ ૨૭
- વિવિધ માહિતી ............ ૨૮
- વર્તમાનપત્રોના આધારે ............ ૩૧
- વતનના વાવડ ............ **સંકલન : ભરત ઓઝા**....૩૪


## વિભાગ-૨ :-


- પરિવાર સમાચાર ............ ૩૯
- સમાજ સમાચાર ............ ૪૦
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ ............ ૪૫

તંત્રીલેખ

# નિયમિત પાણી – આવકારપાત્ર અભિયાન



અશોક મહેતા

***સૌપ્રથમ તો વર્ષ ૨૦૧૭ના અષાઢી બીજ – કચ્છી નૂતન વર્ષના, 'કચ્છશ્રુતિ'ના વાચક વર્ગને શ્રી કચ્છી સમાજ - અમદાવાદના તથા 'કચ્છશ્રુતિ'ના ખૂબ ખૂબ અભિનંદન. સૌને કચ્છી નવું વર્ષ શુકનવંતુ નીવડે તેવી હાર્દિક શુભેચ્છા.***

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી તાજેતરમાં જ કચ્છ બ્રાંચ કેનાલના ભચાઉ પાસેના પમ્પિંગ સ્ટેશનનું લોકાર્પણ કરવા પધારેલ હતા. પમ્પિંગ સ્ટેશનના લોકાર્પણની સાથે સાથે તેઓએ ટપ્પર ડેમ તરફ આ પાણી વહાવવાની પણ શરૂઆત કરાવી, કે જે ત્યારબાદના દસેક દિવસોમાં નર્મદાના પાણીથી ભરાવવાની શરૂઆત થઈ ગયેલ હતી.

ટપ્પર ડેમ નિયમિત પાણીથી ભરવાની યોજના મૂળ આયોજનમાં નથી પરંતુ જ્યાં લગી વધારાના પાણી અહીં સુધી વહાવવામાં ન આવે ત્યાં સુધી તેને નિયમિત પાણીથી ભરવામાં આવે તે આવકારપાત્ર છે. વધારાના પાણીના કાર્યો માટે તે ભવિષ્યમાં એક મહત્ત્વનું કેન્દ્ર બની રહેવાનું છે કેમકે ત્યાંથી જ વધારાના પાણીની હાઈ કન્ટુર સ્ટોરેજ, સધર્ન લીન્ક કેનાલ, નોર્ધન લીન્ક કેનાલ વગેરેની શરૂઆત થવાની છે. એકંદરે કચ્છ માટે આ કાર્યક્રમ સમગ્રપણે આવકારરૂપ સાબિત થવાનો છે.

કચ્છ માટે બીજા એક શુભ સમાચાર આ યોજના સાથે સંકળાયેલ ઉચ્ચ મહાનુભાવોના તાજેતરના ઉચ્ચારણોમાં જાણવા મળ્યા. એક ચર્ચા દરમ્યાન નર્મદા નિગમના ડાયરેક્ટર **શ્રી મૂકેશભાઈ ઝવેરી**એ જણાવેલ કે વર્ષ ૨૦૧૭ના અંત ભાગ સુધીમાં જ માંડવીના મોડકુવા સુધી કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો પૂર્ણ કરી ત્યાં પાણી પહોંચાડી દેવામાં આવશે. સાથે સાથે તેમણે એમ પણ જણાવ્યું કે બ્રાંચ કેનાલની સાથે સાથે શાખા, વિશાખા, પ્રશાખા કે પ્ર-પ્રશાખા કેનાલોના પણ કામો શરૂ કરાવી દેવામાં આવશે અને આવતા બે વર્ષમાં આ પાણી કચ્છના રાપરથી માંડવી સુધીના ખેતરો સુધી પણ પહોંચાડવાના ચક્રો ગતિમાન કરી દેવામાં આવેલ છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની મુલાકાતના સમયે 'કચ્છમિત્ર' દ્વારા 'રણભૂમિમાં રેવા' નામની બુક પ્રકાશિત કરવામાં આવેલ છે કે જેમાં કચ્છ બ્રાંચ કેનાલ, કચ્છને ફાળવાયેલ નિયમિત પાણી તથા વધારાના પાણી વિશેના અનેક લેખોનો સમાવેશ કરવામાં આવેલ છે. 'કચ્છમિત્ર'ના મુખ્ય તંત્રી શ્રી દીપક માંકડે મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીની મુલાકાત લીધેલ ત્યારે **શ્રી વિજય રૂપાણી**એ જણાવેલ કે મુખ્ય કેનાલની સાથે સાથે પેટા કેનાલ અને ખેતરો સુધી પાણી પહોંચાડવાના કામ હવેના સ્ટેજમાં પૂરા કરી લેવાશે. એ જ રીતે કચ્છમિત્રના શ્રી નિખિલ પંડ્યાએ નિગમના ચેરમેન અને એમ.ડી. **શ્રી એસ. એસ. રાઠોડ**ની મુલાકાત લીધેલ હતી. તેમણે જણાવેલ કે આ છેલ્લા અને નિર્ણાયક તબક્કામાં શાખા નહેરની સાથોસાથ ડિસ્ટ્રીબ્યુટરી, પેટા શાખા નહેર સહિતના તમામ માળખાના કામો એક સાથે હાથ ધરીને આ લક્ષ્યને હાંસલ કરી લેવાની નિગમે હામ ભીડી છે. તેમણે એમ પણ જણાવેલ કે પાણી આપવાના **કમાન્ડ વિસ્તારોના ગામોમાં પાણી મંડળીઓ બનાવીને સિંચાઈના વ્યવસ્થાપનનું માળખું ગોઠવાશે.**

કચ્છ માટેના આ બધા સમાચારો અગત્યના એટલા માટે છે કે સરદાર સરોવર નર્મદા નિગમની સ્થાપના ૧૯૮૯માં થયા બાદ તેના ૨૮ વર્ષના કાર્યમાં મુખ્ય બ્રાંચ કેનાલની સાથે સાથે શાખા, પ્રશાખા કેનાલોના આયોજનો ગોઠવાયેલ નથી. અત્યાર સુધી ગુજરાતભરની ૩૦થી પણ વધુ અન્ય બ્રાંચ કેનાલોના કાર્યો નિગમ દ્વારા પરિપૂર્ણ કરવામાં આવેલ હોવા છતાં મોટાભાગની કેનાલોના શાખા, પ્રશાખા કેનાલોના કામ બાકી રહેલ છે. પાણી મંડળીની રચના માત્ર પેપર

૫૨ રહેવા પામેલ છે. વ્યવહારમાં તેનો ઉપયોગ થઈ શકેલ નથી. ખેડૂતોને મીટર મૂકી પાણી આપવામાં આવતું નથી. જેટલા ભાગમાં શાખા-પ્રશાખા થયેલ છે ત્યાં ખેડૂતો જાતે પાણી મેળવી લે છે અને જ્યાં આ પ્રકારના કેનાલો બનાવવામાં આવેલ નથી ત્યાં ડીઝલ પંપ મૂકીને ખેડૂતો પાણી મેળવી લે છે. જે રીતે ઈલેક્ટ્રિસિટી વપરાશના મીટરો હોય છે એ રીતે પાણી આપવાના મીટરોની પધ્ધતિ કોઈ જગ્યાએ અમલમાં મૂકવામાં આવેલ નથી. તેથી નિગમ દ્વારા પાકના વિસ્તારની (જે જમીનમાં પાક વાવેલ હોય તેટલા એકરની) ગણતરી કરી પાણીનો ચાર્જ લગાવવામાં આવે છે અને તેની વસુલાત માત્ર ૨૦ ટકા જેટલી જ થવા પામેલ છે. આ પ્રશ્ને નિગમ લાચાર છે અને તેથી વિતરણ કાર્યમાં ખૂબ જ અવ્યવસ્થા અને ગુંચવણનો તે સામનો કરી રહેલ છે. પાણી વોલ્યુમેટ્રિક (માપીને આપવાના) પદ્ધતિથી આપવાનું ન હોવાથી ખેડૂતો દ્વારા આ પાણીનો વ્યય ખૂબ જ પ્રમાણમાં થાય છે. બીજી રીતે કહીએ તો અત્યાર સુધી ગુજરાત સરકરશ્રી દ્વારા ખર્ચાયેલ રૂા. ૫૪૦૦૦ કરોડની આ યોજનાના છેલ્લે તબક્કે ખૂબ જ અંધાધૂંધી પ્રવર્તે છે.

સદ્‌ભાગ્યે કચ્છમાં આવું નહીં થવા પામે એ આ યોજના સાથે સંકળાયેલ મહાનુભાવોના ઉચ્ચારણો દ્વારા જાણવા મળે છે. મુખ્ય કેનાલની સાથે સાથે શાખા - પ્રશાખાઓની રચના કરવામાં આવશે. પાણી મંડળીની રચના કરી નિગમ આ મંડળીઓને કાર્યરત કરી પાણી તેમને આપશે. આ પાણી મંડળી પોતાના વિસ્તારના ખેડૂતો સુધી પાણી વોલ્યુમેટ્રિક પધ્ધતિથી પહોંચાડશે કે જેથી આ પાણીનો બગાડ ખૂબ જ ઓછા પ્રમાણમાં થાય અથવા નહીં જેવો થાય.

કચ્છના ખેડૂતો પણ તેનો સુંદર પ્રતિસાદ આપી ડ્રીપ અથવા સ્પ્રિંકલ પધ્ધતિથી આ પાણીનો ઉપયોગ કરે તો જરૂરિયાતથી ૪૦ ટકા જેટલા પાણીમાં જ ખેતી થઈ શકે તેમાં કોઈ શક નથી. તેનાથી બે ફાયદા થશે. એક તો ખેડૂતોના વપરાશનું પાણીનું બીલ ખૂબ જ ઓછું થઈ શકશે અને તેના કારણે બીજું જે પાણી બચી જવા પામે તેનો ઉપયોગ નહેરની ઉત્તરના વિભાગ તરફ નર્મદા નિગમ દ્વારા કેનાલો બનાવી, કમ સે કમ બીજી તેટલી જ જમીનમાં આ પાણીથી ખેતી થઈ શકે. ભૂતકાળનો અનુભવ જોતાં કચ્છની પ્રજાએ ક્યારે પણ આ પ્રકારની ચેલેન્જ સ્વીકારવામાં આનાકાની કરેલ નથી અને અત્યારના તબક્કે પણ આ પ્રકારની ચેલેન્જ કચ્છની જનતા સ્વિકારી લેશે તેવી સૌએ અપેક્ષા રાખેલ છે.

એક હકીકત નોંધી લઈએ કે નર્મદાના પાણી જે રાજસ્થાનને ફાળવવામાં આવ્યા તે ૭૦,૦૦૦ હેક્ટરમાં સિંચાઈ થઈ શકે તેટલી પર્યાયના પાણી હતા. પરંતુ રાજસ્થાનના ખેડૂતોએ આ પાણી ડ્રીપ અથવા સ્પ્રિંકલ પધ્ધતિથી પોતાની ખેતીમાં વાપર્યા અને તેના કારણે આજે ત્યાં ૧,૭૫,૦૦૦ હેક્ટરમાં ખેતી થઈ શકે છે.

છેલ્લે પાણી મંડળીની વાત કરીએ. તો નર્મદા નિગમ દ્વારા જ્યાં પાણી આપવામાં આવે છે ત્યાં અંદાજિત ૧૨૦૦ એકર દીઠ એક પાણી મંડળી બની શકે. કચ્છની ૨,૮૫,૦૦૦ એકર જમીનમાં આ પાણી આપવામાં આવશે. તેથી અંદાજિત ૨૨૫થી ૨૫૦ પાણી મંડળી બની શકશે. જો નર્મદા નિગમ દ્વારા આ પ્રકારની મંડળીઓ રચવામાં આવે તો તેઓએ પણ પોતાની જવાબદારી નિષ્ઠાપૂર્વક બજાવવાની આવશે અને તો જ કચ્છની જનતાને આ યોજનાના લાભો વિશેષ પ્રમાણમાં મળી શકશે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

*હલે જિયું ગાલિયું નતા કરિયેં, ઈ પિંઢ હલેંતા,*
*નતા ચેં અંધારો હટાયો, હરિ દિયા થઈ જલેંતા.*

*ખરેખર મોટાઈને વરેલા મહાન માણસો માત્ર ઉપદેશની વાતો નથી કરતા, પણ તેઓ જાતે જ એનું આચરણ કરી બતાવે છે.*

*હરિદાસ કે. ઠક્કર, 'હરિ' - મસ્કા, કચ્છ*

કચ્છ

# કચ્છને ફાળવાયેલા વધારાના પાણી સામે આજની જરૂરિયાત



અશોક મહેતા

નર્મદા નદીના વધારાના પાણી અંગે જૂન-૨૦૦૬માં સરકારશ્રી દ્વારા જાહેરાત કરવામાં આવેલ હતી કે અંદાજિત ૩ એમ.એ.એફ. પાણીના ઉપલબ્ધ જથ્થા સામે ઉત્તર ગુજરાતને ૧ એમ.એ.એફ., સૌરાષ્ટ્રને ૧ એમ.એ.એફ. અને કચ્છને ૧ એમ.એ.એફ. પાણી ફાળવવામાં આવશે.

ઉપરોક્ત જાહેરાત બાદ અંદાજિત રૂા. ૫૦૦૦ કરોડના ખર્ચે ઉત્તર ગુજરાતના કાર્યો વર્ષ ૨૦૧૦ની આસપાસ પરિપૂર્ણ કરી દેવામાં આવેલ છે. અંદાજિત રૂા. ૧૦,૦૦૦ કરોડના આયોજન સામે આજે જે કામની કિંમત રૂા. ૧૮,૦૦૦ કરોડ જેટલી થઈ જવા પામેલ છે તે સૌરાષ્ટ્રના કાર્યો આજથી ૫ વર્ષ અગાઉ શરૂ કરી દેવામાં આવેલ હતા. અત્યાર સુધી તેની સામે રૂા. ૭,૦૦૦ કરોડ જેટલો ખર્ચ કરી દેવામાં આવેલ છે. ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન તે માટે રૂા. ૧૭૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે અને હાલે તે કાર્યો યોજનાપૂર્વક આગળ વધી રહ્યા છે. એ સામે કચ્છની વાત કરીએ તો આ કામ માટે કચ્છની યોજનાના આયોજનો પરિપૂર્ણ કરી દેવામાં આવેલ છે. **પરંતુ નાણાકીય ફાળવણી સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ ન હોવાથી તે કામોની શરૂઆથ છેલ્લા ૧૧ વર્ષ દરમ્યાન થઈ શકવા પામેલ નથી.** કચ્છની આ યોજનાનો ખર્ચ જે રૂા. ૪૮૦૦ કરોડનો હતો તે આજે કદાચ રૂા. ૧૩૦૦૦ કરોડનો થઈ જવા પામેલ છે. તેની સામે ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન માત્ર રૂા. ૭૬ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે તે કોઈ પણ હિસાબે સમજી શકાય તેવી હકીકત નથી. એ સામે આ રૂા. ૭૬ કરોડ કયા ધોરણે ફાળવવામાં આવ્યા કે તેનાથી શું આયોજન ગોઠવવામાં આવશે તે અંગેની કોઈ પણ માહિતી કચ્છની જનતાને પ્રાપ્ત થઈ શકેલ નથી.

**નર્મદા યોજનાના અનુસંધાને કચ્છને શરૂથી જ અન્યાય કરવામાં આવી રહેલ છે તે લાગણી આજે પણ તેટલી જ ઉત્કટ બની રહેવા પામેલ છે.** નર્મદા નદીમાંથી ખરેખર વધારાના ૩ એમ.એ.એફ. પાણી પ્રાપ્ત થઈ શકશે કે નહીં? ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં જ્યાં આ યોજના માટે ખર્ચ કરી દેવામાં આવેલ છે અને અન્ય તરફ તેટલી જરૂરિયાતના પ્રમાણમાં પાણી પ્રાપ્ત ના થઈ શકે તો કચ્છના આ યોજનાના કામો શરૂ થઈ શકશે કે નહીં તે પ્રશ્ન પણ અનેક કચ્છીઓના મગજમાં ઘૂમી રહેલ છે.

વધારાના પાણીના ઉંડાણમાં આપણે જઈએ. **વધારાનું પાણી એટલે ડેમના ઓવર ફ્લોનું પાણી અને પાવર હાઉસમાં પાણી દ્વારા વીજળી ઉત્પન્ન થયા પછી દરિયામાં વહાવી દેવાનું પાણી કે જેને છલતીના પાણી તરીકે ઓળખવામાં આવે છે.** માનો કે સરદાર સરોવર ડેમ પર ઓવરફ્લો ૧૦, ૨૦ કે ૩૦ દિવસ રહ્યો અને તેટલા સમય દરમ્યાન શરૂઆતમાં ૪૦,૦૦૦ ક્યુસેક કેપેસિટીવાળી કેનાલમાંથી ઉપયોગપાત્ર લેવાયેલ પાણી સિવાય જેટલું વધારાનું પાણી ચોમાસાના એ દિવસો દરમ્યાન લઈ શકાય એ પાણી કે જેનો જથ્થો પ્રમાણમાં ખૂબ જ ઓછો હોઈ શકે. આ પાણીનો સંગ્રહ કરવાનો ન હોવાથી અને ચોમાસા દરમ્યાન ખેતરમાં તેની જરૂરિયાત ઓછા પ્રમાણમાં રહેવાથી તેને કેનાલમાંથી ઓછા પ્રમાણમાં વહાવી શકાય. આ કેનાલ આગળ જતાં ઓછી કેપેસિટીવાળી બનેલ હોવાથી આ કેનાલમાં સંગ્રહ થઈ શકે તેટલું જ પાણી ઓવર ફ્લોના પાણીમાંથી લઈ શકાય. બાકી પાણી દરિયામાં વહી જાય. **એ જ રીતે વીજળી ઉત્પન્ન કર્યા પછીનું પાણી સંગ્રહવા નદીના નીચેના ભાગમાં કોઈ વ્યવસ્થા હજુ સુધી કરવામાં આવેલ ન હોવાથી એ પાણી પણ દરિયામાં વહાવડાવી દેવામાં આવે છે. તેથી એ પાણી પણ હાલે તો વાપરી શકાશે નહીં.** સરદાર સરોવર ડેમથી નીચેના વિસ્તારમાં ૮ કિ.મી.ના અંતરે ગરુડેશ્વર સુધી આ પાણી સંગ્રહી રાખવા ૪૦ ફુટ ઊંચાઈનો ગરુડેશ્વર વીઅર બનાવવામાં આવવાનો હતો પરંતુ હજુ સુધી એ કાર્યો હાથ પર લેવાયેલ ન હોવાથી ઓવરફ્લો કે છલતી (વીજળી ઉત્પન્ન કર્યા પછીના પાણી)ના પાણીના સંગ્રહનો હાલે કોઈ પ્રશ્ન રહેતો નથી કે જે અંદાજવામાં આવેલ ૩ એમ.એ.એફ. પાણીના સંગ્રહ પર અસર કરવાનો છે.

આ રીતે સરકારશ્રી દ્વારા અથવા તો નર્મદા નિગમ દ્વારા યોજનાનું ચીવટાઈપૂર્વક અમલીકરણ થતું ન હોવાથી કચ્છને પ્રમાણમાં ઉત્તર ગુજરાત કે સૌરાષ્ટ્ર કરતાં પાછળના ક્રમે રાખવામાં આવેલ છે, તેથી તેના થકી થતી અન્યાયની અસર ચોક્કસપણે કચ્છના નાગરિકોમાં રહેવા પામેલ છે.

હાલે અમદાવાદમાં સાબરમતી નદી પર રીવર ફ્રન્ટ બનાવી તેમાં પાણી વહાવવામાં આવે છે. આ પાણીથી ફતેહવાડી

વિસ્તારમાં સારો એવો પાક લેવામાં આવે છે. આ પાણીનો સમાવેશ નર્મદાના પાણી વિતરણની મૂળ યોજનામાં કરવામાં આવેલ નથી. તો પછી અહીં વપરાશમાં લેવાતું પાણી જ્યારે નર્મદા યોજના પરિપૂર્ણ થશે ત્યારે કોના ભાગનું હશે? આ ભયસ્થાને કચ્છ તો નહીં હોય ને? અને તેથી જ કચ્છની જનતાએ સજાગ થઈ જવાની જરૂર છે અને તે માટે કચ્છની દરેક સંસ્થાએ અને જે-તે વ્યક્તિએ અંગત રીતે પણ મુખ્યમંત્રીશ્રી પર પત્ર લખી, પોતાની લાગણી ઠાલવવી જોઈએ અને કચ્છના વધારાના પાણી પર સત્વરે કામ આરંભાય તેવી માંગણી કરવી જોઈએ. જેટલા પ્રમાણમાં આપણે ગાંધીનગર પર વધુ દબાણ સર્જી શકીશું તેટલું કચ્છના હિતમાં રહેવાનું છે.

વધારાના પાણીની યોજનાના નીચે મુજબના ભય સ્થાનોની અવગણના ના કરી શકાય અને તેના નિરાકરણ માટે સરકારશ્રીએ પૂરતા પ્રમાણમાં પગલા લેવા જોઈએ.

૧. ઓવરફ્લોનું પાણી મેળવવાની અને તેને સંગ્રહવાની પૂરતી વ્યવસ્થા.
૨. છલતીના પાણી સંગ્રહવાની અને તેને પમ્પિંગ કરી નર્મદાની મુખ્ય કેનાલમાં ઠાલવવાની વ્યવસ્થા.
૩. સાબરમતી નદીની યોજના જેવી અનેક યોજનાના સ્થળે અપાતા મૂળ યોજના સિવાયના પાણી અંગેની ચર્ચા વિચારણા.
૪. કચ્છને ફાળવવામાં આવેલ પાણી માટે સંગ્રહ સ્થાનો ઊભા કરવાની વ્યવસ્થા.

જો ઉપરોક્ત પગલા લેવામાં નહીં આવે તો તેની ડાયરેક્ટ અસર વધારાના પાણી પર અને તેના પરિણામ સ્વરૂપે કચ્છના પાણી પર ના પડે તે બાબત કચ્છીઓએ ચીવટ રાખવી જરૂરી છે.

*૨૦૩, સવિતા એન્ક્લેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં,*
*જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

## સરદાર સરોવર યોજનાની તવારીખ

- ૧૯૪૦ ગુજરાત / રાજસ્થાન જેવા પાણીની તંગી અનુભવતા રાજ્યો માટે તેમજ હાઈડ્રો ઈલેક્ટ્રિસિટી ઉત્પન્ન કરવા માટે તેમજ નર્મદા નદીના પાણીના વિતરણના લક્ષ્ય સાથે નર્મદા બંધ બાંધવાની સંભાવના ચકાસવા પ્રારંભિક સંશોધનનો આરંભ થયો.
- ૧૯૫૭ સરદાર સરોવર ડેમ માટે નવાગામ સાઈટની ભલામણ.
- ૧૯૬૧ સરદાર સરોવર યોજનાને આગળ ધપાવવા નહેરૂની મંજૂરી.
- ૧૯૬૯ સંબંધિત ચાર રાજ્યો પાણીની વહેંચણી માટે સહમત ના થઈ શકતા સેન્ટ્રલ ટ્રીબ્યુનલની નિમણૂંક.
- ૧૯૭૯ સેન્ટ્રલ ટ્રીબ્યુનલનો સંબંધિત ચાર રાજ્ય વચ્ચેની પાણીની વહેંચણીનો ચુકાદો.
- ૧૯૭૯ સરદાર સરોવર યોજના આગળ ધપાવવાની ઘોષણા.
- ૧૯૮૦ સરદાર સરોવરનું ભૂમિપૂજન કરવામાં આવ્યું.
- ૧૯૮૦ વિશ્વ બેંકે પરિયોજનાના ભંડોળ પૂર્તિ માટે રસ દાખવ્યો.
- ૧૯૮૫ વિશ્વ બેંકે સરદાર સરોવર માટે ૪.૫૦ કરોડ ડોલરનું ભંડોળ આપવાની સહમતિ દર્શાવી.
- ૧૯૮૭ સરદાર સરોવરના બાંધકામનો આરંભ.
- ૧૯૮૯ બંધના વિરોધમાં 'નર્મદા બચાવો આંદોલન'ની સત્તાવાર સ્થાપના કરાઈ.
- ૧૯૯૩ વિશ્વ બેંકે સરદાર સરોવરને આર્થિક મદદ આપવાની વાત પાછી ખેંચી. જો કે ભારત સરકારે આર્થિક મદદ જારી રાખવાનો નિર્ણય કર્યો.
- ૧૯૯૪ કાનૂની વિવાદના કારણે પરિયોજના પરનું કામ અટક્યું.
- ૧૯૯૯ ડેમ પર કામ શરૂ કરવાનો સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો.
- ૨૦૦૬ ડેમની ઊંચાઈ વધારવામાં આવી.
- ૨૦૦૬ સરદાર સરોવર રીવરબેડ પાવર હાઉસના તમામ ૬ યુનીટ કાર્યરત થયા.
- ૨૦૧૪ કેન્દ્રમાં વડાપ્રધાનપદે આરૂઢ થયા બાદ નરેન્દ્ર મોદીએ ડેમની ઊંચાઈ દરવાજા નાંખીને ૧૭ મીટર વધારવાનો મહત્ત્વનો નિર્ણય લીધો.

# કચ્છ જિલ્લાને ફાળવાયેલ નર્મદાના પૂરના વધારાના ૧ મી.એ. ફુટ પાણી અંગેની નોંધ

કચ્છ

• ડી.કે. પટેલ - પૂર્વ સુપ્રિન્ટેન્ડિંગ એન્જિનિયર, કચ્છ સિંચાઈ વર્તુળ - ભુજ •

*કચ્છને નર્મદા નદીના વધારાના પાણીમાંથી ૧.૦૦ એમ.એ.એફ. પાણી ફાળવવામાં આવેલ છે. કચ્છમાં આ પાણીનો વપરાશ કઈ રીતે થઈ શકે તેના સર્વે અને આયોજન માટે મે. મલ્ટીમેન્ટેક ઈન્ટરનેશનલ પ્રા.લિ.ને તે સુપરત કરવામાં આવેલ હતું. મલ્ટીમેન્ટેકે કચ્છમાં સર્વે કરી આ પાણીનો વપરાશ કઈ રીતે થઈ શકે તેનો વિગતવાર રિપોર્ટ ગુજરાત સરકારશ્રીને સુપરત કરી દીધેલ, કે જેને સરકારશ્રીની ઉચ્ચ સ્તરીય સમિતિ દ્વારા તા. ૭-૨-૨૦૧૧ના રોજ મંજૂર રાખવામાં આવેલ હતો.*

*આ રિપોર્ટના અનુસંધાને કચ્છ સિંચાઈ વર્તુળ - ભુજના સુપ્રિન્ટેન્ડિંગ એન્જિનિયર શ્રી ડી.કે. પટેલે આ યોજનાની વિગતવાર સમજ આપતો એક લેખ ફેબ્રુઆરી-૨૦૧૩માં લખેલ હતો કે જે 'કચ્છશ્રુતિ'ના વાચકવર્ગની જાણ માટે અત્રે ફરીથી પ્રસારિત કરવામાં આવેલ છે. આ લેખ વાંચવાથી વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણીનો વપરાશ કચ્છમાં કઈ રીતે કરી શકવાના સરકારશ્રીના આયોજનો છે તેનો પૂરેપૂરો ખ્યાલ આવી શકશે.*

*– તંત્રી મંડળ*

નર્મદાના પૂરના વધારાના પાણીની સૌરાષ્ટ્ર તેમજ કચ્છ વિસ્તાર માટેની ફાળવણી ગુજરાત સરકારના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : પરસ/૨૦૦૩/એમ/૧૦૫/ (૨૩)/ક-૨, તા. ૨૬-૬-૨૦૦૬ વાળા આદેશથી, પુરના વધારાના પાણી પૈકી ૧.૦૦ મી. એકર ફીટ પાણી કચ્છના અછતવાળા વિસ્તારોમાં ફાળવી આપવાની સૈધ્ધાંતિક મંજૂરી આપેલ છે. તદુપરાંત આ વધારાના પાણીના વપરાશ અંગે યોગ્ય તાંત્રિક અને આંશિક વિકલ્પની ચકાસણી તથા મંજૂરી, મંજૂર થયેલ વિકલ્પ અનુસાર અન્વેષણ, આલેખન, આયોજન અને અમલીકરણની કામગીરી નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ કરશે તેવું સરકારશ્રીનાં ઠરાવ ક્રમાંક : નસય-૧૦૨૦૦૪-૩૪-૩૫૯ (૧૦)-આઈ, તા. ૧-૬-૨૦૦૭થી ઠરાવવામાં આવેલ છે.

સરકારશ્રીના સૈધ્ધાંતિક સ્વીકાર બાદ વિવિધ તબક્કે થયેલ સૂચનોને ધ્યાનમાં રાખી, કચ્છ જિલ્લાને ફાળવાયેલ ૧.૦૦ મી. એકર ફીટ પાણીના સંગ્રહ અને વપરાશ માટે વિભાગ દ્વારા તદ્દન પ્રાથમિક અહેવાલ તૈયાર કરવામાં આવેલ. આ પ્રાથમિક અહેવાલમાં વાપકોસ-દિલ્હી, કચ્છના એન.આર.આઈ. શ્રી લક્ષ્મણભાઈ રાઘવાણી તથા માનનીય માજી સંસદસભ્યશ્રી, ધારાસભ્યશ્રીના સૂચનોને ધ્યાને લેવામાં આવેલ હતા. જે મુજબ કચ્છ જિલ્લાને ફાળવાયેલ ૧ મી.એકર ફીટ પાણીને વિવિધ ૭ (સાત) અંગોમાં વહન કરી સંગ્રહ અને વિતરણ કામગીરીનું આયોજન સૂચવાયેલ હતું. વર્ષ ૨૦૦૬-૦૭ની ભાવ સપાટીએ તૈયાર થયેલ રૂા. ૩૩૪૮.૦૦ કરોડના અંદાજિત ખર્ચવાળો આ અહેવાલ તા. ૧૩-૭-૨૦૦૭થી સરકારશ્રીમાં રજૂ થયેલ હતો પરંતુ આ ૧ મી.એ. ફીટ પાણી અંગે વિગતવાર અન્વેષણ, આલેખન, આયોજન અને અમલીકરણ માટે વિશેષ તજજ્ઞ કન્સલ્ટન્ટની સેવાઓ લેવાનું ઉચિત જણાતાં સરકારશ્રીના ઠરાવ ક્રમાંક : નસય-૧૦૨૦૦૪-૩૪-૩૫૯-(૧૦)-પાર્ટ-ફાઈલ-આઈ, તા. ૨૦-૧૧-૨૦૦૮થી કન્સલ્ટન્ટના કામના રૂા. ૨.૬૧ કરોડના અંદાજને વહીવટી મંજૂરી આપવામાં આવેલ.

ત્યારબાદ સરકારશ્રીના તા. ૨૪-૨-૨૦૦૯વાળા આદેશથી વિગતવાર સુધારેલ તાંત્રિક મંજૂરી તથા તા. ૩૦-૮-૨૦૧૦વાળા આદેશથી આ કામના ટેન્ડર મે. મલ્ટીમેન્ટેક ઈન્ટરનેશનલ પ્રા.લિ., અમદાવાદના મંજૂર કરી આપવામાં આવેલ. આથી જળસંપત્તિ સંશોધન વિભાગ - ભુજના તા. ૩-૯-૨૦૧૦ના આદેશથી આ કામગીરી મે. મલ્ટીમેન્ટેક ઈન્ટરનેશનલ પ્રા. લિ. અમદાવાદને રૂા. ૨.૫૯ કરોડ (૦.૮૩% નીચે ભાવનું) ૧૨ માસમાં પૂર્ણ કરવાની શરતે સોંપવામાં આવેલ છે.

કન્સલ્ટન્ટ દ્વારા આ કામગીરી હાલ પ્રગતિમાં છે. સરકારશ્રી દ્વારા તૈયાર થયેલ પ્રાથમિક અહેવાલના સૂચનોને ધ્યાનમાં રાખી, કન્સલ્ટન્ટ દ્વારા તબક્કાવાર એક-એક અંગની પથરેખાઓ ત્રણ વિકલ્પમાં તૈયાર કરી સરકારશ્રીમાં મંજૂરી અર્થે રજૂ કરવામાં આવેલ હતી. કન્સલ્ટન્ટ દ્વારા રજૂ થતા દરેક અંગના વિકલ્પોનો અભ્યાસ કરી મંજૂરી આપવા માટે સરકારશ્રી દ્વારા ઉચ્ચસ્તરીય સમિતિ બનાવવામાં આવેલ તથા કન્સલ્ટન્ટ દ્વારા તૈયાર થતા દરેક અંગના પ્રાથમિક અહેવાલ આ સમિતિ સમક્ષ રજૂ કરીને મંજૂર કરવામાં આવેલ છે, તેની વિગતો નીચે મુજબ છે.

**(૧) માસ વોટર બેલેન્સ અભ્યાસ :**

૧ મી.એ. ફીટની કુલ જળરાશિને જે વિવિધ અંગોમાં સમાવવામાં આવશે તેના અભ્યાસ અહેવાલને ઉચ્ચ સ્તરીય સમિતિની તા. ૭-૨-૨૦૧૧ની મીટિંગમાં મંજુરી આપવામાં આવેલ. તે મુજબ જે વિવિધ ૮ રીતે જળ ફાળવણી આખરી થયેલ, તેની વિગત નીચે મુજબ છે.

| *ક્રમ* | *વિગત* | *અંદાજિત જળ ફાળવણી (એમ.એ.એફ.)* |
|---|---|---|
| ૧. | સારણ જળાશય | ૦.૧૧૬ |
| ૨. | બન્ની જળાશય | ૦.૧૩૪ |
| ૩. | સધર્ન લીન્ક કેનાલ | ૦.૧૫૨ |
| ૪. | નોર્ધન લીન્ક કેનાલ | ૦.૧૭૩ |
| ૫. | હાઈ કન્ટુર સ્ટોરેજ | ૦.૦૪૧ |
| ૬. | હાઈ કન્ટુર કેનાલ | ૦.૧૧૪ |
| ૭. | એક્સ્ટેન્શન ઑફ કે.બી.સી. | ૦.૧૮૨ |
| ૮. | ડાયરેક્ટ ફિલીંગ ફ્રોમ કે.બી.સી. | ૦.૦૨૪ |
| | **કુલ** | **૦.૯૩૬ (એમ.એ.એફ.)** |

**(૨) સારણ જળાશય :**

નર્મદા યોજનાની કચ્છ બ્રાંચ કેનાલની સાંકળ ૧૦૫.૦૦ કિ.મી. પાસેથી ૧૧.૦૨૨ કિ.મી. લંબાઈની ઑફટેક કેનાલ દ્વારા રાપર તાલુકાના ફતેહગઢ ગામની ઉત્તર દિશામાં આવેલા ''સારણ'' નામે ઓળખાતા કુદરતી ડિપ્રેશનનો ઉપયોગ કરીને બનતા સારણ જળાશયમાં કુલ ૦.૦૭૩ એમ.એ.એફ. પાણી સંગ્રહ કરવાનું આયોજન છે. ખરીફ સીઝનમાં કે.બી.સી.માંથી ગ્રેવિટીથી મળનાર પાણી સીધે સીધું જમણી બાજુની તથા ડાબી બાજુની કેનાલમાંથી આસપાસના ગેડી, વ્રજવાણી, આણંદપર, બેલા, મૌવાણા, શિવગઢ અને ફતેહગઢ ગામની આશરે ૨૦,૦૦૦ હેક્ટર જમીનમાં અને જળાશયમાં સંગ્રહિત થયેલ ૦.૦૭૩ એમ.એ.એફ. પાણીમાંથી લીફ્ટ દ્વારા ૬.૪ કિ.મી.ની પાઈપ કેનાલ દ્વારા ડાબી કેનાલ અને જમણી કેનાલ મારફત ૯,૦૦૦ હેક્ટર જમીન રવિ સીઝનમાં એમ કુલ ૨૯,૦૦૦ હેક્ટર જમીન લાભાન્વિત થવાનું અંદાજવામાં આવેલ છે. આ સંદર્ભે ચકાસાયેલ વિવિધ ૩ વિકલ્પોમાંથી વિકલ્પ-૩ ને આખરી મંજૂરી આપવામાં આવેલ છે. સારણ જળાશય વિભાગમાં ૧ એમ.એ.એફ. પૈકી ૦.૧૧૬ એમ.એ.એફ. પાણીનો ઉપયોગ કરવાનું આયોજન છે. આ જળાશયમાં પાણીના સંગ્રહ અને વિતરણ માટે કુલ ૧૮.૧૭૮ કિ.મી. લંબાઈની પાઈપ લાઈન તથા ૫૬.૩૨૯ કિ.મી. કેનાલના બાંધકામની જરૂરિયાત રહેશે. આ ભાગનો બી.સી. રેશિયો ૩.૫૨૨ અને કુલ ખર્ચ રૂા. ૨૪૭.૯૦ કરોડ અંદાજવામાં આવેલ છે. આ ભાગ માટેના અંદાજિત ખર્ચને વહીવટી મંજૂરી મેળવવા માટેની દરખાસ્ત સરકારશ્રીને તા. ૨૦-૧૨-૧૨થી થયેલ છે.

**(૩) બન્ની જળાશય :**

નર્મદા યોજનાની કચ્છ બ્રાંચ કેનાલમાંથી નીકળતી દૂધઈ બ્રાંચ કેનાલના ટેઈલ ઍન્ડથી પાણી લઈ જઈને ભુજ તાલુકાના ઉત્તરીય બન્ની વિસ્તારમાં નવું જળાશય બનાવી પાણી સંગ્રહ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૦.૧૩૪ એમ.એ.એફ. જળસંગ્રહ કરવામાં આવશે. ઉચ્ચસ્તરીય સમિતિ દ્વારા તા. ૧૭-૧૦-૨૦૧૧ની મીટિંગમાં વિકલ્પ-૩ને મંજૂરી આપવામાં આવેલ છે. જેમાં અલગ અલગ ક્ષમતાના અને ઈન્ટરલીન્ક કરેલ ૩ જળાશયો બનાવવાના કામનો સમાવેશ થાય છે. આ જળાશયના પાણીથી બન્ની વિસ્તારના ૫૭,૮૫૦ હેક્ટર (આઈ.સી.એ.) જેટલા ઘાસીયા મેદાન લાભાન્વિત થશે. આ માટે કુલ ૭૫.૪૨૮ કિ.મી.નો માટી બંધ અને કુલ ૮૭.૦૦૦ કિ.મી.ની કેનાલ બાંધવાનું આયોજન છે. આ કામનો બી.સી. રેશિયો ૨.૨૦૭ અને અંદાજિત ખર્ચ રૂા. ૨૬૮.૧૪ કરોડ અંદાજવામાં આવેલ છે. જેમાં માટીબંધ, કેનાલ અને તેના સ્ટ્રક્ચર, ગ્રાઉન્ડબાર વેસ્ટવીયર અને ડાયવર્ઝન સ્ટ્રક્ચરના ખર્ચનો સમાવેશ થાય છે. આ કામની વહીવટી મંજૂરી માટેની દરખાસ્ત વર્તુળ ખાતે ચકાસણી હેઠળ છે.

**(૪) સધર્ન લીન્ક કેનાલ :**

નર્મદા યોજનાની કચ્છ બ્રાંચ કેનાલની ૨૧૪.૫ કિ.મી.ની સાંકળ પાસેથી અંજાર તાલુકાની હયાત ટપ્પર જળાશય યોજનામાં પાણી છોડવામાં આવશે. આ ટપ્પર જળાશયમાંથી દક્ષિણ કચ્છની વિવિધ હયાત સિંચાઈ યોજનાઓને કેનાલ અથવા પાઈપ લાઈન દ્વારા જોડીને પશ્ચિમ કચ્છ જિલ્લાના સાનન્દ્રો જળાશય સુધી પાણી લઈ જવાનું આયોજન છે. આ ભાગમાં કુલ ૦.૧૫૨ એમ.એ.એફ. પાણીનો સંગ્રહ થશે. જે અંગેના વિકલ્પ-૩ ને ઉચ્ચસ્તરીય સમિતિએ તા. ૩૦-૮-૨૦૧૧થી મંજૂરી આપેલ છે. આ લીન્ક કેનાલમાં કુલ ૧૧૪.૧૩ કિ.મી.ની પાઈપ લાઈન, ૧૨૦.૪૯ કિ.મી.ની કેનાલ તથા ૫.૫૦ કિ.મી.ની ટનલ એમ કુલ ૨૪૦.૧૨૩ કિ.મી. લંબાઈનો સમાવેશ થાય છે. આ લીન્ક કેનાલથી ૧૦ હયાત મધ્યમ સિંચાઈ યોજના, ૩૪ હયાત નાની સિંચાઈ યોજના અને ૩.૬૦ એમ.સી.એમ. ક્ષમતાના ચેકડેમોમાં જળસંગ્રહ થશે. જેનાથી ૬૫,૬૨૦ હેક્ટર વિસ્તારમાં થતી હાલની સિંચાઈ કામગીરી સુનિશ્ચિત થશે. આ યોજનાથી કચ્છ જિલ્લાના અંજાર, ભુજ, મુંદ્રા, માંડવી, નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાઓના કુલ ૫૬ ગામો લાભાન્વિત થશે. આ ભાગનો બી.સી. રેશિયો ૧.૨૩૭ અને અંદાજિત ખર્ચ રૂા. ૧૨૬૨.૦૮ કરોડ અંદાજવામાં આવેલ છે.

**(૫) નોર્ધન લીન્ક કેનાલ :**

સધર્ન લીન્ક કેનાલની જેમ આ લીન્ક કેનાલની શરૂઆત પણ અંજાર તાલુકાના ટપ્પર જળાશયમાંથી શરૂ થઈને ધાણેટી - રૂદ્રમાતા - કાયલા - નિરોણા - ભૂખી - મથલ - ગજણસર થઈને નરા સિંચાઈ યોજના સુધી જશે. જેમાં ઉત્તર કચ્છની વિવિધ હયાત સિંચાઈ યોજનાઓને કેનાલ અથવા પાઈપ લાઈન દ્વારા જોડીને પાણી લઈ જવાનું આયોજન છે. આ ભાગમાં કુલ ૦.૧૭૩ એમ.એ.એફ. પાણીનો સંગ્રહ થશે. જે અંગેના વિકલ્પ-૧ ને ઉચ્ચસ્તરીય

સમિતિએ તા. ૧૭-૧૦-૨૦૧૧થી મંજુરી આપેલ છે. આ લીન્ક કેનાલમાં કુલ ૯૭.૯૭૮ કિ.મી.ની પાઈપ લાઈન, ૭૪.૮૭૨ કિ.મી.ની કેનાલ તથા ૩.૩૦ કિ.મી.ની ટનલ એમ કુલ ૧૭૬.૧૫ કિ.મી. લંબાઈનો સમાવેશ થાય છે. આ કેનાલથી ૮ હયાત મધ્યમ સિંચાઈ યોજનાઓ, ૧૪ હયાત નાની સિંચાઈ યોજનાઓ અને ૧.૩૬ એમ.સી.એમ. ક્ષમતાના ચેકડેમોમાં જળસંગ્રહ થશે. જેનાથી ૭૪,૬૯૦ હેક્ટર વિસ્તારમાં થતી હાલની સિંચાઈ કામગીરી સુનિશ્ચિત થશે. આ યોજનાથી કચ્છ જિલ્લાના અંજાર, ભુજ, નખત્રાણા અને લખપત તાલુકાના કુલ ૪૭ ગામો લાભાન્વિત થશે. આ ભાગનો બી.સી. રેશિયો ૧.૫૩૬ અને અંદાજિત ખર્ચ રૂા. ૧૧૭૭.૨૫ કરોડ અંદાજવામાં આવેલ છે.

**(૬) હાઈ કન્ટુર સ્ટોરેજ :**

આ લીન્ક કેનાલ અંજાર તાલુકાની સત્તાપર નાની સિંચાઈ યોજનાથી શરૂ થઈ ભુજ તાલુકાની જામારા નાની સિંચાઈ યોજના સુધી જશે. આ ભાગમાં કુલ ૦.૦૪૧ એમ.એ.એફ. જળ સંગ્રહ થશે. જે અંગેના વિકલ્પ-૩ ને ઉચ્ચ સ્તરીય સમિતિએ તા. ૧૯-૧૨-૨૦૧૨થી મંજૂરી આપવામાં આવેલ છે. આ લીન્કને કેનાલમાં કુલ ૨૨.૬૦૧ કિ.મી.ની પાઈપ લાઈન અને ૩૪.૦૫૭ કિ.મી.ની કેનાલ એમ કુલ ૫૬.૬૫૮ કિ.મી. લંબાઈનો સમાવેશ થાય છે. આ કેનાલથી ૫ હયાત નાની સિંચાઈ યોજનાઓમાં જળસંગ્રહ થશે. જેનાથી ૧૦,૮૯૯ હેક્ટરમાં સીધી સિંચાઈ અને ૩,૯૨૪ હેક્ટરમાં જળ સંગ્રહ થકી સિંચાઈ એમ કુલ ૧૪,૮૨૩ હેક્ટર વિસ્તારમાં થતી હાલની સિંચાઈ સુનિશ્ચિત થશે. આ યોજનાથી કચ્છ જિલ્લાના અંજાર અને ભુજ તાલુકાના ૧૯ ગામો લાભાન્વિત થશે. આ ભાગનો બી.સી. રેશિયો ૧.૬૧ અને અંદાજિત ખર્ચ રૂા. ૨૧૫.૫૯ કરોડ અંદાજવામાં આવેલ છે.

**(૭) હાઈ કન્ટુર કેનાલ :**

આ ભાગની શરૂઆત નર્મદા યોજનાની કચ્છ બ્રાંચ કેનાલની સાંકળ ૨૫૪.૦૦ કિ.મી.થી શરૂ થઈ અબડાસા તાલુકાના ખારોડિયા નાના સુધી જશે. આ ભાગમાં કુલ ૦.૧૧૪ એમ.એ.એફ. પાણીનો સંગ્રહ થશે. જે અંગેના વિકલ્પ-૨ ને ઉચ્ચસ્તરીય સમિતિએ તા. ૩૦-૮-૨૦૧૧થી મંજુરી આપેલ છે. આ લીન્ક કેનાલમાં કુલ ૧૨૧.૧૦ કિ.મી.ની પાઈપ લાઈન તથા ૧૦૪.૯૬૩ કિ.મી.ની કેનાલ એમ કુલ ૨૨૬.૦૬૩ કિ.મી.નો સમાવેશ થાય છે. આ કેનાલથી ૧૫ હયાત નાની સિંચાઈ યોજનાઓમાં જળસંગ્રહ થશે. જેનાથી ૪૯,૨૧૮ હેક્ટર વિસ્તારમાં થતી હાલની સિંચાઈ કામગીરી સુનિશ્ચિત થશે. આ યોજનાથી કચ્છ જિલ્લાના અંજાર, મુંદ્રા, માંડવી અને અબડાસા તાલુકાના ૩૫ ગામો લાભાન્વિત થશે. આ ભાગનો બી.સી. રેશિયો ૩.૧૫૮ અને અંદાજિત ખર્ચ રૂા. ૩૪૫.૯૬ કરોડ થવાનો અંદાજ છે.

**(૮) એક્સ્ટેન્શન ઓફ કેબીસી :**

આ ભાગની શરૂઆત નર્મદા યોજનાની કચ્છ બ્રાંચ કેનાલની લંબાઈ પૂર્ણ થયા બાદ ચેઈનેજ ૩૫૨ કિ.મી. પછી માંડવી તાલુકાના મોડકુવા ગામ પાસેથી થાય છે અને ગોયલા નાની સિંચાઈ યોજના આગળ પૂર્ણ થાય છે.

આ ભાગમાં કુલ ૦.૧૮૨ એમ.એ.એફ. પાણીનો સંગ્રહ થશે. જે અંગેના વિકલ્પ-૧ને ઉચ્ચસ્તરીય સમિતિએ તા. ૧૩-૨-૨૦૧૧ના રોજ મંજુરી આપેલ છે. આ કેનાલમાં કુલ ૧૧.૦૦ કિ.મી.ની પાઈપ લાઈન તથા ૧૨૪.૭૭૨ કિ.મી.ની કેનાલનો એમ કુલ ૧૩૫.૭૭૨ કિ.મી.નો સમાવેશ થાય છે. આ કેનાલથી ૧ મધ્યમ અને ૯ નાની સિંચાઈ યોજનાઓમાં જળસંગ્રહ કરવાનું આયોજન છે. આ યોજનાથી કચ્છ જિલ્લાના માંડવી, અબડાસા અને લખપત તાલુકાના કુલ ૪૪ ગામો લાભાન્વિત થશે. આ ભાગ થકી કુલ ૧,૨૬,૪૯૩ હેક્ટર હયાત સિંચાઈ વિસ્તાર સુનિશ્ચિત થશે. આ ભાગનો બી.સી. રેશિયો ૨.૦૪ અને કુલ ખર્ચ રૂા. ૬૫૭.૧૫ કરોડ અંદાજવામાં આવેલ છે.

**(૯) ડાયરેક્ટ ફિલીંગ ફ્રોમ કેબીસી :**

આ ઉપરાંત જિલ્લાના કેટલાક જળાશયોને નર્મદા બ્રાન્ચ કેનાલમાંથી સીધા ભરવાનું પણ આયોજન થયેલ છે. જેનાથી કુલ ૦.૦૨૪ એમ.એ.એફ. જળસંગ્રહ થશે તથા આ સંગ્રહ થકી ૧૪૬૦૯ હેક્ટર સિંચાઈ લાયક વિસ્તાર લાભાન્વિત થશે.

**(૧૦) ૩ જળાશયોનું અપગ્રેડેશન :**

હાઈકન્ટુર સ્ટોરેજના એક ભાગ તરીકે હયાત નારણપર, એડમંડ અને જામારા નાની સિંચાઈ યોજનાઓની સંગ્રહ ક્ષમતા વધારવાના કામોનો સમાવેશ પણ આ યોજનામાં કરવામાં આવેલ છે. આમ થવાથી ૦.૦૨૩૮ એમ.એ.એફ.ની વધારાની ક્ષમતા ઊભી થશે અને ૬૩૯ હેક્ટર વધારાનો વિસ્તાર લાભાન્વિત થશે. આ કામનો ખર્ચ રૂા. ૧૭૪.૩૬ કરોડ અંદાજવામાં આવેલ છે.

આમ, એકંદરે સમગ્ર કામગીરીમાં ૧૩૬.૯૬ કિ.મી.ના અર્ધન બન્ડ, ૩૮૩.૧૯ કિ.મી.ની પાઈપ લાઈન, ૬૪૬.૬૬ કિ.મી.ની કેનાલ, ૮.૮૦ કિ.મી.ની ટનલ મળીને કુલ ૧૧૭૫.૬૧ કિ.મી. લંબાઈની કામગીરી માટે રૂા. ૪૨૪૮.૧૪ કરોડનો ખર્ચ હાલના તબક્કે અંદાજવામાં આવેલ છે.

હાલના તબક્કે બધા જ ભાગોનું પ્રાથમિક સર્વે કામ પૂર્ણ થયેલ છે. સારણ તેમજ બન્ની જળાશયની વહીવટી મંજુરીની દરખાસ્ત તૈયાર થયેલ છે. જે પૈકી સારણ જળાશય માટેની દરખાસ્ત સરકારશ્રીમાં તથા બન્ની જળાશય માટેની દરખાસ્ત વર્તુળ કક્ષાએ ચકાસણી હેઠળ છે. બાકીના વિભાગો માટે કાર્યવાહી હાથ પર છે.

૧ એમ.એ.એફ.ની સમગ્ર યોજના તેના સર્વે અને અન્વેષણના વિવિધ તબક્કે છે. સમગ્ર યોજનાને સરકારશ્રી તરફથી સ્વીકૃતિ મળવાની રાહમાં છે. આખરી સર્વે, અન્વેષણ અને આલેખન અંતિમ તબક્કે તાંત્રિક કારણોસર કોઈ પણ ભાગમાં તેની સંગ્રહ ક્ષમતા, લાભિત વિસ્તાર તેમજ અંદાજિત ખર્ચમાં ફેરફાર થઈ શકે છે. ■

# કચ્છ માટે પાણીની સ્થિતિ શ્રાપરૂપ કે આશીર્વાદરૂપ

કચ્છ

• મનોજ સોલંકી •

હાલના છેલ્લા ચોમાસામાં વરસાદ નામમાત્ર થવાથી કચ્છના ગામડાંઓમાં પાણીનું શુ મહત્ત્વ છે તે પૂછીએ તો તે જ સમજાવી શકે. માલધારીઓને પૂછીએ તો જ ખબર પડે કે પાણી ન હોય ત્યારે પશુ, પક્ષી અને માણસની સ્થિતિ શું થાય? પરંતુ આ બાબત જ્યાં નળ ખોલો ને પાણી આવે, બોર કરો સબમર્સીબલથી ધોધ વહેવા માંડે, કેનાલનું નાકું ખોલોને નહેર વહેવા માંડે તેવી સ્થિતિમાં પાણીની મહત્તા ન સમજાય. પૃથ્વીમાં મોટોભાગ પાણીનો છે છતાં જાણીતા વિશ્વ વિખ્યાત આગાહીકર્તા નોસ્ટ્રાડ્રમે આગાહી કરેલી કે હવે પછીનું યુદ્ધનું કારણ પાણી હશે. રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે, રાજ્ય રાજ્ય વચ્ચે, જિલ્લા જિલ્લા વચ્ચે, ગામ ગામ વચ્ચે, ઘર ઘર વચ્ચે અને આડોશપાડોશ સાથે વિવાદ થશે.

આપણી ભૂમિ સેન્ડ સ્ટોન બેઝડ છે. જેથી તેમાં સામાન્ય રીતે વરસાદનું પાણી અંદર ઊતરતું હોય છે. જેને લઈને પાતાળમાં પાણી સંગ્રહ થતું હોય છે. તેથી આપણી ધરતીમાં બોર કરવાથી ૧૦૦ ફૂટ ઉપર પાણી આજથી ૨૫ વર્ષ પહેલાં હતાં. હાલમાં આપણા મોટાભાગના વિસ્તારમાં પાણી ૪૦૦-૫૦૦ ફૂટ ઉપરથી પાણી ઉપલબ્ધ છે અને એટલે જ આટલા ઓછા વરસાદમાં પણ કચ્છને ખેતી અને પીવાના પાણી મળી રહે છે. જે આપણા પૂર્વજોએ સંગ્રહ કરેલું હતું. છેલ્લા ૨૫ થી ૩૦ વર્ષમાં સબમર્સીબલ મોટરની શોધ થઈ ત્યારથી તેની ઉપયોગીતા સહજ બનતા ખેતીના વિકાસ માટે પાણીનો વપરાશ વધ્યો અને દર વર્ષે ૧૦ ફૂટ એવરેજથી પાણીનું સ્તર નીચું જતું ગયું અને એ જ રીતે ચાલશે તો આવનારા ૨૫ વર્ષમાં ઘણા બધા વિસ્તારમાં પાતાળના પાણી ખતમ થઈ જશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

આમ ખેતીએ આપણને જેટલું આપ્યું તેના કરતાં રાસાયણિક પદ્ધતિના કારણે ઘણું ગુમાવ્યું છે પરંતુ આ પદ્ધતિ સજીવ ખેતી થકી છાણિયા ખાતર કચરાના કમ્પોસ્ટવાળું ખાતર હોત તો આજે આ સ્થિતિ ન થાત. એટલે જ જાગ્યા ત્યારથી સવાર.

હવે કચ્છની ખેતીમાં નવો અધ્યાય શરૂ થવા જાય છે ત્યારે પાણી માટે માઈક્રો મેનેજમેન્ટ કરે અને ચિંતા કરે તે જરૂરી છે. નહીંતર આશીર્વાદરૂપ કચ્છમાં નર્મદામાનું અવતરણ એ અભિશાપરૂપ બની જશે. આ માટે આપણે કચ્છની ખેતી પદ્ધતિ વધુ ને વધુ સેન્દ્રીય ખાતર આધારિત બને, ગાયના ગોબર, મૂત્રનો વૈજ્ઞાનિક ઢબે વધુ ને વધુ ઉપયોગ થાય, પાણીના અને રસાયણોના વપરાશમાં આધુનિક ટેકનોલોજીનો ડ્રીપ, સ્પ્રીંકલર, નેટ હાઉસ, મલ્ચિંગ, ગ્રીન હાઉસ જેવા સંસાધનનો ઉપયોગ થાય તે પણ હવે જરૂરી બન્યું છે. કચ્છની જમીન એ બાગાયતી પાકો માટે વધુ અસરકારક સાબિત થાય તેમ છે. તેવી જ રીતે આપણી ખેતીમાં એગ્રો ફોરેસ્ટ્રીનો વિકાસ થાય તો વધુ સાનુકુળ કહેવાય. પાણીનો વપરાશ પણ ઘટે. તેમ છતાં આપણે ખેતીમાં પાણી બચાવી શકાય તે માટેના કેટલાક ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ અપનાવવા એ સમગ્રતાના હિતમાં જરૂરી છે.

પાણી સંગ્રહ માટે એક ઝુંબેશના સ્વરૂપે દરેક વ્યક્તિ વિચારે, સમાજ વિચારે, ધર્મ સંસ્થાઓ વિચારે અને સરકાર પણ વિચારતી થાય. આ ત્રણેય શક્તિ મળી બધું જ શક્ય બનાવી શકાય છે. પ્રથમ જરૂરિયાત છે બધાનું એક દિશામાં ચાલવું. જે આપણે આવનારા સમયની ગંભીર સમસ્યા છે તેના પર સંયુક્ત પ્રયાસ માટે યોજના બનાવી સૌ સાથે મળીને કાર્ય કરીએ તો સમસ્યા એ સમસ્યા ન રહેતાં શક્તિ બની જાય. પાણી માટે નીચે મુજબના પાયાના પ્રયાસોની જરૂર છે. તેમ અન્ય લોકો પણ આ વિચારને આગળ લઈ જઈ શકે છે. તે માટે પહેલાં એક થવું, યોજના બનાવવી અને પછી કાર્યરત થવું પડશે.

જો આપણે ચોક્કસ દિશા હશે તો સફળતા વહેલી કે મોડી ચોક્કસ મળશે. આ માટે (૧) પાણીના ઘર વપરાશના ઉપયોગમાં આપણે ધ્યાન દેવું પડશે. હાલમાં સ્વચ્છતા પર જે મિશન ચાલ્યું છે તેની સફળથાનો આધાર પણ પાણીનો કાર્યક્ષમ ઉપયોગ છે. ગંદકી એટલે વસ્તુઓનો બગાડ – જે પાણી હોય, અનાજ હોય, ફળ હોય કે કપડાં હોય વગેરે. ગંદકી હંમેશાં વસ્તુઓના વેડફાટથી થાય છે. તેમ બે વસ્તુઓના મિશ્રણથી કચરો થાય છે. ગંદકી થાય છે અને આમાં પણ પાણીનો દુરુપયોગ સૌથી વધુ મહત્ત્વનું કારણ છે. ઉપયોગમાં યોગ છે માટે પાણી બચાવવું પાણીનો યોગ્ય ઉપયોગ મહત્ત્વની બાબત છે. આજે દરેક ઘરમાં પાણી નળ વાટે આવે છે એટલે પાણીની ગંભીરતા નથી સમજાતી. એક દિવસ ૧૦૦ લિટર પાણી દૂરથી લાવતા હતા હવે તો રોજ ૩૦૦ થી ૪૦૦ લિટરનો વપરાશ થઈ રહ્યો છે. આમ સાધનોના આવિષ્કાર માણસ માટે

આશીર્વાદરૂપ બનવાને બદલે શ્રાપરૂપ સાબિત થઈ રહ્યો છે.

**(૨)** આર્થિક રીતે ખેતીમાં પહેલાં વરસાદ આધારિત ખેતી હતી. જેથી વરસાદનું પાણી ખેતરમાંથી બહાર ન જાય તે માટે ખેડૂત ખેતરને ખેડીને રાખતા હતા. શેઢા પર ઝાડ ઉગાડતા. બાઉન્ડરીમાં બંધપાળા કરતા હતા, તે જ રીતે પિયત ખેતીમાં કૂવામાંથી પાણી સીંચતા હતા. ઓછાં પાણીથી વધુ ખેતી થાય તે માટે ખેતરમાં કમ્પોસ્ટ ઉકરડાનું ખાત નાખતા હતા. જે પાણી ભેજ પકડે અને પાણીની જરૂરિયાત પાકની પૂરી થાય, દેશી બીજ વાવતા, પાણીની જરૂરિયાત ઓછી હોય તેવા ઝાડ શેઢા પર વાવતા જેના લીધે પવનથી પાણી ઊડી ન જાય અને ગરમ હવા ન લાગે. પાક વાવ્યા પછી આંતરખંડ કરતા જેથી પાણીની ઓછી જરૂર પડે. વાવેતર ચોમાસુ અને શિયાળુ કરતા જેથી પાણીની ખપત ઓછી થાય એવા પાણીવાળા પાક પસંદ કરતા વગેરે દૃષ્ટિકોણ પાણીના બચાવ માટે ખેતીમાં રાખવામાં આવતો. આજે ટ્યૂબવેલ આવી ગયા, સ્વીચ ચાલુ કરો એટલે મોટર પાણીની નદી વહાવી નાખે. સરકારે લાઈટ બિલ સસ્તું કર્યું પછી પાણી બચાવવાનો વિચાર જ કેમ આવે? વધુ ઉત્પાદનની લાલચમાં વધુ પાણી આપવામાં વધારો કર્યો. અગાઉ ખેતરમાં મીઠું પાણી નીચે ધરતીમાં જતું. હવે ધરતીમાંથી મીઠું પાણી નીકળે અને યુરિયા, જંતુનાશકોવાળું પાણી અંદર જાય. જેથી બેવડું નુકસાન થયું. અનેક જગ્યાએ પાણી શોધવા ખૂબ ઊંડા જતા દરિયાના ખારા પાણી પાતાળના ઉપરના સ્તરમાં આવી ગયા. તેથી તે મીઠા પાણીના વહેણમાં ભળતાં ખારાશ આવી ગઈ. આમ કિસાને સારું કરવા માટે ઘણું નુકસાન કર્યું છે. તે જ રીતે પાક પસંદગી પણ ઘણી જગ્યાએ ખોટી છે. ઓછા પાણી હોય ત્યાં શેરડી, શાકભાજી, મકાઈના પાક ન લેવા જોઈએ પરંતુ તેવું જોવા મળતું નથી. ઉલટાનો અતિરેક થાય છે.

આમ પાણીની સ્થિતિને ધ્યાનમાં રાખતાં આપણે રાસાયણિક ખાતરનો વપરાશ બંધ કરી આપણા પૂર્વજોના રસ્તે કમ્પોસ્ટ ખાતરનો ઉપયોગ કરી પાણી બચાવવાની પદ્ધતિઓનો ઉપયોગ કરવા માટે પ્રતિબદ્ધ બનવાની જરૂર છે. વિશેષમાં આવી ખેતીમાં વોટરશેડનું કામ કરે છે. ૧ ફૂટ - ૧ ફૂટ બાય ૧ ફૂટ બરાબર ૧ ઘનફૂટમાં ૨૮ હજાર લિટર પાણી સમાય. દા.ત. એકરમાં ૪૩૬૬૦ સ્કવેર ફૂટમાં ૧૨ ઈંચ વરસાદ પડે તો કુલ ૧૨ લાખ લિટર પાણી જમીનમાં જાય. તે જ રીતે ખેતીમાં વપરાતાં પાણીમાં કેમિકલ તત્ત્વો ન ભળે, દવા ન ભળે તો તે પાણી છોડને લેવાનું લઈ લે અને વધારાનું પાણી પાછું જમીનમાં જાય. આમ વર્ષમાં જેટલું પાણી વાપરીએ તેટલું પાછું અંદર ઊતરે તો પાણીના તળ નીચે ન જાય. આજે પણ જ્યાં કૂવા છે, સજીવ ખેતી છે ત્યાં પાણીના તળ નીચા જતા નથી અને બગડતા પણ નથી. અમારા કુકમાના ચિંતન ફાર્મમાં ૨૦૦૪ માં પાણી ૨૦૦૦ ટીડીએસ હતું અત્યારે ૧૬૦૦ ટીડીએસ છે. છેલ્લા ચાર વર્ષમાં પાણીનું સ્તર નીચે ગયું નથી. પાણીનો વપરાશ પણ ઘટ્યો છે.

આ જ રીતે ઘરના પાણીમાં પણ એકબાજું તેનો ઉપયોગ નિયંત્રિત કરીએ અને વરસાદનું પાણી ભેગું કરીને વાપરીએ અને આંગણાનું પાણી જો બોરની વ્યવસ્થા હોય તો તેમાં ઉતારીએ તો પાણીની સમસ્યા ઓછી થઈ જશે.

સજીવ ખેતીનું ખેતર એક ડેમ જેટલું પાણી પકડે છે. અને ધીમે ધીમે પાતાળમાં જાય છે અથવા નદીમાં સીધે જ જાય છે. આ જ રીતે બધી જમીનમાં વરસાદી પાણી જમીનમાં ઉતારી દેવાય તો તે પાણી ધીમેધીમે રીઝીને નદીમાં વહેવા માટે તળાવમાં જાય નદી અને તળાવની માટીમાં કેમિકલ ન હોવાથી તેમાં જીવ જીવાતો જીવે છે. દા.ત. કાચબો, દેડકા, બેક્ટેરિયા, માછલી વગેરે તો તે આખું વર્ષ સારું રહે છે. તેનો ઉપયોગ થાય છે. કેમિકલનો વપરાશ નાનકડી ભુલ છે પરંતુ તેના દુષ્પરિણામ અનેક જગ્યાએ જોવા મળે છે. આપણે વિશ્વ જળદિવસે પાણી શુદ્ધિ રાખશું, બચાવશું તેવો સંકલ્પ લઈએ. ■

## ભૂજળ સંપત્તિ શોધન : એક લોકકળા

ધરતીના પેટાળમાં સંચય થયેલાં વરસાદી જળને શોધવાની કળા પ્રાચીન સમયથી ભારતીય સંસ્કૃતિમાં સચવાયેલી જોવા મળે છે. આવી કળાના જાણકાર લોકો બહુ જ જૂજ સંખ્યામાં જોવા મળે છે. આવી વ્યક્તિને લોકો 'પાણીકળા' ના નામથી ઓળખે છે. ધરતીના પેટાળમાં પાણી કળવું એટલે કે જાણવું, શોધવું, એ પરથી જ પાણીકળા નામ પડેલું છે. શોધન માટે વપરાતા માધ્યમ તરીકે અલગ અલગ સાધનો વપરાતા જોવા મળે છે. ચીપિયા આકારના દંડ (ઝાડની ડાળખી) જેને 'શુકનદંડ' કહેવાય છે કેટલાક નાળિયેર, પંચધાતુના બે સળિયા, ડાઉઝિંગ વગેરે પદ્ધતિથી પાણી જુએ છે.

પાણી નિરીક્ષકની અવચેતન શક્તિ કામ કરતી હોય છે. મુખ્યત્વે માટી, વનસ્પતિના રંગમાં સામાન્ય વ્યક્તિને જણાય તેની ભિન્નતા, ઝાડ-પાનના પ્રકારો, માટીની સપાટીમાં ભેજ, ત્યાંના વાતાવરણનું ઉષ્ણતામાન વગેરે મુદ્દાઓ પર ઊંડાણપૂર્વકનું અધ્યયન પણ કામ કરતું હોય છે. આ બધાના આધારે પાણી વિશેની આગાહી કરતા હોય છે. આજના વિજ્ઞાને પાણી જોવાના ચુંબકીય શક્તિવાળા પાણી જોવાનાં સાધનો વિકસાવ્યાં છે. ■

# કચ્છ જિલ્લાના સંદર્ભમાં ઉદ્યોગો અને સામાજિક દાયિત્વ

• કીર્તિ ખત્રી •

આપણે જોયું છે કે છેલ્લા દસેક વર્ષમાં માત્ર કચ્છ કે ગુજરાત નહીં સમગ્ર ભારતમાં ઔદ્યોગિક મૂડી રોકાણને આકર્ષવા માટે જુદા જુદા રાજ્યો દ્વારા અપાતી કરવેરા સહિતની છૂટછાટો સાથે ઉદ્યોગોના સામાજિક દાયિત્વને પણ જોડી દેવાયું છે. આમ જોઈએ તો ભારત માટે સામાજિક દાયિત્વનો ખ્યાલ નવો નથી, એની તો સદીઓની પરંપરા છે. શિક્ષણ, આરોગ્ય અને જીવદયા ક્ષેત્રે કચ્છની મહાજન સંસ્કૃતિની દેન સમા સેંકડો પુરાવા ગામેગામ આજેય જોઈ શકાય છે. આપત્તિના સમયમાં મુંબઈ, મદ્રાસ, હૈદ્રાબાદ, આફ્રિકા કે લંડનથી કચ્છી દાતાઓએ દાનનો પ્રવાહ વહેવડાવવામાં ક્યારેય પાછા વળીને જોયું નથી. આ એક અનોખું સામાજિક દાયિત્વ છે. કચ્છની ધરતી પર ન કમાતા હોવા છતાં પોતાના વતનને મુશ્કેલીના કપરા કાળ વખતે મદદરૂપ થવાની ભાવના સાથે દાન કરાય છે. એમાં ભારોભાર વતનપ્રેમ છલકાય છે. આ સામાજિક દાયિત્વ વ્યક્તિગત છે અને સ્વૈચ્છિક પણ છે. પણ, આજે આપણે જેની વાત માંડી છે તે ઉદ્યોગગૃહોના ફરજિયાત સામાજિક દાયિત્વની છે. **સરકાર પાસેથી અનેક છૂટછાટો મેળવ્યા પછીયે સામાજિક દાયિત્વ નિભાવવામાં સંખ્યાબંધ ઉદ્યોગગૃહો ઠાગાઠૈયા કરતા હોવાથી કાયદાની જોગવાઈ હેઠળ તેને લગતા કડક નિયમ ઘડવાની સરકારને ફરજ પડી છે. આ અનુસાર ૧લી એપ્રિલ, ૨૦૧૪ થી કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલીટી (સી.એસ.આર.) પોલિસી હેઠળ આવતા ઉદ્યોગગૃહોને તેમના ચોખ્ખા નફાનો બે ટકા હિસ્સો સામાજિક કલ્યાણ માટે ખર્ચ કરવો અનિવાર્ય છે.** નિષ્ણાતોના મતે બે ટકા હિસ્સો ધૂમ કમાણીની તુલનાએ ઘણો ઓછો કહેવાય. ખરેખર તો ટર્નઓવર કે ગ્રોસ પ્રોફિટનો માપદંડ હોવો જોઈતો હતો.

એ મુદ્દો અલગ છે, પણ મૂળ વાત કચ્છના ઉદ્યોગોએ નિભાવવાની સામાજિક જવાબદારીનો છે. અગાઉ લખ્યું છે તેમ અત્યાર સુધી અપવાદરૂપ ઉદ્યોગોએ પ્રેક્ષણીય કામગીરી કરી છે. બાકી, છૂટીછવાઈ દેખાવ પૂરતી થઈ છે. પણ હવે બે ટકા ફરજિયાત છે ત્યારે કચ્છના ઉદ્યોગોના છત્ર સંગઠન ફોકિયાએ એક નવી પહેલ કરી છે તે વધાવી લેવા જેવી છે.

ભૂકંપ પછીની ઔદ્યોગિક ક્રાંતિને પગલે રચાયેલા ફોકિયાનું નામ માત્ર કચ્છ નહીં ગાંધીનગર અને દિલ્હી સુધી જાણીતું છે. કચ્છના ઉદ્યોગોને પજવતા પ્રશ્નોના ઉકેલ માટે રાષ્ટ્રીયકક્ષાએ અસરકારક રજૂઆત આ મહામંડળે કરી છે અને સફળતાયે મેળવી છે. કચ્છની ઉદ્યોગ વિષયક તમામ પ્રવૃત્તિઓ ફોકિયા સતત કરતું રહે છે જેમાં રોજગારીની તકો યુવાનોને મળે એ માટેના શિબિર, વર્કશોપ, કૌશલ્ય વિકાસ માટેના સેમિનાર, બિઝનેસ ઍવોર્ડ્ઝ, સરકારની ભાગીદારી સાથેના કાર્યક્રમ ઉપરાંત સાહિત્યિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં સહયોગનો સમાવેશ થાય છે. ફોકિયાના કચ્છી એમ.ડી. નિમિષ ફડકે અને અન્ય મોવડીઓએ સી.એસ.આર. પ્રવૃત્તિઓને એક છત્ર નીચે આણીને પરિણામલક્ષી બનાવવાના ઉદ્દેશ અને સમજણ સાથે ભુજમાં ૨જી માર્ચે એક અનોખા કોન્કલેવનું આયોજન કર્યું હતું. કચ્છમાં સામાજિક સેવા કરતી ખાનગી કંપનીઓના પ્રતિનિધિ, પાણી વ્યવસ્થાપનથી માંડીને કૃષિ સંશોધન સુધીની પ્રવૃત્તિઓ કરતી બિનસરકારી સંસ્થાઓ (એનજીઓ), કચ્છ કલેક્ટર, કચ્છ યુનિવર્સિટી અને ખાસ તો ગુજરાત સી.એસ.આર. ઓથોરિટીને કહોને કે સામાજિક દાયિત્વ સાથે સંકળાયેલા તમામ પક્ષો – સ્ટેક હોલ્ડર્સને એક જ મંચ પર ભેગા કરીને આખો દિવસ મંથન કર્યું. ગુજરાતભરમાં આ પ્રકારનું આયોજન પહેલીવાર થયું હોવાથી આ એક ઐતિહાસિક ઘટના હતી.

આ પાંચ સત્રીય કાર્યક્રમમાં કચ્છમાં અત્યાર સુધી થયેલી સામાજિક દાયિત્વની પ્રવૃત્તિઓનો ચિતાર આપવામાં આવ્યો હતો. વીતેલા વર્ષમાં એટલે કે ૨૦૧૬ માં ઉદ્યોગોએ કચ્છમાં ૩૫૦ કરોડના સામાજિક કાર્યો કર્યા હતા તેની વિગતે વાત થઈ હતી. જોકે આટલી મોટી રકમ ખર્ચાઈ હોવા છતાં તેનો ઉપયોગ કરીને થયેલા કામ નજરે કેમ ચડતા નથી તેવો સૂર પણ વ્યક્ત થયો હતો. **પણ વિશેષ ધ્યાન ખેંચે એવી બાબત સમારંભના અંતે સરકાર, ફોકિયા અને જુદા જુદા ઉદ્યોગગૃહો વચ્ચે આવનારા સમયમાં હાથ ધરાનારી પ્રવૃત્તિઓ અંગે થયેલા એમ.ઓ.યુ. ની હતી.** અવારનવાર અછત કે અર્ધઅછતનો કચ્છ સામનો કરે છે ત્યારે ઘાસ અને પાણીની બૂમ ઊઠે છે એ જગજાહેર છે. બંને સમસ્યાઓનો સીધો, સરળ અને હાથવગો ઉપાય સૂચવીને તેને અમલમાં મૂકવા માટે કરાર થયા. એ જ રીતે ભૂગર્ભ જળ વ્યવસ્થાપનનો પણ એમ.ઓ.યુ. થયો. ઉપરાંત અન્ય બે એમ.ઓ.યુ. થયા તેમાં એક સુરક્ષિત ડ્રાઈવિંગ ટ્રેઈનિંગ ઇન્સ્ટિટ્યૂટની સ્થાપનાને લગતો હતો. મુંદ્રા અને કંડલા પોર્ટ પર

ખાસ કરીને કન્ટેનર ફ્રેઈટ સ્ટેશન પર હજ્જારો ડ્રાઈવરોની જરૂરત પડે છે ત્યારે આ પગલું કચ્છના બેરોજગાર યુવાનો માટે ઉપયોગી થઈ શકે તેવું છે. ચોથો એમ.ઓ.યુ. દીનદયાળ ઉપાધ્યાય રોજગારીવર્ધક કાર્યક્રમને લગતો હતો. ગુજરાત સરકાર, સી.એસ.આર. ઓથોરિટી અને ફોકિયા સાથે કરાર કરનારી કંપનીઓમાં એગ્રોસેલ, આરતી ઈન્ડસ્ટ્રીઝ અને અદાણી ફાઉન્ડેશન, સી.જી.પી.એસ. ઉપરાંત વેસ્ટર્ન ઈન્ડિયા ઓટોમોબાઈલ એસોસિએશનનો સમાવેશ થાય છે.

શ્રુજન પ્રેરિત એલ.એલ.ડી.સી. એટલે કે લિવિંગ એન્ડ લર્નિંગ ડિઝાઈન સેન્ટર (અજરખપુર), અદાણી મેડિકલ કૉલેજ, જી.કે. જનરલ હોસ્પિટલ અને ભુજોડી નજીક હીરાલક્ષ્મી પાર્ક પર સંસદભવનની પ્રતિકૃતિ સહિતના વંદેમાતરમ પ્રોજેક્ટને કચ્છમાં સામાજિક દાયિત્વના સીમાચિહ્ન સમાન ગણાવાયા હતા. **આ પ્રોજેક્ટો પાછળ અનુક્રમે શ્રોફ પરિવારના ઉદ્યોગોએ ૪૦ કરોડ, આશાપુરા ઉદ્યોગ જૂથે ૬૦ કરોડ અને અદાણી જૂથે આજ સુધી ૧૦૦ કરોડ રૂા. ખર્ચ્યા હોવાની માહિતીયે અપાઈ હતી.** એ જ રીતે સ્વચ્છ ભારત અભિયાન, બ્લ્યુ રિવોલ્યુશન, તળાવ સજીવન ઝુંબેશ અને ભૂગર્ભ જળ વ્યવસ્થાપનનના પ્રોજેક્ટો આગળ ધપી રહ્યા છે તેનીયે વિગતો અપાઈ હતી.

દેશમાં સૌથી વધુ નમક ઉત્પાદન કરતા કચ્છમાં અગરિયાઓની અને પોષક આહારથી પીડાતા બાળકોની સ્થિતિ વિશે એન.જી.ઓ. દ્વારા કરાયેલી રજૂઆત હૃદયદ્રાવક હતી. આંખમાં પાણી આવી જાય એવી સ્થિતિ હોવા છતાં તેમને મદદ કરવા કોઈ ઉદ્યોગોએ એમ.ઓ.યુ. ન કર્યા એ જરા ખટક્યું. એવું જ કચ્છના ઉદ્યોગીકરણને પગલે આવેલા પરપ્રાંતીય કામદારોની દયનીય હાલતનું છે. પણ તેમની સમસ્યાનો ઉલ્લેખ ગુજરાત સી.આર.સી. ઓથોરિટીના ચેરમેન માહેશ્વર શાહુએ પોતાના પ્રવચનમાં કર્યો. એટલું જ નહીં આવા કામદારો માટે હોસ્ટેલની વ્યવસ્થા રાજ્ય સરકાર કરી શકે છે એનો અંગૂલિનિર્દેશ પણ તેમણે કર્યો. યોગાનુયોગ તો જુઓ કે '૮૦ ના દાયકામાં કચ્છમાં ઉપરાઉપરી ત્રણ દુકાળ પડ્યા તેની ચરમસીમાના સમય વખતે શ્રી શાહુ હસ્તકલાના માધ્યમથી રાહતકામ આપવામાં નિમિત્ત બન્યા હતા. તો રણોત્સવનો ભૂકંપ પૂર્વ આરંભ તેમના હાથે થયો હતો. ભૂકંપ પછી ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના સી.ઈ.ઓ. પણ તેઓ જ હતા અને ઔદ્યોગિક ક્રાંતિ વખતે ઉદ્યોગ સચિવ હતા તો હવે સી.એસ.આર. પ્રવૃત્તિમાંયે માર્ગદર્શક બન્યા છે. આ કોન્કલેવમાં સંયુક્ત રાષ્ટ્ર ચિલ્ડ્રન ફંડ (યુનિસેફ) ગુજરાતના ચીફ ફિલ્ડ ઓફિસર ડૉ. લક્ષ્મી ભવાનીએ ખાસ હાજરી આપીને ઉપયોગી સૂચનો કર્યા હતા.

સરવાળે જોઈએ તો ફોકિયાએ તમામ સ્ટેક હોલ્ડર્સને એકમંચ પર ભેગા કરીને ઉદ્યોગોનું સામાજિક દાયિત્વ નિભાવવાની દિશામાં એક અનેરી પહેલ કરી છે. કચ્છ નવનિર્માણ અભિયાનના અધ્યક્ષ લાલ રાંભિયાએ આ ઘટનાને ટર્નિંગ પોઈન્ટ સમાન ગણી છે. તો અદાણી સાથે સંકળાયેલા મુકેશ સક્સેનાએ સમાન હેતુ માટે એક સંયુક્ત ભંડોળ ઊભું કરવાનું સૂચન કર્યું છે તે વિચારવા જેવું છે. કચ્છના નાના-મોટા ઉદ્યોગો જો ખરેખર સાથે મળીને એક સંયુક્ત મોટું ભંડોળ ભેગું કરીને કચ્છની ઘાસ-પાણી જેવી કાયમી સમસ્યા ઉકેલવા કે પરપ્રાંતીય કામદારો, અગરિયાઓ જ નહીં જી.કે. જનરલ જેવી હોસ્પિટલોમાં સારવાર માટે આવતા ગરીબ દર્દીઓને રાહતરૂપ પ્રવૃત્તિમાં વાપરી શકે. આવું થશે તો ફોકિયાની પહેલ સો ટકા પરિણામલક્ષી બની જશે. ■

## જવાહરલાલ નહેરુની 'મન કી બાત'

અત્યારે દર મહિને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી રેડિયો પર 'મન કી બાત' કહે છે. તેવી જ એક વાત ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુની છે. શ્રી નહેરુ વડાપ્રધાન હતા ત્યારે પ્રજાસત્તાક દિને રેડિયો પરથી પ્રજાજોગ પ્રવચન આપતા. તે સમયે ટેલિવિઝન હતું નહીં. તેથી ભાષણ આપવા તેઓ રેડિયો સ્ટેશનના દિલ્હી સ્ટુડિયોમાં ગયા. સ્ટુડિયોના બંધ રૂમમાં શ્રી નહેરુ ખુરશી પર બેઠા. સામે માઈક હતું. બાજુના બે નંબરના રૂમમાં બ્રોડકાસ્ટિંગનું કામ સંભાળતા ટેકનિકલ કર્મચારી બેઠા હતા. બંને વચ્ચે કાચની બારી હતી. યુવાન ટેકનિશિયન ઈશારો કરે કે તુરત જ નહેરુએ ભાષણ શરૂ કરવાનું હતું. ભાષણ શરૂ થવાને એકાદ-બે સેકંડ જ બાકી હતી છતાં પેલા યુવાને ઈશારો કર્યો નહીં. તેથી નહેરુએ ઈશારાથી તેને પૂછ્યું : 'શું થયું?' ત્યારબાદ ટેકનિશિયન યુવાને પોતાના રૂમમાંથી બાજુના નહેરુજીના રૂમમાં આવીને કહ્યું : 'આપે પ્રવચનના કાગળો સામે ટેબલ પર મૂક્યા નથી તેથી મેં માઈક્રોફોન ચાલુ કર્યું નથી.' શ્રી નહેરુ ખડખડાટ હસી પડ્યા અને કહ્યું, 'અરે મેરે ભૈયા, દર વખતે હું પ્રજા સાથે સીધી દિલથી વાત કરું છું. હું ગોખેલું બોલી જતો નથી.' પેલો યુવાન નોકરીમાં નવો નવો રહ્યો હતો તેથી તે પરંપરાથી અજાણ હતો. 'ક્ષમા કરના' કહીને જલ્દી તે યુવાન દોડીને પોતાની જગ્યાએ પહોંચી ગયો અને માઈક ચાલુ કર્યું.

પ્રજાના સાચા પ્રતિનિધિ નહેરુજી આજે યાદ આવે છે.

# કચ્છની પ્રથમ ઉચ્ચ શિક્ષણ સંસ્થા : લાલન કોલેજ

• સંજય પી. ઠાકર •

ગુજરાત રાજ્યની જૂની પૈકીની એક અને કચ્છની સર્વપ્રથમ ઉચ્ચ શિક્ષણ સંસ્થા આર.આર. લાલન કૉલેજ - ભુજ ગૌરવપ્રદ ઈતિહાસ ધરાવે છે. સાડા છ દાયકા જૂની આ કૉલેજ પોતાનો ભાતીગળ વારસો ધરાવે છે અને કંઈકેટલીયે પેઢીઓનું ઘડતર કરવામાં માનભર્યું સ્થાન ધરાવે છે. લાલન કૉલેજ કચ્છના શિક્ષણ જગતનું મહત્ત્વનું સોપાન છે.

૧૯૪૮ થી પહેલાં પણ કચ્છના સપૂત શેઠ ડોસાભાઈ લાલચંદે ભુજના આંગણે કૉલેજ ખોલવા અથાગ પરિશ્રમ-પ્રયત્ન કરેલો. તેમણે એ કાર્ય પાર પાડવાનું બીડું ઝડપ્યું અને તેને સાકાર કરવા કચ્છમાં વસતા તેમજ મુંબઈમાં વસતા કચ્છીઓનો અમૂલ્ય સાથ તેમણે મેળવેલો. આ સ્વપ્ન તેમણે સરદાર પટેલ સમક્ષ મૂક્યું. તેમને પ્રોત્સાહિત કરતાં સરદારે કહ્યું કે, જો રૂપિયા પાંચ લાખ કચ્છી પ્રજા એકત્રિત કરી આપે તો કચ્છમાં કૉલેજ ખોલવાની જવાબદારી હિંદ સરકાર લે, અને સરદારની આટલી જ પ્રેરણા મળતાં ડોસાભાઈ અને ભવાનજી અરજણ ખીમજી કચ્છના શ્રીમંત સપૂતો પાસે ફરી વળ્યા. એમાં મુંબઈ વસતા મૂળ કોડાય (માંડવી) ના શ્રેષ્ઠી દાનવીર રામજી રવજી લાલનનો અપૂર્વ સાથ મળી ગયો. તેમણે રૂા. બે લાખની ઉધાર સખાવત કૉલેજને માટે જાહેર કરી, આથી આ લોકોનો ઉત્સાહ અધિક વધી ગયો અને ડોસાભાઈ તેમજ અન્ય કચ્છી અગ્રણીઓએ બાકીની ખૂટતી રકમ ભેગી કરવા તનતોડ જહેમત ઉઠાવી. કચ્છના કેળવણી ભૂખ્યા લોકોએ એમની ટહેલ પૂરી કરી. જોતજોતામાં રૂા. પાંચ લાખની ઝોળી છલકાઈ ગઈ. સરદાર પટેલનો સંપર્ક કરાયો અને હિંદ સરકારે ભુજમાં કૉલેજ શરૂ કરવાની મંજૂરી આપી દીધી. **અહીં યાદ રહે કે ૧૯૫૧ માં કચ્છની કુલ વસતિ ૫,૬૭,૬૦૬ હતી અને સાક્ષરતાનું પ્રમાણ માત્ર ૧૬.૧૨ ટકા હતું. એમાંય સ્ત્રી સાક્ષરતા દર ૯.૬૧ ટકા હતો!**

**કચ્છની પ્રથમ રામજી રવજી લાલન કોલેજ ભુજમાં ૨૦ જૂન, ૧૯૫૩ ના રોજ શહેરમાં આવેલા પ્રાગમહેલ (દરબારગઢ) માં ચીફ કમિશનર એસ.કે. ઘાટગેના શુભ હસ્તે શરૂ થઈ.** મહારાઓશ્રી મદનસિંહજીએ વાર્ષિક એક રૂપિયાના પ્રતીક ભાડાથી કૉલેજનું નવું મકાન ન થાય ત્યાં સુધી પ્રાગમહેલનો નીચેનો કેટલોક ભાગ કૉલેજ વપરાશ માટે આપ્યો. **૧૯૫૪ માં ભુજમાં માંડવી રોડ પર રણજિત વિલા પેલેસ સામે હાલ લાલન કોલેજ છે ત્યાં તેના મકાનની પાયાવિધિ પ્રખર શિક્ષણવિદ, તત્ત્વચિંતક અને તત્કાલીન ઉપરાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણને વૈદિક મંત્રોચ્ચાર સાથે શુક્રવાર, ૧૫ જાન્યુઆરી, ૧૯૫૪ ના કરી.** કચ્છની ઉચ્ચ શિક્ષણની આ સંસ્થા, લાલન કૉલેજનો જન્મ પહેલી પંચવર્ષીય યોજના દરમિયાન થયો. પ્રથમ વર્ષ ૧૯૫૩-૫૪ માં ૧૪૬ વિદ્યાર્થીઓ અને ૧૫ વિદ્યાર્થિનીઓ મળી કુલ ૧૬૧ ની સંખ્યા થઈ હતી. ૧૯૫૫-૫૬ માં તેમાં ૧૯૦ વિદ્યાર્થીઓ અને ૨૬ વિદ્યાર્થીનીઓ સહિત ૨૧૬ જણ અભ્યાસ કરતા હતા. ૧૯૬૧ માં વિદ્યાર્થીઓની સંખ્યા ૩૫૬ સુધી પહોંચી હતી, જેમાં ૭૦ જેટલી વિદ્યાર્થીનીઓ હતી. તે પછી વિનયન અને વિજ્ઞાનના સ્નાતક અનુસ્નાતક સુધીના અભ્યાસક્રમની વ્યવસ્થા થઈ. કૉલેજના પ્રારંભે અહીં ભાષાઓ અને સમાજશાત્ર જેવા થોડા વિષયો હતા. ૧૯૬૦થી રસાયણશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્ર વિષય દાખલ કરાયા.૧૯૮૮ થી ભૂસ્તરશાસ્ત્ર વિષય શરૂ થયો. અત્યારે વિનયન અને વિજ્ઞાનશાખાઓના ૧૪ વિષયનો અભ્યાસ કરાવાય છે. કૉલેજની રજતજયંતી ૧૯૭૮-૭૯ માં ઊજવાઈ હતી. સુવર્ણ-જયંતી (ભૂકંપ પછીના વર્ષ ૨૦૦૩) માં ઊજવી શકાઇ નહીં. શરૂઆતથી જ કૉલેજને પોતાની હોસ્ટેલની સુવિધા મળી. શરૂઆતના દાયકામાં ૫૪ વિદ્યાર્થીઓ તેનો લાભ લેતા હતા. કૉલેજની સામે જ પ્રિન્સિપાલ અને અધ્યાપકો માટે સરકાર તરફથી બંગલાઓ પણ બાંધવામાં આવ્યા. સુંદર પટાંગણ અને વિશાળ મેદાન કૉલેજની સગવડ અને સુંદરતામાં ઉમેરો કરતી હતી. ૧૯૬૧-૬૨માં વિદ્યાર્થીઓ માટે કો-ઓપરેટિવ સ્ટોરનું અલગ મકાન તેમજ કેન્ટીનની સગવડનો ઉમેરો થયો હતો. તેના પ્રથમ પ્રિન્સિપાલ પ્રા. કે. વી. દેસાઇ હતા અને વિદ્યાર્થીઓના પ્રથમ જનરલ સેક્રેટરી કિશોરચંદ્ર રેવાશંકર બૂચ હતા. અહીં ઉલ્લેખનીય છે કે ૧૯૫૪ ના માર્ચ માસની શરૂઆતથી કચ્છને પહેલી જ વાર એસ.એસ.સી. પરીક્ષા માટેનું કેન્દ્ર મળ્યું હતું. કચ્છના માધ્ય. શિક્ષણના ઈતિહાસમાં આ એક મહત્ત્વનો બનાવ ગણી શકાય. તે વર્ષે પરીક્ષામાં બેસવા ૩૦૦ વિદ્યાર્થીઓ સજ્જ હતા.

જાન્યુ. ૧૯૫૪માં શિલારોપણ પછી મકાન બાંધવામાં થોડી ઢીલ થઈ. **તે પછી ૮મી નવેમ્બર, ૧૯૫૯ ના લાલન કોલેજની ઈમારતનું તે વખતનાં કોંગ્રેસ પ્રમુખ શ્રીમતી ઈન્દિરા ગાંધી દ્વારા ઉદ્‌ઘાટન કરાયું.** સમારંભમાં પ્રમુખપદે મુંબઈ રાજ્યના શિક્ષણમંત્રી હિતેન્દ્ર દેસાઈ હતા.

૧૯૫૩થી ૫૫ સુધી આ કૉલેજ ઈન્ટરમીડિયેટ (મેટ્રિક કે એસ.એસ.સી. પછી બે વર્ષ) હતી. ૧૯૫૫ માં બી.એ. તથા બી.એસસી. ના વર્ગો શરૂ થયા. બી.એ., બી.એસસી. પરીક્ષા કેન્દ્ર પણ મળ્યાં. આજે કચ્છમાં ૪૪ જેટલી કૉલેજો છે, તેના વટવૃક્ષનું બીજ આમ રોપાયેલું. આમ, માધ્યમિક તેમજ ઉચ્ચ શિક્ષણનો ખરો ઝડપી વિકાસ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ જ થયો ગણાય.

પહેલી અને બીજી પંચવર્ષીય યોજનામાંથી અહીં ગ્રંથાલય પણ વિકસાવાયું. જૂન ૧૯૫૯માં ગુજરાતી, સંસ્કૃત અને અંગ્રેજીના વિષયમાં અનુસ્નાતક વર્ગ શરૂ થયા હતા. જૂન ૧૯૬૦માં ઈતિહાસ અને અર્થશાસ્ત્રના અનુસ્નાતક વર્ગો ઉમેરવામાં આવ્યા. ૧૯૬૦માં અનુસ્નાતક વિદ્યાર્થીઓની સંખ્યા ૩૪ થઈ હતી. પાછળથી બંધ પડેલા વર્ગો ફરી સપ્ટે. ૧૯૮૬ થી શરૂ થયા હતા.

૨૬ જાન્યુ. ૨૦૦૧ના ભયાનક ભૂકંપને કારણે કૉલેજ ઈમારત ભારે ક્ષતિગ્રસ્ત થઈ હતી. ભૂકંપ પછી કૉલેજ કેમ્પસ રાહત પુનર્વસન વિસ્તાર તરીકે ઉપયોગમાં આવ્યું. થોડો સમય જનરલ હોસ્પિટલ પણ અહીં ચાલી. ૩જી જાન્યુ. ૨૦૦૪ના નવા સંકુલ માટે ખાતમુહૂર્ત થયું હતું. યુનિ. **ગ્રાન્ટ કમિશનના ખાસ અનુદાનથી પુનઃનિર્મિત લાલન કોલેજના અદ્યતન વિશાળ સંકુલનું લોકાર્પણ ગુજરાતના તત્કાલીન શિક્ષણમંત્રી આનંદીબેન પટેલના હસ્તે ૧૮મી નવેમ્બર, ૨૦૦૫ના કરવામાં આવ્યું હતું.**

લાલન કૉલેજ અને કચ્છની બીજી કૉલેજો ગુજરાત યુનિવર્સિટી (અમદાવાદ) સાથે જોડાણ ધરાવતી હતી પણ કચ્છ યુનિ. ની સ્થાપના પછી જૂન ૨૦૦૪થી તેની સાથે સંલગ્ન બની છે. ૨૦૧૬થી 'સ્પીપા' નું કેન્દ્ર અહીં શરૂ થયું છે. કૉલેજ તાજેતરમાં સફળતાપૂર્વક 'નેક' દ્વારા બી ડબલ પ્લસ ગ્રેડ મેળવ્યો છે. ૧૬ એકર જેટલા વિશાળ પટમાં ફેલાયેલું કૉલેજ પરિસર સઘળી પાયાની સવલતો ધરાવે છે. ૪૦ વ્યાખ્યાન ખંડ, વિવિધ પ્રયોગશાળાઓ, વિભાગીય અને સ્ટાફરૂમ, પ્રિન્સિપાલ ઓફિસ અને વહીવટી એકમ, પુસ્તકાલય અને વાંચનકક્ષ, ખેલકૂદ અને જિમ્નેશિયમ એકમ, ૪૦ ખંડ છાત્રગૃહ માટે, ૨૨ ખંડ છાત્રા હોસ્ટેલ માટે, ૨૫ સ્ટાફ ક્વાર્ટર્સ, એમ્ફી થિયેટર અને સોલાર પેનલથી આ સંકુલ સજ્જ છે. અત્યારે પ્રિન્સિપાલ તરીકે ડૉ. પરેશભાઈ એન. રાવલ કાર્યભાર સંભાળે છે. **૨૦૧૩ના ૬૭ મા સ્વાતંત્ર્યદિને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યકક્ષાનું ધ્વજવંદન લાલન કોલેજ ખાતે કર્યું હતું.** તે વખતે 'લાલન કૉલેજથી લાલ કિલ્લા સુધી' નું સૂત્ર ગાજતું થયું અને તે સાકાર પણ થયું હતું.

*(વિશેષ સહયોગ : ડૉ. મેહુલભાઈ બી. શાહ - ભુજ)*

***સૌજન્ય : કચ્છમિત્ર, તા. ૨૨-૨-૨૦૧૭***

*ભારતની વસતિ ૧૩૦ કરોડની છે કે જેની સામે ટેલિફોન ધારકોની સંખ્યા ૧૧૯ કરોડની છે. ગુજરાતમાં ૧૦૦ વ્યક્તિ દીઠ ટેલિફોનના ૧૧૨ કનેક્શન છે.*

## જોબ ક્રિએશન વિશે વધુ વિચારણા

**(અનુ. : પાના નં.-૨૧ ઉપરથી ચાલુ)**

– આવા પ્રકારના નાના મોટા આંદોલન ચોતરફ થતા જ રહે છે. અરે! ઉદ્યોગો કામ ન આપે તો કંઈ નહીં પણ કયા કામ કરી શકાય એ શીખવે તોય ઘણું... બાબુશાહીમાંથી બચાવી લે તોય ઘણું... અરે.. કારકિર્દી માર્ગદર્શન આપે તોય ઘણું...

એક રશિયન કહેવત છે : "**બેકારને આર્થિક મદદ ન કરો, એને એક પાવડો ખરીદી આપો.**" સમાજમાં બે પ્રકારના લોકો જોવા મળે છે : ફાવી ગયેલા અને રહી ગયેલા. આ ફાવી ગયેલો વર્ગ જો રહી ગયેલાની ચિંતા સેવે તો પણ સરકારના ઉદ્દેશ્યોને પૂર્ણ થવામાં મદદરૂપ બને. આવું થતું નથી.

અહીં આડ મુદ્દો એ પણ ચર્ચી લઉં કે આપણી શિક્ષણ પ્રણાલી નિષ્ફળ ગઈ છે એમ કહેવા કરતાં આપણી શાળા - કૉલેજો નિષ્ફળ ગઈ છે એમ કહેવું વધુ ઉચિત ગણાશે. આજે – દુપેર તક – શાળાએ ગયેલી વ્યક્તિ પણ શિક્ષણના મુદ્દે ૨-૪ પરાણા ઝીંકી દે છે. ખેર!

ઉચ્ચ અભ્યાસ મેળવેલા શિક્ષિત યુવાનોને કામ મળતું નથી કારણ કે માંગ કરતા પુરવઠો અનેકગણો વધી ગયો છે. પરંતુ ન કલ્પી શકાય એટલી વિશાળ તકો ખેતીના વ્યવસાયમાં પડેલી છે. ખેતી કરવટ બદલી રહી છે અને રોજગારી અપાવવાની જબરી તાકાત આ ક્ષેત્ર ધરાવે છે. આપણા માસ્ટર માઈન્ડો જો ધ્યાન આપશે તો વસ્તી વધારો કે વિશાળ માનવ શક્તિને આપણી તાકાત બનાવી શકીશું.

***૪, અમૃત કૃપા, પહેલે માળે,***
***જવાહર ચોક, મુંદ્રા, કચ્છ.***

***(<u>એક સૂચન</u> : ખેતીની જમીન માત્ર ખેડૂત જ ખરીદી શકે એ કાયદાને બદલે ખેતીની જમીન કોઈ પણ ખરીદી શકે તેવો કાયદો આવે તો ખેતી ક્ષેત્રે ગજબની ક્રાંતિ સર્જી શકાય. – તંત્રી મંડળ)***

અતીતમાં નજર

### અતીતની અટારીએથી-૨

# ઇલ્બર્ટ બીલ હિંદને જગાડે છે

• સર ફિરોઝશાહ મહેતા •

*'કચ્છ શ્રુતિ'માં મે-૨૦૧૭થી 'અતીતની અટારીએથી' કોલમ શરૂ કરવામાં આવેલ છે કે જે આજથી લગભગ ૧૦૦ કે તેનાથી વધુ વર્ષો અગાઉના હિંદના જાણીતા અગ્રણીઓની રાષ્ટ્ર ભાવનાના મંતવ્યો રજૂ કરે છે.*

*આ અંકમાં આપણે ૨૯ એપ્રિલ, ૧૮૮૩ના રોજ સર ફિરોઝશાહ મહેતાએ આપેલ વક્તવ્યના ભાવાનુવાદની માહિતી મેળવીશું.*

*– તંત્રી મંડળ*

## ઐતિહાસિક સંદર્ભ :

ગયા અંકમાં આપણે જોયું કે કેશવચંદ્ર સેનનું જીવન, કાર્ય અને મૃત્યુમાં રાષ્ટ્ર ભાવનાના પરોઢની ઝાંખી શરૂ થાય છે. કેશવચંદ્ર સેને ઇંગ્લેન્ડમાં આપેલા વક્તવ્યમાં આપણે એ પણ જોયું કે તેઓએ હિંદના શિક્ષિત લોકોને ઊંચી જવાબદારીવાળા પદાધિકારી બનાવવાનું જોરદાર સૂચન અંગ્રેજોને કર્યું હતું. આ અનુસંધાનમાં આ અંકની કડી જોડવામાં આવી છે. કઈ રીતે આ અંકની વિષયવસ્તુ રાષ્ટ્ર ચેતના ઢંઢોળવા માટે નિમિત્ત બની છે તે આપણે સમજશું.

૧૮૮૩માં હિંદના વાઇસરોય રીપનની કાઉન્સિલના કાયદાકીય બાબતો સાથે સંકળાયેલા સભ્ય સર કુર્તને ઇલ્બર્ટ ઇમ્પિરિયલ લેજિસ્લેટીવ કાઉન્સિલમાં એક કાયદાકીય ખરડો રજૂ કર્યો. એ સમયકાળમાં કોઇ હિંદી ન્યાયાધીશ કોઈપણ ગોરા ગુનેગાર પર મુકદ્દમો ન ચલાવી શકે. ઉપરોક્ત ખરડો ગોરાઓના આ હક્કને પાછો ખેંચવા માટે રજૂ કરવામાં આવ્યો હતો.

અંગ્રેજો અને અન્ય ગોરાઓએ સાથે મળીને આ ખરડા વિરુદ્ધ જોરદાર આંદોલન શરૂ કર્યું, જે ઘણીવાર હિંસક પણ બન્યું. એ માટે તેઓએ ડિફેન્સ એસોસિએશનનું સંગઠન કર્યું. તેની સામે હિંદીઓએ પણ આ ખરડાના ટેકામાં પ્રતિઆંદોલન ચલાવવાનો પ્રયત્ન કર્યો, ખાસ કરીને બંગાળ અને બોમ્બે વિસ્તારમાં. પરંતુ કોઈ સંગઠનના અભાવે તેને સફળતા ન મળી. તત્કાલીન સરકારે ગોરાઓના આક્રમક તેવર સામે નમવું પડ્યું. ખરડો જો કે પાછો ન ખેંચાયો, પરંતુ એને એટલો તો બદલવામાં આવ્યો કે તે ઓળખી ન શકાય અને બદલેલા સ્વરુપમાં તેનો કાયદો બને તો તેથી કોઈ ઉપયોગી હેતુ સરે નહીં.

હિંદીઓની આ નિષ્ફળતાએ તેમને એક રાષ્ટ્રકક્ષાના સંગઠન અને સંગઠિત પ્રયત્નોની જરૂરનો મહત્ત્વનો પાઠ ભણાવ્યો. **હિંદીઓ સમજ્યા કે છૂટાછવાયા વ્યક્તિગત પ્રયત્નો સફળ થતા નથી. પરિણામે ડિસેમ્બર ૧૮૮૩માં પ્રથમ રાષ્ટ્રીય સંમેલન મળ્યું, જે પછીથી ૧૮૮૫માં ઇન્ડિયન નેશનલ કોંગ્રેસમાં રૂપાંતર પામ્યું. સ્વરાજ્યની લડતની શરૂઆત, એ આ ઘટનાની સિધ્ધિ બની. આ રીતે ઇલ્બર્ટ બીલે આપણી સ્વતંત્રતાની ચળવળને અણધાર્યું પ્રેરકબળ પૂરું પાડ્યું.**

બોમ્બે ખાતે એપ્રિલ ૨૯, ૧૮૮૩ના રોજ સર ફિરોઝશાહ મહેતાએ આપેલા વક્તવ્યમાં ઇલ્બર્ટ બીલનો વિરોધ કરનાર ગોરાઓની ઠેકડી ઉડાવી હતી અને સાથે સાથે આ વેળાને ખાસ મહત્ત્વ આપતાં તેને 'Little moment' કહી હતી. તેમણે જણાવ્યું હતું કે ગોરાઓના વિરોધનું ખરું કારણ છે – "તેઓને ભીતિ છે કે આથી હિંદમાં બ્રિટીશ સત્તાના પાયામાં બદલાવ આવશે."

## વક્તાનો પરિચય :

### ફિરોઝશાહ મહેતા (૧૮૪૫-૧૯૧૫)

ઑગસ્ટ ૪, ૧૮૪૫ના રોજ બોમ્બે ખાતે જન્મેલા ફિરોઝશાહ મહેતાનું શિક્ષણ બોમ્બે અને ઇંગ્લેન્ડમાં થયું હતું. ૧૮૬૮માં તેઓ બારના સભ્ય થયા હતા. ઇંગ્લેન્ડવાસ દરમ્યાન તેઓ દાદાભાઈ નવરોજીની નીકટ હતા. તેઓ ઇન્ડિયન નેશનલ કોંગ્રેસના સ્થાપક સભ્ય અને ૧૮૯૦માં તેના પ્રમુખ હતા. તેઓ કોંગ્રેસના મવાળ જુથમાં ગોપાલકૃષ્ણ ગોખલેની સાથે હતા અને ૧૯૦૭ની સુરતની કોંગ્રેસ સભા પછી થયેલા જહાલ - મવાળ વિભાજન બાદ જહાલપંથી લોકમાન્ય ટીળકને કોંગ્રેસમાંથી બહાર કાઢવામાં તેમનો પણ હાથ હતો. તેઓએ બોમ્બે પ્રેસિડન્સી એસોસિએશન (૧૮૮૫), સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા - એક સ્વદેશી બેંક, બોમ્બે ક્રોનિકલ - એક અંગ્રેજી વર્તમાનપત્ર (૧૯૧૩)ની સ્થાપના કરી હતી. તેઓ બોમ્બે લેજિસ્લેટીવ કાઉન્સિલ (બોમ્બે ધારાસભા મંડળ) ૧૮૮૬, તથા

ઇમ્પિરિયલ લેજિસ્લેટીવ કાઉન્સિલ (૧૮૯૪-૯૭)ના સભ્ય રહ્યા હતા. પાંચ દાયકા સુધી એમણે બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આપેલા અમૂલ્ય ફાળા અંગે તેઓ હંમેશાં યાદ રહેશે. ૧૯૦૪માં તેઓને 'નાઈટ' બનાવીને 'સર'નો ખિતાબ આપવામાં આવ્યો. ૧૯૧૫માં તેઓનું નિધન થયું.

## ફિરોઝશાહ મહેતાના વક્તવ્યનો ભાવાનુવાદ

### ઈલ્બર્ટ બીલ હિંદને જગાડે છે

**(બોમ્બે, ૨૬ એપ્રિલ, ૧૮૮૩)**

"છેલ્લા થોડા દિવસથી ચારે તરફથી આપણને શિખામણ આપવામાં આવે છે કે આપણે ન્યાયતંત્રના વહીવટ બાબત જરા પણ ઉશ્કેરાયા વગર શાંતિ જાળવીને આપણી વાત ભારપૂર્વક અને મક્કમ રીતે રજૂ કરવી જોઈએ. સજ્જનો, આ શિખામણ અમલમાં મૂકવા કરતાં આપવી સહેલી છે. આ અઘરા પ્રયોગની સફળતા અંગે હું થોડી ગભરામણનો અનુભવ કરી રહ્યો છું. આ સભામાં જો આપણે આ (ઇલ્બર્ટ) બીલ અંગેનો આપણો અભિપ્રાય હિંમતથી વ્યક્ત કરીએ તો આપણા યુરોપિયન મિત્રો આ બીલના ટેકામાં આપણા ઘોંઘાટ બદલ આપણને ઠપકો આપવા તૈયાર છે. તો બીજી બાજું આ બિચારા (ઇલ્બર્ટ) બીલના વિરોધમાં યુરોપિયનો દરેકે દરેક જગ્યાએ જોરદાર પ્રચાર કરી રહ્યા છે તે સામે આપણે અવાજ નહીં ઉઠાવીએ તો તેનો તેઓ પૂરેપૂરો લાભ લેશે. આપણે આ દ્વિધામાંથી બહાર આવી, આપણને ઓછામાં ઓછું નુકસાન કરે તે રસ્તો શાણપણથી અપનાવશું તો મને શ્રદ્ધા છે કે આપણા યુરોપિયન મિત્રો આપણા પર તૂટી નહીં પડે.

"આપણને કહેવામાં આવ્યું છે કે આ બીલ સાથે આપણે કાંઈ લેવાદેવા નથી. એ તો લોર્ડ રીપન (વાઇસરોય) અને ભારતમાં વસતા યુરોપિયનો વચ્ચેની નજીવી બાબત છે કે જે અંગે બંને વચ્ચે જરા ગરમાગરમી ઊભી થઈ છે. આપણે હિંદીઓને આ બીલ સાથે કોઈ સ્નાનસૂતક ન હોવાથી આપણે એ વિષેની દલીલબાજીમાં પડવું નહીં. હવે, સજ્જનો, આ બીલના સંદર્ભમાં ચાલતા વિવાદમાં કહેવામાં આવેલી અનેક આશ્ચર્યજનક બાબતોમાંથી મને લાગે છે કે આ સૌથી વધુ સ્તબ્ધ કરનારી વાત છે. કારણકે, એ બિલકુલ સ્પષ્ટ છે કે આ બીલની વિષયવસ્તુ સાથે હિંદના વતનીઓનો સૌથી નીકટનો અને ઘણો જ મહત્ત્વનો સંબંધ છે... હું અહીં હિંદના જનસામાન્યની વાત કરી રહ્યો છું અને તેઓનું હિત આ બીલ સાથે એટલી જ ઘનિષ્ટતાથી જોડાયેલું છે કે જેટલું બ્રિટનમાં જન્મેલા કોઈપણ યુરોપિયનનું. જે રીતે કોઈપણ ગુનામાં બે પક્ષ હોય છે : એક ગુનો કરનાર અને બીજો ગુનાનો શિકાર; મુકદમામાં બંને – ફરિયાદી અને આરોપી તરીકે – પક્ષકાર હોવાથી સીધો સંબંધ ધરાવે છે.

"આ વિવાદ દરમ્યાન કદી એ પ્રશ્ન થયો છે કે આ પ્રકારના ખાસ હક્કને કારણે યુરોપિયનોએ આચરેલા કેટલા ગુનાઓ ન્યાયની અદાલતમાં લાવી શકાયા નથી? જો યુરોપિયન બ્રિટીશ પ્રજાને આરોપી પક્ષકાર તરીકે આ બીલ પરના આ વિવાદમાં હિતધારક તરીકે સ્થાન હોય તો, સજ્જનો, હિંદના વતનીઓને પણ નિઃશંકપણે આ વિવાદમાં હિતધારકનું સ્થાન મળે છે. તેઓ (બીલનો વિરોધ કરનારા યુરોપિયનો) જાણી જોઈને કહી રહ્યા છે કે આ બીલની બાબત એવી કોઈ અગત્યની નથી. હકીકતમાં તેઓને ભય છે કે આ બીલ હિંદમાં બ્રિટીશ સત્તાના પાયાને તેના આરુઢ સ્થાનેથી ખસેડવાની શરૂઆત બનશે. બ્રિટીશ તાજની જાહેર કરેલી નીતિના શાણપણ પર જાહેરમાં તહોમત મૂકીને અથવા તો તાજની જાહેર કરેલી એ નીતિ કાંઈ વ્યવહારુપણે અમલ કરવા લાયક ન હોવાનો આગ્રહ રાખીને, તેઓ નિર્ભિકપણે કહે છે કે હિંદ પર બળથી વિજય મેળવ્યો છે અને બળથી જ હિંદ પર વહીવટ ચલાવવો જોઈએ. ન્યાયી અને પ્રામાણિક નીતિની ઠેકડી ઉડાવતા કહે છે કે તે એક નબળાઈની નિશાની છે. તાજેતરમાં શ્રીમાન બ્રાઇટે તેમની લાક્ષણિક રીતે કહ્યું હતું કે ઈશ્વરે આપેલા નીતિવિષયક બધા દસ આદેશોનો ભંગ કરીને હિંદ પર વિજય મેળવ્યા બાદ હવે પર્વત પરથી આપેલા બોધના સિધ્ધાંતોના અમલ કરવાની વાત કરવા માટે ઘણું મોડું થઈ ગયું છે. રાણીની સઘળી પ્રજા પર ન્યાય અને સમાનતાના ધોરણે, કોઈપણ જ્ઞાતિ કે જાતિના ભેદભાવ વગર હિંદમાં વહીવટ કરવાની નીતિ પર છેલ્લા કેટલાય વર્ષોમાં ઉપરોક્ત દર્શાવ્યા મુજબ જાહેરમાં આથી મોટો અને ગંભીર પડકાર ઊભો થયો નથી. તાજની જાહેર કરેલી નીતિ લાંબા કાળજીભર્યા વિચારવિમર્શ બાદ સ્વીકારવામાં આવી હતી, નહીં કે કોઈ નબળાઈના કારણે. સન્માન અને ન્યાયના આધાર માત્રને કારણે જ નહીં, પણ આ નીતિ ઇંગ્લેન્ડના પણ સાચા હિતમાં હોવાને કારણે સ્વીકારાઈ હતી. એ પણ કારણ હતું કે, માત્ર આ જ રીતે (તાજની જાહેર કરેલી નીતિના ધોરણે) વિશાળ હિંદને પોતાના તાબામાં રાખવાની ઇંગ્લેન્ડ આશા સેવી શકે – પોતાનાં સલામતી અને ફાયદા સાથે.

"અત્યારે આ (ઇલ્બર્ટ) બીલની રજૂઆતને કારણે હિંદના વતનીઓ અને યુરોપિયનો વચ્ચે ઊભી થયેલી કડવાશની દૂરોગામી અસરો વિશે ઘોર ભવિષ્યવાણીઓ થઈ રહી છે. આ બીલની વિષયવસ્તુ પર હૃદયસ્પર્શી ચિત્ર રજૂ કરીને, સજ્જનો, હું કહું છું કે, લોર્ડ રીપને પૂરા વિચારવિમર્શ અને દૂરંદેશીપણા તથા ન્યાયી વહીવટના પ્રામાણિક હેતુ સાથે રજૂ કર્યું છે. ભવિષ્યમાં યુરોપિયનો અને હિંદના વતનીઓ વચ્ચેના સંબંધો વધુ સુધરવાની આશાભરી ઉમેદ તેમાં નિહિત છે."

*ભાવાનુવાદ : ભરત ભટ્ટ (મો. ૯૯૦૯૯ ૧૦૦૯૨)*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર “કચ્છશ્રુતિ” એટલે એક દિલબર - નજરાણું....

## છેલ્લા બાર માસના 'કચ્છશ્રુતિ'ના અંકોના આકર્ષક મુખપૃષ્ઠ પર એક નજર....




કચ્છશ્રુતિ ● જુલાઈ-૨૦૧૬




કચ્છશ્રુતિ ● ઓગસ્ટ-૨૦૧૬




કચ્છશ્રુતિ ● સપ્ટેમ્બર-૨૦૧૬




કચ્છશ્રુતિ ● ઓક્ટોબર-૨૦૧૬




કચ્છશ્રુતિ ● નવેમ્બર-૨૦૧૬




કચ્છશ્રુતિ ● ડિસેમ્બર-૨૦૧૬




કચ્છશ્રુતિ ● જાન્યુઆરી-૨૦૧૭




કચ્છશ્રુતિ ● ફેબ્રુઆરી-૨૦૧૭




કચ્છશ્રુતિ ● માર્ચ-૨૦૧૭




કચ્છશ્રુતિ ● એપ્રિલ-૨૦૧૭




કચ્છશ્રુતિ ● મે-૨૦૧૭




કચ્છશ્રુતિ ● જૂન-૨૦૧૭

**શ્રી ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ** (ગીતા સેના) રજિ. ન. ઈ૧૦, ૯૧૦

**શ્રી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ** (ગીતા સેના) રજિ. ન. ઈ૧૧, ૧૯૨

Email : gitaben_rambhiya@yahoo.com • Website : www.gitabenrambhiyatrust.org

ગેરકાયદેસર કતલખાને જતા અબોલ જીવોને બચાવી અભયદાન અપાવવાની કામગીરી
અત્યારસુધી ૮૦,૦૦૦ થી વધુ અબોલ જીવોને બચાવેલ છે.
રખડતા બીમાર તથા ઘવાયેલ પશુ-પક્ષીઓને સ્થળ ઉપર સારવાર અપાવવા
એનિમલ હેલ્પલાઈન ચલાવવામાં આવે છે.
અત્યારસુધી ૫૫,૦૦૦ થી વધુ અબોલ જીવોને સારવાર અપાયેલ છે.
કચ્છ થી અમદાવાદ તબીબી સારવાર અર્થે આવતા દર્દીઓને સંસ્થાના કાર્યકર્તાઓ સહાયરૂપ બને છે.
અત્યારસુધી ૬૦૦૦ થી વધુ દર્દીઓને મદદરૂપ થયેલ છે.
સંસ્થાના જીવદયા તેમજ માનવસેવાના કાર્યમા આપ સૌને સહકાર આપવા નર્મ વિનંતી.

૧૧૪૦, ગીતાભવન, માંડવીની પોળ, માણેકચોક, અમદાવાદ - ૩૮૦ ૦૦૧
ફોન : (૦૭૯) ૨૨૧૪૧૧૯૭, ૨૨૧૪૯૫૫૦, ૨૨૧૧૧૪૬૭, ૬૫૪૪૭૫૫૦

**સંસ્થાને આપનુ દાન ૮૦જી(૫) મુજબ કરમુક્તિને પાત્ર છે.**

## Gujarat's Leading Electronic Manufacture
(TOTAL EMS SOLUTION)

**Innovision Systems & Devices**
E-12, Electronic Estate, GIDC, Sector-26, Gandhinagar-382044, Gujarat

**Innovision Systems & Devices Pvt Ltd**
1143, Opp. GEB Sub Station, Chhatral-Kadi Road, Chhatral - 382729, Gujarat

MD-Paresh Shantelal Mehta & Heena Mehta (Nakhatrana-Kutch)
Phone: 0091-79-23287733 Email: innovisionpme@yahoo.com

જીવદયા કરૂણા અહિંસા લુણી પાંજરાપોળ

## શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર
(લુણી - મુંબઈ) કુ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ
પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેની ંગ સેન્ટર
બિમાર પશુ-પક્ષીઓનુ દવાખાનુ
એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક

**બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન**

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્સન, ગોકુલધામ હોટલની બાજુમાં, અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦
કાર્યાક્ષેત્ર : ગામ - લુણી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૭૦



II SHRI HARI II
## SHREE SWAMINARAYAN TRAVELS
22, Anilkunj Complex, Paldi Char Rasta, Ahmedabad-7.
Ph. : 079-26579911 • M. : 9825804762, 9099943071
A.C. ROYAL SEMI SLEEPER AND SLEEPER • DAILY SERVICE A.C. COACH

| | | | |
|---|---|---|---|
| • Bhuj | : 9825804763 | Gandhidham | : 9825804703 |
| • Anjar | : 9099943074 | Mandvi | : 9099943070 |
| • Una | : 9825804253 | Rajula | : 9825804754 |

• Div • Pune • Nasik • Sirdi • Mumbai •

| | | | |
|---|---|---|---|
| • Baroda | : 9275051712 | Vidyanagar | : 9825525732 |
| • Raipur | : 9825804761 | | |

• PARCEL SERVICE AVAILABLE • ANY CAR/BUS AVAILABLE •
Visit us : www.sstbus.in

મો.: ૯૯૭૯૮ ૮૧૪૮૭ ફોન : ૦૭૯-૨૬૭૬૩૫૪૪, ૦૭૯-૨૬૭૬૩૪૬૫

## શ્રી હરિ ટ્રાવેલ્સ
યુ-૨૮, રત્નમણી કોમ્પ્લેક્ષ, જોધપુર ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

દર રવિવાર અને પૂનમ
**મહુડી, ખેડબ્રહ્મા, અંબાજી રીટર્ન બસ સર્વિસ**
**લકઝરી, ફોર વ્હીલર ભાડે મળશે.**

**શ્રી હરિ ટ્રાવેલ્સ**
પટેલ કાપડ માર્કેટ, ખોડિયાર નગર, સોરઠ પાન પાસે,
બાપુનગર, અમદાવાદ. ફોન :૨૨૭૦૦૬૬૬ / ૭૭૭

Sister Concern
એચ. કે. ટ્રાવેલ્સ
ક્રિષ્ના ટ્રાવેલ્સ




## SHREE SAHJANAND TRAVELS
Visit us: www.sst.bookong.com
**23, Anilkunj Centre, Paldi Char Rasta, Ahmedabad.**
M: 9825801354, 9227101354,
Sateliite: 9825804234, Raipur: 9909911306
Bapunagar: 9825804578, Naroda: 9099970078
**Ahmedabad to Bhuj, Gandhidham, Mundra, Mandvi, Nakhatrana, Kotda, Netra, Rajula, Mahuwa**

## FOR CA STUDENT (C.P.T., IPCC, CA FINAL)
AVOID STUDYING IN BIG BATCH OF 100 - 300 STUDENTS,
WE OFFER GROUP TUITION WITH GROUP OF ONLY 30 STUDENTS

FACULTY :- SHIVANG BUCH
B.Com, C.A., M.F.A., MBA (Fin.) Gold Medalist, N.E.T. (Management)

## Shivang Institute
C/O, Sharda, Magal Tirth Tower-A, Near Dharnidhar Derasar,
Phone No. 9429609484 / 079-22772031

BLUE EYE
YOUR SPY EYE





ALL TYPE OF CCTV ACCESSORIES AVAILABLE
For import anything from China to India
Please contact on below details
China: +86-13410015894 & India: +91 9601271254
**CHINA • INDIA • KENYA**
079 666 31712 / +91 96012 71254 / +91 99099 66554
sales@blueeyetech.in / care@blueeyetech.in
FF 119, Super Plaza, Sandesh Press Road, Vastrapur, Ahmedabad - 380015. INDIA

વિચાર વિમર્શ

# જોબ ક્રિએશન વિશે વધુ વિચારણા

• અશ્વિન ઝિંઝુવાડિયા •

'કચ્છશ્રુતિ'ના મે-૨૦૧૭ના અંકમાં આપનો તંત્રીલેખ વાંચ્યો.... 'જોબ ક્રિએશન' મુદ્દાની આપે છણાવટ કરી છે. **શિક્ષણનું મુળભૂત કામ વ્યક્તિમાં દૃષ્ટિ ખીલવવાનું છે, નોકરી અપાવવાનું નહીં.** કાબેલિયત પ્રાપ્ત થયા બાદ કામિયાબી જોડાજોડ આવી જ જશે. સેંકડો નહીં હજારો નવા અભ્યાસક્રમો છેલ્લા ૧-૧।। દાયકામાં શિક્ષણ જગતમાં આવ્યા છે. કમનસીબે કચ્છ જેવા છેવાડાના મુલકના વિદ્યાર્થીઓ સુધી આવા નવા અભ્યાસક્રમોની માહિતી પહોંચતી નથી. ખેર!

મૂળ મુદ્દો એ છે કે બધાને નોકરી જોઈએ છે. રોજગારી ઊભી કરવામાં ઔદ્યોગિક એકમો સફળ થયા નથી. નવી ટેકનોલોજીએ માનવ શ્રમ અને માનવ જરૂરિયાતને સીમિત કરી નાખી છે. આ પ્રમાણ આવનારા દિવસોમાં વધશે. બેરોજગારીની સમસ્યાના મૂળમાં ઘા મારવો હશે તો ખેતી અને પશુપાલન ઉપર માઈન્ડ ફોકસ કરવું પડશે. કહેવત ફરીથી સાચી પડતી દેખાય છે : 'ઉત્તમ ખેતી - મધ્યમ વેપાર - કનિષ્ટ નોકરી.' ખેતીને વિશાળ દૃષ્ટિકોણથી જોવાની જરૂર છે. ખેતીનો આખો સીનારિયો બદલાઈ રહ્યો છે. અનેક પ્રકારની ટેકનોલોજી અને નવી દૃષ્ટિ ખેતીમાં પ્રવેશી રહી છે. સ્નાતક કે અનુસ્નાતક થયા બાદ મુશ્કેલી એ ઊભી થઈ છે કે - હું આટલું ભણ્યો, હવે મારાથી ખેતી થાય?ની માનસિકતા જો બદલાય તો નોકરી કરતા વધુ આર્થિક ઉપાર્જન કરી શકાય. પાછા સ્વતંત્રના સ્વતંત્ર... પણ જેઓ ખેડૂત નથી એમનું શું? જમીન નથી એનું શું? નો પ્રશ્ન ઉદ્‌ભવે... કચ્છમાં ભાડા પટ્ટે જ ખેતીની જમીન રાખવાનો સિલસિલો શરૂ થયો છે. જો ખેતી કરવી હશે તો આ કે આવા અનેક રસ્તા નીકળી શકે છે. ખેતીમાં રોજગારી - આર્થિક ઉપાર્જનની વિપુલ તકો રહેલી છે.

અનુસંગીક વ્યવસાય પશુપાલનનો પણ છે. ગ્રેજ્યુએટ થયેલો યુવાન જો એમ વિચારે કે તો શું મારે ગાય ભેંસો ચરાવવી? તો થઈ રહ્યું... પણ ગંભીરતાથી અને ૪-૫ યુવાનો મળીને દૂધ ઉત્પાદન કે ડેરીના વ્યવસાયમાં આગળ આવે તો પણ બેરોજગારીનો પ્રશ્ન ઉકેલવામાં મદદરૂપ થાય.

માની લઈએ કે ખેતી અને પશુપાલન મોભામાં પંચર પાડે છે તો નાના ઉદ્યોગ તરફ શિક્ષિત યુવાનોને વાળી શકાય. સરકારી બાબુઓના નકારાત્મક વલણને લગતી આપે જે વિગત લખી છે એ બહુ ખરી છે. અધિકારીની માનસિકતા ઉપર બધો આધાર રહે એ આપણી સિસ્ટમની ખામી છે. ઉદ્યોગ સાહસિકતાના તાલીમ વર્ગો પણ લક્ષ્યાંકો પૂરા કરવા માટે થાય છે. ઈન્ડેક્ષ્ટ-એ અને ઈન્ડેક્ષ્ટ-બી સહિતની સંસ્થાઓ પાસે આપણા બેરોજગાર યુવાનો પહોંચતા નથી એ પણ વાસ્તવિક્તા છે. ઢગલાબંધ ઉદ્યોગો એવા છે જેમાં ૧૦થી ૧૨ વ્યક્તિને કામ પણ આપી શકાય અને સારી આવક પણ રળી શકાય. 'મને નોકરી મળતી નથી'ના રોદણા રડતા સ્નાતક કે અનુસ્નાતક યુવાનોને અપોચિયા કહેવા જોઈએ.

તમારા અગ્રલેખમાં જે મુદ્દો અતિ મહત્ત્વનો છે, એ એ કે, વિશાળ મેન પાવરને કેમ કામ આપવું એ દૃષ્ટિ જ નિર્મૂલન થઈ ગયેલી છે એ છે... અને આ જ તો આપણી સૌથી મોટી નિષ્ફળતા છે. વિશાળ મેનપાવર જે આપણી તાકાત બની શકે એ જ આજે બોજારૂપ બની ગયો છે. આપણા 'માસ્ટર માઈન્ડો' ભલે પોતાની નિષ્ફળતા ન સ્વીકારે એ જુદી વાત છે. પ્લાનિંગ કમિશન સહિત સંખ્યાબંધ એજન્સીઓ એવી છે જેમના શિરે નવી રોજગારી ક્રિએટ કરવાની જવાબદારી છે, એ તમામ નિષ્ફળ ગયા છે.

પ્રથમ દૃષ્ટિએ ન જોઈ શકાતી બેકારીની સમસ્યા ધાર્યા કરતા વધું વિકરાળ બની ચૂકી છે. સામાન્ય કારકૂનની ૫૦ જગ્યા માટે ૫ હજાર અરજી આવે, એ શું સૂચવે છે? બેરોજગારી કરતાં શિક્ષિત બેરોજગારી વધુ ચિંતાજનક છે, જેણે અન્ય સામાજિક સમસ્યાઓને પણ જન્મ આપ્યો છે.

આપણા સૌ માટેનું કડવું સત્ય એ છે કે — વિદ્યાર્થીઓ ભણે જ રાખે છે... ભણે જ રાખે છે... ભણે જ રાખે છે... કારણ? તેમની પાસે વિકલ્પ નથી. છેવટે એ ટોચ ઉપર અટકે છે... અથવા નીકળી જાય છે... પણ પછી શું? પછી એ જ નિરાશા... એ જ નોકરી- કામધંધો - રોજગાર માટેની દોટ શરૂ...

ફરિયાદો તો ઘણી છે. ઉકેલ તરીકેના ઉપાયો પૈકીનો એક ઉપાય એ છે કે જેઓ અભ્યાસમાં સામાન્ય છે, માત્ર નાપાસ નથી થતા એટલું જ... એવા વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ કે ૧૨ પછી ભણવાનું બંધ કરી દેવું જોઈએ. વધુ વર્ષો કારણ વગરના બગાડવાનો કોઈ અર્થ નથી. એના કરતા જે કામધંધો - રોજગાર જ્યાં મળે, જેવો મળે સ્વિકારી લેવો જોઈએ. ખેતી - પશુપાલન અને નાના ઉદ્યોગો તો છે જ. "ઉદ્યોગો સ્થાનિકના લોકોને રોજગારી આપતા નથી"

**(અનુ. : જુઓ પાના નં.-૧૬ ઉપર)**

શિક્ષણ જગત

# ઉચ્ચ અભ્યાસ અને હોમ સીકનેસ



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

આપણે સૌ આપણા પરિવારજનો સાથે લાગણીના બંધનોથી જોડાયેલા છીએ. ક્યારેક પરિવારજનોમાં ક્ષણિક મતમતાંતર પણ થવા પામે. સાથે રહેતા હોઈએ એટલે જેમ વાસણો ખખડે તેવું બને. છતાં કોઇ દૈવ યોગે, પૂર્વ યોગે કે ઋણાનુબંધ થકી લાગણીઓ અકબંધ રહે છે.

પ્રત્યેક ઘરમાં માતા-પિતા વડીલોને જરૂર એમ થાય કે અમારા દીકરા-દીકરીઓ ભણીગણીને ખૂબ જ આગળ વધે. પોતાનું અને પરિવારનું નામ રોશન કરે. તે માટે પુત્ર - પુત્રીઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે. સારા પરિણામ બાદ દેશ-વિદેશમાં જ્યારે તેમને મેડિકલ, એન્જિનિયરિંગ, સુપર ટેક્નોલોજી, સુપર મેનેજમેન્ટમાં પ્રવેશ પ્રાપ્ત થાય ત્યારે કેટલાક યુવાન વિદ્યાર્થી ભાઈ-બહેનો "હોમ સીક" બની જાય છે. અર્થાત્ તેમને ઘર ખૂબ જ યાદ આવે છે. પરિવાર યાદ આવે, એકલતા લાગે, ખૂબ અકળામણ લાગે, હોસ્ટેલ છોડવાનું મન થાય. માત્ર પરિવાર સાથે જ રહેવાનો મનસુબો થાય. તો બીજી તરફ ઘરના વડીલો કે વિદ્યાર્થી ભાઈ-બહેનોના માતા-પિતા પણ ચિંતિત રહે. જ્યારે તેઓ થોડા સમયે એડજસ્ટ થઈ જાય ત્યારે વડીલો સંતોષનો શ્વાસ લેતા હોય છે. આવી એક લાગણીસભર પરિસ્થિતિ થવી એ તો સ્વાભાવિક જ છે. છતાં એને એક આગવા વિશ્વાસ કે શ્રધ્ધાથી નિવારી શકાય.

- **આશાવાદનું આયોજન :**

આશાવાદીપણું એ તો હકારાત્મક અભિગમ છે. નિરાશાના પરિણામો નેગેટીવ આવે છે. તેથી પરિવારના પુત્રો, પુત્રીઓને એસ.એસ.સી. કક્ષાએથી ઉચ્ચ અભ્યાસ માટે સજ્જ કરવા, તમામ રીતે પ્રોત્સાહિત કરવા. પ્રત્યેક ઉચ્ચ ફેકલ્ટી આજે દરેક ગામડાં, દરેક શહેરોમાં નથી. તેથી વિદ્યાર્થીએ ઘર તો છોડવું જ રહ્યું. અલબત્ત વડીલો દુઃખદ ભાવ થોડો સમય અનુભવે જ્યારે દૂરની કૉલેજ હોસ્ટેલમાં વિદ્યાર્થી થોડો સમય પરિવારથી વિખુટાપણાનો ભાવ અનુભવે. જો આવું એકાકીપણામાં રહેવા માટે થોડી માનસિક સજ્જતા કે તાલીમ ઘેર આપી હોય તો આ પ્રશ્ન "હોમ સીકનેસ" ટળી જાય.

- **પ્રવેશ બાદ કોલેજના મોવડીઓનો સંપર્ક :**

જે કોઈ કૉલેજમાં પ્રવેશ પ્રાપ્ત થાય તે કૉલેજના આચાર્યશ્રી, પ્રોફેસરશ્રી પાસે પોતાના પુત્ર-પુત્રીને લઈ જઈ સંપર્ક કરાવવો. અલબત્ત પ્રથમ વર્ષના આવકાર સમારંભમાં જ પ્રિન્સિપાલ તથા પ્રોફેસરો વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમના માતા-પિતાને સુરક્ષા, સફળતા હોમ સીકનેસ ન રાખવા સમજાવે છે. કોઈપણ મુશ્કેલીમાં પોતાને મળી જવા જણાવે છે. ટર્મ દરમ્યાન હોસ્ટેલોમાં મળીને પૂછપરછ પણ કરે છે.

- **હોસ્ટેલના રેક્ટરનો સંપર્ક આવશ્યક :**

સામાન્ય રીતે હોસ્ટેલના રેક્ટર માતા-પિતાની ભૂમિકા ભજવે છે. વિદ્યાર્થીઓની માનસિકતા તેઓ સમજે છે. ક્યારેક તો વિદ્યાર્થીનો ચહેરો વાંચીને રેક્ટર તેના ભાવ જાણી જાય છે. પાસે બોલાવી તેમની મૂંઝવણો દૂર કરતા હોય છે. આ તો તેમનો બહુમૂલ્ય માનવીય અભિગમ છે.

- **પ્રવેશાર્થીને સતત પ્રોત્સાહિત કરતા રહો :**

આજની સુવિધાઓ તો અમાપ છે. દુનિયા મુઠ્ઠીમાં આવી ગઈ છે. કમ્પ્યુટર યુગનો આ જમાનો જેથી ચેટિંગ, ટ્વીટર, ઈ-મેઈલ મેસેજીસ – આવી સુજ્ઞ મોબાઈલ સુવિધાઓ એકલતાનો નાશ કરે છે. એક જમાનો હતો કે આપણા વડવાઓ ભણતર અર્થે મહિનાઓની દરિયાઈ મુસાફરી કરી યુરોપ, અમેરિકામાં અભ્યાસાર્થે ગયા. કોઈ ડૉક્ટર તો કોઈ બેરિસ્ટર બન્યા. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનું ભણતરનું દૃષ્ટાંત મોજૂદ છે. આજે તો કોઈ વ્યક્તિગત કુટુંબ અર્થાત્ માતા-પિતા અને પુત્ર કે પુત્રી ઉચ્ચ શિક્ષણ માટે બહાર જતાં માતા-પિતા એકલવાયા રહેવા મજબૂર બને છે. બે, પાંચ વર્ષે માંડ પુત્ર કે પુત્રીને મળી શકે છે.

- **અંગત ઉપયોગી ચીજવસ્તુઓ આપવી :**

હોસ્ટેલના નિયમોને આધીન રહીને પુત્ર પુત્રીને થોડો સૂકો નાસ્તો આપી શકાય, જરૂરી દવાઓ આપી શકાય. હાથ ખરચની થોડી રકમ આપવી જરૂરી, જેથી તેનું મન ભર્યું રહે. જરૂરી મોબાઈલ નંબરની ડાયરી આપવી.

- **અમે તારી સાથે જ છીએ :**

આવા અંતરથી ઉદ્ભવેલા શબ્દોની અસર ખૂબ જ સારી

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૭ ઉપર)

શિક્ષણ જગત

# ગર્ભસ્થ શિક્ષણ એ જ કેળવણીનો પાયો છે

• ચંદ્રકાંત પટેલ 'સરલ' •

વિદ્યા-જ્ઞાનને આધ્યાત્મિક પાયા ઉપર કેન્દ્રિત કરવાની આજે ખાસ આવશ્યકતા છે. સદાચાર કે ચારિત્ર્ય એ આજની ભૌતિક વિદ્યા વડે પ્રાપ્ત કરી શકવાની ચીજ નથી. શિક્ષણવિદ્ મુકુંદરાય કહે છે કે શિક્ષણનાં સાંસ્કૃતિક મંદિરો આત્મ-વિદ્યાના ઉદાત્ત અને સુદૃઢ પાયા ઉપર ઊભાં કરવામાં આવે તો જ તેમાં દૈવી સંપત્તિનો ઉત્કર્ષ, વિશ્વબંધુત્વ, સર્વાત્મભાવ તથા પ્રાણીમાત્રનું હિત અને તેની પ્રગતિના સંરક્ષણનું સંવર્ધન થઈ શકે.

આજનું શિક્ષણ માત્ર પરીક્ષાલક્ષી બની ગયું છે. ટ્યુશન ક્લાસ જોઈન્ટ કરી વિદ્યાર્થી તે તે શિક્ષકની વગશાહી મદદ મેળવી ધક્કે ધક્કે આગળ વધી રહેલા દેખાય છે. પરીક્ષાઓ પણ હવે કલંકિત બની રહી છે. ચોરી કર્યા વગર પરીક્ષા પાસ કરવી આજના વિદ્યાર્થીઓ માટે મોટો પડકાર સમાન છે.

પાયાનું શિક્ષણ જ હવે આથમી ગયું છે. બાળક શાળાએ જાય છે એટલે તેમને શિક્ષણ મળશે જ એવા ભ્રમમાંથી હવે બહાર આવવું પડશે. સરકારે શરૂ કરેલ સર્વશિક્ષણ અભિયાન સદંતર નિષ્ફળ ગયું છે. પ્રાથમિક શાળામાં ભણતા ૮૦ ટકા વિદ્યાર્થીઓને વાંચતાં-લખતાં પણ આવડતું નથી. તેમની ભાષા પણ શુદ્ધ નથી. વ્યાકરણની પછી વાત જ શી કરવી! આજનું શિક્ષણ ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવાને બદલે પશ્ચિમી સંસ્કૃતિ તરફ વધારે ઝૂકી તેની પાશ્ચાત્ય ભૂમિકા પ્રગટ કરી રહ્યું છે. એ શિક્ષણ જીવનઘડતર કરી શકે તેમ નથી.

શિક્ષકની દૃષ્ટિ જીવન વિશે નિશ્ચિત બને અને શિક્ષક શિક્ષક મટી જ્યારે ગુરુ બનશે ત્યારે આપોઆપ શિક્ષણ પ્રણાલી સુધરી જશે. શિક્ષકોને ભણાવવું નથી એમ ન કહી શકાય. શિક્ષકોને ભણાવવાની હોંશ ઝાઝી છે પરંતુ મા-બાપ બાળકનું ઉપરાણું લઈ શિક્ષક સામે થઈ શિક્ષકનું જે અપમાન કરી રહ્યાં છે તે ઘણી જ દુઃખદ બાબત છે, ચિંતાજનક છે. જો તમારે તમારાં બાળકને કેળવણી - શિક્ષણ - વિદ્યા તરફ ઢાળી તેને સર્વાંગી શિક્ષણમય બનાવવું હોય તો સ્કૂલમાં બાળકને શિક્ષા કરવામાં આવે ત્યારે બાળકની પડખે થવાને બદલે તેની ત્રુટિ તરફ જોઈ શિક્ષકોનો વાંક કાઢવાનું ટાળવું પડશે. તો જ બાળક આગળ વધી શકશે. ભય વિના પ્રીત શક્ય નથી. જો શિક્ષકનો ડર હોય તો જ બાળક શીખી શકે.

બાળકની કેળવણીમાં મહત્ત્વનાં તત્ત્વો કદી પણ ચૂકવા જોઈએ નહિ. કોઈ પણ પ્રકારની કેળવણી મનુષ્યના સમગ્ર જીવનની નીતિમત્તાના ધોરણથી જેટલી દૂર હોય તેટલી નિષ્ફળ નીવડે. માણસાઈની કેળવણી માટે જડ નિયમો કશાં પરિણામ લાવે નહિ. એ માટે તો જીવનની નીતિમત્તાનું ચોક્કસ ધોરણ અને એવું ધોરણ જાળવવા માટેનો આગ્રહ તે ઘણી મહત્ત્વની બાબત છે સમાજજીવનનો કોઈપણ વ્યવહાર નીતિમત્તાના ટેકા વિનાનો હોય તો તે જલ્દી તૂટી પડવાનો.

વારંવાર થયેલાં સંશોધનોમાં અને નિરીક્ષણોમાં બાળકના મગજનો વિકાસ ન માની શકાય એટલો વહેલો શરૂ થઈ જાય છે. એમ સાબિત થયું છે. ડૉ. આર્નોલ્ડ ગેસેલના મત પ્રમાણે આ વિકાસ બાળકના જ્ઞાનતંત્રના વિકાસ સાથે સંકળાયેલો છે. જન્મના પાંચ માસ પહેલાં તો બાળકના જ્ઞાનકોશની રચના સંપૂર્ણ થઈ ગઈ હોય છે. અને તેમાંના ઘણા જ્ઞાનકોશો વ્યવસ્થિત રીતે કામ કરવાને તૈયાર થઈ ગયા હોય છે.

બાળકનું ચારિત્ર્ય ઘડતર બાલ્યકાળમાં ઘડાતું હોય છે. તેથી વડીલોએ અને માતાઓએ તેને ભવિષ્ય માટે અવલંબિત બની રહે તેવા સંસ્કારો સાથેની ઉત્તમ કેળવણી પારણામાંથી જ આપવી જોઈએ. આપણે મધ્યયુગ કે અર્વાચીન યુગ તરફ નજર કરશું તો સમજાઈ આવશે કે એ કાળમાં માતાઓ જ શિત્રણદાત્રી બની બાળકને વિદ્યા જ્ઞાન આપતી. આજે એવું નથી. બાળકની ખરી શિક્ષિકા માતા જ ગણાય. શાળા, એ તો બાળકોનું આદર્શગ્રહ કહેવાય. ઘરમાંથી શીખેલું - જાણેલું બાળક શાળામાં બેવડાવે છે.

આધુનિક કેળવણીના બે મુખ્ય દોષ છે. પ્રથમ તો તે આજે કૃત્રિમ બનાવેલાં વાતાવરણ વચ્ચે અપાઈ રહી છે. બીજું કે તે જીવંત અને અનુભવજન્ય નથી. કુદરતી વાતાવરણની વચ્ચે અપાતી કેળવણી જ બાળકોને સર્વાંગી રીતે ઘડે છે.

કેળવણી એટલે અક્ષરજ્ઞાન નહિ. અક્ષરજ્ઞાન એ કેળવણીનું સાધનમાત્ર છે. કેળવણી એટલે મન સુધ્ધાં બાળકની બધી ઇન્દ્રિયોનો સદુપયોગ કરતાં બાળક જાણે તે. આજે તો બાળક કમરથી બેવડ વળી જાય તેટલો પાઠ્યપુસ્તકોનો ભાર તેની કમરે લાદી દેવાય છે છતાં તેને કેળવણી તો મળતી નથી, માત્ર અક્ષરજ્ઞાન જ મળે છે.

હવે આપણે પાયાગત્ ગર્ભસ્થ કેળવણી તરફ જોઈએ તો બાળકને

ગર્ભમાંથી જ કેળવણી મળવા માંડે છે. જન્મ પછી કેળવણીની સાચી સમજ મળે છે. શાળામાં અપાતી કેળવણી કરતાંય ઘરમાં મળેલી કેળવણી પુખ્ત અને પાયાદાર હોય છે. શાળામાં મૂકેલું બાળક અક્ષરજ્ઞાન મેળવે છે, જ્યારે ઘરમાં માતા દ્વારા તેને જીવનશૈલી, વ્યવહારિક અને ધાર્મિક શિક્ષણ મળે છે.

બાળક જ્યારે ગર્ભમાં હોય છે ત્યારે માતાનો સમગ્ર પ્રભાવ તેનાં પર છવાયેલો હોય છે. માતાના શ્વાસ સાથે શ્વાસ લેતું બાળક માતાના સંસ્કારોને ગર્ભાવસ્થામાં જ ગ્રહણ કરી લેતું હોય છે. જેવી રીતે આપણા ઉપર આજુબાજુનાં વાતાવરણની અસર થતી હોય છે તેવી રીતે જ માતાના સારા-નરસા સંસ્કારોની અસર બાળક ઉપર થયા વિના રહેતી નથી. આ અસર લાંબા સમય સુધી બાળક ઉપર જામેલી રહે છે.

આ અંગે માયાદેવીજી કહે છે કે ગર્ભાવસ્થામાં બાળક અને માતાને જેટલો ગાઢ સંબંધ હોય છે, તેટલો સંસારની બીજી કોઈ પણ બે વસ્તુઓમાં હોતો નથી. માતાના પેટમાં બાળક નવ નવ મહિના ગાળે છે. અને આ સમયમાં તે એક અતિસૂક્ષ્મ પદાર્થમાંથી જીવતો જાગતો જીવ બની જાય છે. ગર્ભાવસ્થામાં માતા અને બાળકની વચ્ચે એક અતિ કોમળ નળી દ્વારા માતાના શ્વાસ સાથે શ્વાસ અને ભોજનની સાથે ભોજન તેને મળે છે. માતાનું શારીરિક, માનસિક, સામાજિક, નૈતિક અને ભૌતિક સ્વરૂપ જેવું હશે, તેવું જ ગર્ભમાંના બાળકમાં આપોઆપ ઊતરશે. માતાના સંસ્કારોની અસર સાથે જન્મેલાં કેટલાંક ઐતિહાસિક પાત્રો તરફ જોતાં એ વાત સત્ય સાબિત થઈ છે.

રાક્ષસયોનિમાં જન્મેલો પ્રહલાદ ઈશ્વરપૂજક હતો. જ્યારે તેનો બાપ હિરણ્યકશિપુ દાનવપૂજક હતો. એક રાક્ષસનો પુત્ર ઈશ્વરની પૂજા કરે તેની પાછળનું કારણ પ્રહલાદને મળેલા ગર્ભસંસ્કાર હતા. પ્રહલાદ જ્યારે તેની માતાના પેટમાં હતો ત્યારે નારદમુનિએ તેની માતાને વિષ્ણુ-ભગવાનની મહત્તા સાથે આધ્યાત્મિક જ્ઞાન અને ભક્તિનો ઉપદેશ આપ્યા હતા, ગર્ભાવસ્થામાં રહેલ બાળક પ્રહલાદે તે સંસ્કારો ગર્ભાવસ્થામાં જ ગ્રહણ કર્યા હતા.

આવું બીજું પાત્ર છે અભિમન્યુ. અભિમન્યુ જ્યારે તેની માતા સુભદ્રાના ગર્ભમાં હતો ત્યારે સુભદ્રાને યુદ્ધ સમયે ગોઠવાતા ચક્રવ્યૂહના કોઠાઓમાં કઈ રીતે દાખલ થવાય છે તેની યુક્તિઓ અર્જુન સંભળાવતો હતો. ગર્ભની અંદર શ્વસી રહેલ અભિમન્યુએ માતા સુભદ્રાને પિતા દ્વારા સમજાવેલાં છ કોઠાઓનું જ્ઞાન ગ્રહણ કરી લીધું હતું. પરંતુ સાતમા કોઠાની વિદ્યાની યોજના સંભળાવતી વખતે સુભદ્રાને ઝોકું આવી ગયું હતું જેથી મહાભારતના યુદ્ધમાં અભિમન્યુએ છ કોઠા જીતી લીધા હતા પણ સાતમા કોઠાનું જ્ઞાન તેની પાસે ન હોવાથી તે સાતમો કોઠો ભેદવા જતાં મરાયો હતો.

આવો જ દાખલો નેપોલિયનનો છે. નેપોલિયન જ્યારે ગર્ભમાં હતો ત્યારે તેની માતાએ ઘણા મહિનાઓ સુધી પોતાના પતિ સાથે લડાયક સૈન્યમાં રહી લડાઈની વિદ્યા ગ્રહણ કરી હતી અને તેથી નેપોલિયને પણ આ વિદ્યા ગર્ભમાં જ ગ્રહણ કરી હતી. જેની અસર તે વિશ્વવિજેતા બન્યો ત્યાં સુધી જામેલી રહી હતી.

આ સિવાય સ્કોટલેન્ડનો પ્રસિદ્ધ થઈ ગયેલો કવિ રોબર્ટ બર્ન્સ પણ ગર્ભાવસ્થામાં જ માતાના કાવ્યમય સંસ્કારો ગ્રહણ કરી પ્રસિદ્ધ કવિ તરીકે જગતમાં ઓળખાયો છે.

અષ્ટાવક્ર એટલે કહોડ ઋષિ અને સુજાતાનો પુત્ર. એ જ્યારે ગર્ભમાં હતો ત્યારે ઋષિ કહોડે સુજાતાને શ્રાપ આપ્યો હતો. આ શ્રાપની ચિંતાના સતત રટણની અસર ગર્ભમાં રહેલ બાળક પર પડી. પરિણામે માતાનું શ્રાપની ચિંતાથી વલોવાતાં હૃદયને કારણે ગર્ભસ્થ બાળક પણ આઠ અંગે વાંકો જન્મ્યો જે અષ્ટવક્ર નામથી ઓળખાયો.

આમ ગર્ભાવસ્થામાં જ બાળક કેળવણીની અસર પામી રહ્યું હોય છે. જન્મ પછી એ અસરને પોષવા માતાએ ભવિષ્યમાં ઉપયોગી થનારા સંસ્કારોનું સિંચન બાળકની રૂચિ, પ્રારબ્ધ, શરીરસંપત્તિ અને તેની ગ્રહણ શક્તિ જોઈને કરવું જોઈએ.

પાયાગત ગર્ભસ્થ ભારતીય સંસ્કૃતિમય મેળવેલ સંસ્કારોનો હ્રાસ કરી શિક્ષણ અને કેળવણીને નામે આપણે આપણાં બાળકને પરદેશી સંસ્કારો વેરતી અંગ્રેજી શિક્ષણ-કેળવણીથી ક્યારે મુક્ત કરશું? તેમને ભારતીય સંસ્કારોથી અંધારામાં રાખી પશ્ચિમી બીબામાં ઢાળવાનું નર્યું ગાંડપણ લાંબેગાળે ભારતીય સંસ્કૃતિ માટે હાનિકારક પુરવાર થશે.

બાળકને નાનપણથી જ વેદોક્ત શિક્ષણ તરફ વાળવાની ખાસ જરૂર છે. પ્રાથમિક પાયેથી જ બાળકોને યોગમંત્ર, વૈદકીયજ્ઞાન, શાસ્ત્રોનું જ્ઞાન, ઉપનિષદો-અરણ્યકોનું જ્ઞાન, આસન, શાસન, નીતિશાસ્ત્ર, વિનય, વિવેક અને સંયમી જીવનનું જ્ઞાન અને નૈતિક મૂલ્યોનું જ્ઞાન-વિદ્યા આપવા કોઈ આવી શાળાનું નિર્માણ કરી શકશે ખરા?

*"સંસ્કૃતિ દર્શન", આસોપાલવ શેરી નં.-૨,*
*રેલ્વે સ્ટેશન પ્લોટ,*
*માણાવદર-૩૬૨ ૬૩૦. (જિ. જૂનાગઢ)*
*મો. ૮૭૩૫૯ ૦૨૪૨૪*

સ્વાસ્થ્ય

# માનસિક સ્ટ્રેસની શરીર પર અસર – (૪)





ડૉ. મણિલાલ ગડા (મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા) (મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

આપણે જાણ્યું કે સ્ટ્રેસના નિર્માણ માટે બાહ્ય પ્રસંગ કે બાહ્ય ઘટના કરતાં વ્યક્તિનો પ્રતિભાવ તથા પ્રતિક્રિયા વધારે મહત્ત્વના છે. સ્ટ્રેસના નિર્માણ માટે આંતરિક પરિબળ : (૧) અનુવાંશિકતા, (૨) શરીરની ખાસ કરીને બ્રેઈનમાં આવેલા મનના અવયવોની રચના તથા એમાંના રસાયણો - ન્યુરો ટ્રાન્સમિટર્સ, (૩) માનસિક ઉછેર, (૪) વ્યક્તિત્વ (Personality), (૫) લાગણીશીલતા, (૬) સંજોગો તથા પરિસ્થિતિ વધારે મહત્ત્વના છે અને આ ૯૦% ભાગ ભજવે છે. નકારાત્મક પ્રતિભાવ તથા નકારાત્મક પ્રતિક્રિયા બ્રેઈનમાં નકારાત્મક ન્યુરોટ્રાન્સમિટર્સ ઉત્પન્ન કરે છે, જેના લીધે માનસિક બીમારી થવાની શક્યતા ખૂબ જ વધી જાય છે. ગયા લેખમાં કિશોરભાઈના કેસ વિશે માહિતી મેળવી.

આ લેખમાં માનસિક સ્ટ્રેસના લક્ષણો વિશે ઉંડાણમાં જાણકારી મેળવીએ.

- **સ્ટ્રેસના લક્ષણો :**

સ્ટ્રેસના લક્ષણોને ત્રણ વિભાગમાં વહેંચી શકાય.

**૧. શારીરિક લક્ષણો :**

સામાન્ય રીતે દર્દી ડૉક્ટર પાસે શારીરિક તકલીફ / ફરિયાદને લીધે આવે છે. ભાવનાત્મક કે માનસિક ફરિયાદ કે લક્ષણોને લીધે દર્દી જવલ્લે જ કન્સલ્ટ કરે છે.

(૧) માથું ભારી થઈ જવું, (૨) માથામાં દુ:ખાવો, (૩) છાતીમાં દુ:ખાવો, (૪) પેટમાં દુ:ખાવો, (૫) નબળાઇ, (૬) થાક લાગવો, (૭) ગભરામણ થવી, (૮) શરીરમાં કળતર થાય, (૯) ઉબકા આવવા, (૧૦) કબજિયાત રહે, (૧૧) હાથપગ સૂજી જાય, (૧૨) વજન ઓછું થઈ જાય, (૧૩) હાથમાં ધ્રુજારી થાય, (૧૪) હાથપગમાં ઝણઝણાટી થાય કે ખાલી ચડી જાય.

**૨. ભાવનાત્મક લક્ષણો :**

સામાન્ય રીતે ભાવનાત્મક તથા માનસિક લક્ષણો / તકલીફો વિશે દર્દી ડૉક્ટર પાસે ફરિયાદ કરતા નથી. દર્દીને લાગે છે કે ડૉક્ટર / કુટુંબીજનો આ તકલીફો સમજી નહીં શકે, એના પર ધ્યાન નહીં આપે.

ડૉક્ટરે / કુટુંબીજનોએ દરેક દર્દીને ભાવનાત્મક તથા માનસિક લક્ષણો વિશે પોતાના તરફથી પૂછવું જરૂરી છે. આ કરવાથી ભાવનાત્મક તથા માનસિક લક્ષણો વિશે જાણકારી મળે છે જે યોગ્ય નિદાન માટે અત્યંત આવશ્યક છે.

(૧) નર્વસ થઈ જવાય, (૨) ખોટી અકારણ ચિંતા થાય, (૩) વિચારોમાં ખોવાઈ જવું, (૪) નકારાત્મક વિચારો આવવા, (૫) નજીવી બાબતોમાં ચીડાઈ જવું, (૬) નિરાશાની લાગણી, (૭) મૂડ ન હોવો, (૮) ગમગીનીમાં ડૂબી જવું, (૯) મોજશોખમાંથી રસ ઉડી જવો, (૧૦) વારંવાર રડવું આવવું, (૧૧) ધંધા / કામ પર અનિયમિત જવું.

**૩. માનસિક લક્ષણો :**

(૧) એકાગ્રતા ઓછી થવી, (૨) ભૂલકણાપણું, (૩) આત્મવિશ્વાસ ઓછો થવો, (૪) ગ્રહણશક્તિ ઘટી જવી, (૫) નિર્ણયશક્તિ ઓછી થવી, (૬) કામમાં મન ન લાગવું, (૭) બેચેની થવી, (૮) એક જગ્યાએ બેસી ન શકવું, (૯) અજંપો થવો, (૧૦) મુંઝારો થવો, (૧૧) ચા-કોફીનું પ્રમાણ વધી જવું, (૧૨) ધૂમ્રપાન વધારે કરવું, (૧૩) ઊંઘ વધારે આવવી, (૧૪) ભૂખ વધારે લાગવી.

જ્યારે પણ શારીરિક તકલીફો હોય, વૈદ્યકીય તપાસ, લેબોરેટરી તપાસ, એક્સ-રે, સોનોગ્રાફી, સી.ટી. સ્કેન, એમ.આર.આઈ. સ્કેન વગેરે બધું જ નોર્મલ હોય ત્યારે ભાવનાત્મક તથા માનસિક લક્ષણો વિશે તપાસ કરવી જરૂરી છે. મનોચિકિત્સક પાસે મનની વૈજ્ઞાનિક તપાસ (મેન્ટલ સ્ટેટસ એક્ઝામિનેશન – Mental Status Examination) કરાવવી જોઈએ. વિચારો, લાગણી, કાર્ય, એકાગ્રતા, ગ્રહણશક્તિ, સ્મરણ શક્તિ વિશે મનોવૈજ્ઞાનિક તપાસ કરવાથી યોગ્ય નિદાન થઈ શકે છે (કિશોરભાઈનો કેસ).

માનસિક સ્ટ્રેસની સારવાર વિશે હવે પછીના લેખમાં જાણકારી મેળવશું. ***(ક્રમશ:)***

## આંખો લપસતી જાય છે!

વિશ્વમાં એ હદ સુધી ફેશન પરસતી જાય છે,
એક લલના જાય તો લાગે છે વસતી જાય છે.

એમની આ ટેવ મર્યાદિત નથી હાથી સુધી,
કૂતરાની ટોળકી અમથીયે ભસતી જાય છે.

પ્રેમમાં કાળાબજાર હોતા નથી, તેથી તો દિલ,
કેટલી મોંઘી હતી, વસ્તુ એ સસ્તી જાય છે.

આ જગતમાં શું કોઈ ઈચ્છા ફળે, આશા ફળે?
ખુદ દુઆ જ્યારે અહીંથી હાથ ઘસતી જાય છે.

કંઈકના મોઢે ચડી પહોંચે છે મૃત્યુ મુખ સુધી,
જિંદગી જાણે કે અફવા છે અમસ્તી જાય છે.

આ તમારું રૂપ છે? કે છે કોઈ કેળાની છાલ.
જ્યાં હું એને જોઉં છું, આંખો લપસતી જાય છે.

એમ તો આરામથી બેઠા છે મિસ્ટર પ્રેમમાં,
હાં જરા અક્કલ જગા ઉપરથી ખસતી જાય છે.

એમ તો એકાદ કોપી પણ મફત દેતો નથી,
આમ જુઓ તો 'ગોલીબાર' ના ચક્રમની પસ્તી જાય છે.

*એન. જે. ગોલીબાર*

## આનંદ માત્ર

છે કાગળ જેવો એક પડદો માત્ર,
અભિમાનથી અક્કડ કાચ પાયેલો માત્ર;
હવાની લહેર ઉડાવી શકતો, ન ઉડતો,
આપણી વચ્ચે કેવા અંતરાય છે માત્ર.

હવા કેવી ભરાઈ ગઈ આ મન માંહે,
જાણકારી - જ્ઞાન અતિરેકે વિપરીત ભર્યા;
એને ઉલટાવી સમ પર લાવી શકું તો,
આપણી વચ્ચેનું અંતર કૈંક ઘટે માત્ર.

સ્વયં પર મોહ - મમતાનું આવરણ માત્ર,
છે બારીક પણ ગજવેલ જેવું માત્ર;
બરફની શિલા જેમ ઓગાળી શકો તો,
શૂન્ય થઈને મિલન આપણું સંભવે માત્ર.

પ્રિય મિલન કે ઈશ્વર ભેટો થાય માત્ર,
ક્રોધ, મોહ, લોભ, માયાથી મુક્ત જો માત્ર;
આવું ને આવું સહજ થઈ શકે 'આરસી',
બસ પછી તો પૂછવું જ શું? આનંદ માત્ર.

*'આરસી' શાહ - અમદાવાદ*
*ફોન : ૨૭૪૩૮૧૬૩*

# પ્રતિભાવ

વિવિધતાપૂર્ણ - સુંદર સાહિત્યથી ભરપૂર અને મહેકતું "કચ્છશ્રુતિ" પ્રતિમાસ વાંચીને આનંદ અનુભવું છું. આપ સૌની તથા સર્વ સહયોગીઓની મહેનતના કારણે 'કચ્છશ્રુતિ' સરસ સામયિક બની શક્યું છે. સુંદર સજાવટ સાથે પ્રેક્ષણીય મુખપૃષ્ઠથી સુશોભિત કચ્છશ્રુતિ પ્રતિમાસ રસપ્રદ વાંચનનો રસથાળ લઈને આવે છે તેથી પરિતોષ થાય છે.

કચ્છશ્રુતિના મે-૨૦૧૭ના અંકમાં શ્રી ભોલાભાઈ ગોલીબારનો લેખ દોમદોમ પ્રેરક જણાયો. સુચારુ લેખ વાંચવા મળ્યાનો સંતોષ થયો. ધન્યવાદ. તંત્રી લેખો પણ સરળ હોય છે. શ્રી નિખિલભાઈ એચ. ઠક્કર દ્વારા આપણા જાણીતા કેળવણીકાર, ચિંતક, લેખક શ્રી હરેશભાઈ ધોળકિયાએ લખેલ પુસ્તક "સ્વપ્ના સેવો" વિશે પરિચય પ્રસ્તુત કર્યો છે તે વાંચીને આનંદ થયો. સર્વશ્રી મહાભાઈ વોરા, ડૉ. મિહિરભાઈ વોરા, નવીનભાઈ ત્રિપાઠી 'અલ્પ', રજનીકાંતભાઈ ઓઝા, ગોવિંદભાઈ ખોખાણી, એન.જે. ગોલીબાર, અરવિંદભાઈ સોમૈયા, પ્રભુલાલભાઈ સિધ્ધપુરા, અરુણાબહેન અરુણભાઈ ઠક્કર, હરિદાસભાઈ કે. ઠક્કર 'હરિ' સહિતના સર્વ લેખકોની કલમ પ્રસાદી વાંચવા - માણવાનો સુયોગ 'કચ્છશ્રુતિ'ના માધ્યમ દ્વારા થાય છે. તેથી નીરતિશિય આનંદ થાય છે. 'કચ્છશ્રુતિ'ની નિરંતર પ્રગતિની કામના અને શુભેચ્છા છે.

*બાબુલાલ ગોર - ભુજ, કચ્છ (મો. ૯૪૨૭૪ ૦૭૪૩૨)*

## "સીમ"

*પહેલાં લોકો "સીમ" વિશે વાત કરતા હતા*
*હવે કરે છે "સીમ" થકી વાત.*

*અરવિંદ સોમૈયા - નખત્રાણા, કચ્છ*

# અન્ય સંસ્થાના સમાચાર

## 'કચ્છ શક્તિ' તરફથી
## અષાઢી બીજ : કચ્છી નવા વર્ષની થનાર ઉજવણી

દર વર્ષની જેમ આ વર્ષે પણ અષાઢી બીજ – કચ્છી નવા વર્ષની પૂર્વસંધ્યાએ ૨૪મી જૂને, કચ્છ શક્તિ તરફથી કચ્છી નવા વર્ષની ઉજવણી કસુંબલ ડાયરો અને 'કચ્છ શક્તિ રાષ્ટ્રીય એવોર્ડ - ૨૦૧૭' વિતરણથી કરાશે. કચ્છ શક્તિનું સતત આ ૩૭મું વર્ષ છે.

એ ઉપરાંત કસુંબલ લોકગાયક પદ્મશ્રી પુરુષોત્તમ ઉપાધ્યાયનું સન્માન કરાશે. સાથે સાથે ચિત્રલેખાના સહયોગથી કચ્છ શક્તિ દ્વારા 'શિક્ષણમાં માતૃભાષાનું મહત્ત્વ' એ નિબંધ સ્પર્ધાના વિજેતાઓને પારિતોષિક વિતરણ કરાશે. સમારંભમાં અતિથિ વિશેષ તરીકે શિવસેના પક્ષ પ્રમુખ ઉધ્ધવ ઠાકરે ઉપસ્થિત રહેશે એમ કચ્છ શક્તિના પ્રમુખ હેમરાજ શાહે જણાવ્યું છે.

કચ્છ શક્તિ રાષ્ટ્રીય ઍવોર્ડ - ૨૦૧૭માં કચ્છ રત્ન એવોર્ડ ઉજ્જૈન મધ્ય પ્રદેશના તરુણભાઈ શાહ (લોડાયા), રાજકારણ રત્ન ઍવોર્ડ કચ્છના ધારાસભ્ય અને માજીમંત્રી શ્રી તારાચંદભાઈ છેડા અને કચ્છ માંડવીના પણ હાલે મુંબઈ જોગેશ્વરીના નગરસેવિકા સૌ. રાજુલ પટેલ, સમાજ રત્ન ઍવોર્ડ બેંગ્લોરના અમુભાઈ રૂખાણા, જડશુ ગુડા - ઓરિસ્સાના નિમેષભાઈ આથા અને હૈદ્રાબાદના સુશીલભાઈ કાપડિયા.

નારી રત્ન ઍવોર્ડ રાજશ્રી જયેશ વોરા, અને પી.એસ.આઈ. વાગડના પ્રથમ કુ. શીતલ એ. નીસર, ઈવેન્ટ મેનેજમેન્ટ ઍવોર્ડ મુંજાલ ઈવેન્ટના રાજુભાઈ સાવલા, નાટ્ય રત્ન ઍવોર્ડ સુનિલ વિશ્રાણી, પત્રકાર ઍવોર્ડ કચ્છમિત્રના ફકીર મામદ ચાકી, ફોટોગ્રાફી ઍવોર્ડ કચ્છ માંડવીના સતીષ શનિશ્ચરા, શિક્ષણરત્ન ઍવોર્ડ ડૉ. ગુલાબ દેઢિયા, સમાજસેવા ઍવોર્ડ મણિકાંત આર. શાહ, ઉદ્યોગરત્ન ઍવોર્ડ છેડા જ્વેલરીના પરાગ છેડા અને જાણીતા બિલ્ડર્સ ચેતન ભાનુશાળી, ડિફેન્સ ટેકનોલોજી ઍવોર્ડ મુંજાલ શાહ (રાંભિયા), વ્યાપાર રત્ન ઍવોર્ડ ટોપ-૧૦ મોબાઈલના અમરશી સત્રા, ખુશાલ વીરમ કારિયા અને જે.એમ. કોઠારી એન્ડ સન્સના દીપક અને મનોજ કોઠારીનો સમાવેશ થાય છે.

કાર્યક્રમનું સંચાલન ઉત્તમ છેડા કરશે. ઍવોર્ડ પસંદગી સમિતિમાં હેમરાજ શાહ, ભરતભાઈ દનાણી, કનૈયાલાલ જોશી, કિશોર વ્યાસ, સૌ. તરલા જયંતભાઈ છેડા, દેવચંડ છેડા અને હીરાચંદ દંડનો સમાવેશ છે. ■

## ઉચ્ચ અભ્યાસ અને હોમ સીકનેસ

(અનુ. : પાના નં.-૨૨ ઉપરથી ચાલુ)

તથા ખૂબ સંતોષકારક બને છે. પુત્ર-પુત્રીને સધિયારો મળે છે અને નવું બળ મળે છે.

- **માતા-પિતા વડીલોએ સંતાપ ન કરવો :**

અતિશય સેન્સિટીવ વડીલો અને માતા-પિતા પોતાના બાળક અર્થાત વિદ્યાર્થી પુત્ર-પુત્રીની ખૂબ જ ચિંતા કરતા રહે, વિષાદ કરતા રહે, વારંવાર મોબાઈલ કરતા રહે, વિદ્યાર્થી જ્યારે ઘર છોડી અભ્યાસાર્થે જાય ત્યારે રડવા લાગે. આ તમામ પ્રક્રિયાઓ પુત્ર પુત્રી પર વિપરીત અસર કરે. પરિણામે એવી લાગણી વિશેષ અભ્યાસમાં આડખીલીરૂપ જ બને. માટે હસતાં હસતાં વિદાય આપવી એ સારો માર્ગ છે.

- **કંઈક મેળવવા કંઈક જતું કરવું પડે :**

આ ફાની જગતમાં આપણું ધાર્યું બધું જ થતું નથી. આજે વિશ્વમાં એવો કોઈ માનવી નથી જેનું ધાર્યું બધું જ થાય. અથવા તો જેની પાસે તમામ સુવિધાઓ હોય અથવા જેને કોઈ અસુવિધા – શારીરિક, માનસિક, આર્થિક ના હોય. 'સંતોષી નર સદા સુખી' એ કહેવત સત્ય છે. જીવનમાં ચાલશે, ફાવશે, ભાવશે – આ ભાવો શાંતિ બક્ષે છે.

- **ઇષ્ટ અને સદ્ગુરુમાં શ્રધ્ધા :**

જેમ અનેક નદીઓ સમુદ્રને મળે છે તેમ અનેક ભક્તો પછી તે કોઈ પણ ધર્મના હોય તેમની શ્રધ્ધાપૂર્વકની અવિરત પ્રાર્થના ભગવાન અને કોઈ સમર્થ સદ્ગુરુ હોય તો તે અવશ્ય સાંભળે છે. એટલું જ નહીં, ભક્તની વિટંબણાઓનો ત્વરિત નિકાલ કરે છે. આ તો અદશ્ય શક્તિ વિદ્યમાન છે.

*"સહજાનંદ", ૬-એ, લીમડા લાઈન,*
*શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

*પ્રેમ દબાણ ન કરે, એ તો સદા સમર્પણ કરે.*

# વિવિધ માહિતી

## માનવ શરીરનું જાણવા જેવું

- લોહીમાંના લાલ કણો ૨૦ સેકંડમાં આખા શરીરમાં ફરી વળે છે.
- માનવ મગજ શરીરનું સૌથી વધુ શક્તિ વાપરતું અવયવ છે.
- માણસનું નાનું આંતરડું ૨૨ ફૂટ લાંબુ હોય છે.
- માણસનું હૃદય લોહીને ૩૦ ફૂટ દૂર ફેંકી શકે તેટલું દબાણ પેદા કરે છે.
- માણસના શરીરના તમામ હાડકાંનું વજન કુલ વજનના ૧૪ ટકા હોય છે.
- માણસના શરીરના વજનનો ૧૫ ટકા ભાગ ચામડી રોકે છે.
- માણસની હોજરીની અંદરનું આવરણ દર ૧૫ દિવસે નવું બને છે.
- માણસ બોલવા માટે લગભગ ૭૨ સ્નાયુઓનો ઉપયોગ કરે છે.

## અજબ ગજબ

- પૃથ્વી પર દેખાતા અર્ધચંદ્ર કરતા પૂનમના ચંદ્રનો પ્રકાશ નવ ગણો હોય છે એટલે પૂનમની રાત અજવાળી હોય છે.
- જન્મથી જ અંધ હોય તેવા લોકોને સ્વપ્ન આવે ખરું પણ માત્ર અવાજ સંભળાય છે, દૃશ્ય દેખાતું નથી.
- વિશ્વમાં કેમિકલ ઉદ્યોગમાં વપરાતી ચાંદીનો અડધો ભાગ ફોટોગ્રાફી અને અરીસા બનાવવામાં વપરાય છે.
- રશિયા બે મહાદ્વીપો વચ્ચે ફેલાયેલો દેશ છે. પૃથ્વીનો છઠ્ઠો ભાગ તે રોકે છે.
- વિશ્વની સૌપ્રથમ ઓલિમ્પિક ઈથોપિયામાં ઈ.સ. ૧૮૯૬માં યોજાયેલી. એમાં નવ દેશોએ ભાગ લીધેલો.
- રેઈન ફોરેસ્ટમાં લોકો જંગલમાં રાત્રે આગિયા જીવડાને પકડી કાચની બોટલમાં પૂરી દે છે. પછી તેનો ફાનસની જેમ પ્રકાશ મેળવવા ઉપયોગ કરે છે.
- વિશ્વનું પ્રથમ ઝુ રોમન સમ્રાટ પહેલાએ ઈ.સ. ૧૭૫૨માં વિયેનામાં બનાવેલું.
- ઈટાલીનું વેનિસ શહેર નાના ૧૧૮ ટાપુઓનું બનેલું છે. તેને તરતું શહેર કહે છે. તેમાં ૪૦૦ જેટલા પૂલ છે અને લોકો હોડીમાં આવ-જા કરે છે.
- પેરિસનો પ્રસિધ્ધ એફિલ ટાવર લોખંડનો બનેલો છે. ઉનાળામાં ગરમીને કારણે તેનું કદ વધે છે અને ઊંચાઈમાં નવ સેન્ટીમીટરનો વધારો થાય છે.

## આંખ વિશે આ પણ જાણો

- સજીવ સૃષ્ટિમાં કરોડો વર્ષ પહેલાં પૃથ્વી પર પેદા થયેલા એક કોશી જીવમાં ફોટોરિસેપ્ટર પ્રોટીનના ટપકાં જેવી આંખ પણ હતી.
- ગર્ભસ્થ શિશુમાં બે સપ્તાહમાં જ આંખનું સર્જન શરૂ થાય છે.
- આંખ ખોપરીના પોલાણમાં દડા આકારે ગોઠવાયેલા નાજુક અવયવ છે. ઉંમર વધે છતાં તેનું કદ વધતું નથી.
- આંખમાં ૨૦ લાખ કરતાંય વધુ સ્નાયુઓ અને ભાગો છે.
- ચહેરા પર દેખાતો ડોળો આંખના બોલનો છઠ્ઠો ભાગ છે.
- મનુષ્યની આંખના બોલનો વ્યાસ લગભગ એક ઈંચ હોય છે અને વજન લગભગ દસેક ગ્રામ હોય છે.
- આપણી યાદદાસ્તોનો ૮૦ ટકા ભાગ આંખથી જોયેલા દૃશ્યોનો હોય છે.
- આંખની નજીવી ખામીઓ કે ઈજા ૪૮ કલાકમાં આપમેળે સાજી થઈ જાય છે.
- માત્ર માણસ અને કૂતરા જ અન્યની આંખોના ભાવ પારખી શકે છે.
- મગજ પછી માણસની આંખ સૌથી જટીલ અવયવ છે.
- આંખનો કોર્નિયા એ એક જ અવયવ એવો છે કે જેને લોહીની જરૂર પડતી નથી.

## એશિયા વિશે આટલું જાણો

આપણો દેશ એશિયા ખંડમાં આવેલો છે. એશિયા પૃથ્વી પરનો સૌથી મોટો ખંડ છે. પૃથ્વીની ૩૦ ટકા સપાટી એશિયા રોકે છે. પેસિફિક સમુદ્રથી કાળા સમુદ્ર સુધીના વિસ્તારને તે આવરી લે છે. ૪૪,૫૭,૯૦૦૦ ચોરસ કિ.મી.નો વ્યાપ ધરાવતો એશિયા અનેક વિક્રમી વિશેષતાવાળો ખંડ છે. ચીન અને ભારત જેવા મોટા દેશો સહિત એશિયામાં ૫૪ દેશો આવેલા છે. આ દેશો દક્ષિણ એશિયા, મધ્ય એશિયા અને પશ્ચિમ એશિયા એમ ત્રણ ગ્રુપમાં વહેંચાયેલા છે.

વિશ્વનું સૌથી ઊંચું શિખર એવરેસ્ટ અને વિશ્વનો સૌથી નીચો વિસ્તાર મૃત સમુદ્ર એશિયામાં છે. વિશ્વમાં સૌથી વધુ વરસાદ એશિયાના આસામમાં પડે છે. વિશ્વનું સૌથી ઊંડું સરોવર સાઈબીરિયાનું લેક બાઈબલ એશિયામાં છે. વિશ્વના હવામાન પર અસર કરનારા હિમાલય, કારાકોરમ, હિન્દુકુશ, પામીર જેવા શિખરો એશિયામાં છે. દક્ષિણ એશિયાના રેઈન ફોરેસ્ટમાં વિવિધ પ્રકારના અસંખ્ય વનસ્પતિ અને પ્રાણી સૃષ્ટિ જોવા મળે છે.

એશિયામાં બોલાતી ભાષાનું વૈવિધ્ય જોવા મળે છે. એશિયાના દરેક દેશોમાં અનેક ભાષા બોલાય છે. ભારતમાં ૭૮૦ ભાષા, ઈન્ડોનેશિયામાં ૭૦૦, ફિલીપાઈન્સમાં ૧૭૦ અને ચીનમાં અસંખ્ય ભાષાઓ આજે પણ પ્રચલિત છે.

## વિશ્વના વિજ્ઞાનીઓ

### દિનાંતર રેખા ગ્રીનવિચનો પ્રણેતા : જ્યોર્જ બિડેલ એરી

પૃથ્વી પરના વિવિધ દેશોમાં એક જ સમયે ઘડિયાળ જુદો જુદો

સમય બતાવે છે. પૃથ્વી ગોળાકાર અને ધરી પર ફરતી હોવાથી દરેક દેશો વારાફરતી સૂર્ય તરફ આવે છે. એટલે સમય જુદા જુદા હોય છે. ભારતમાં દિવસ હોય ત્યારે અમેરિકામાં રાત્રિ હોય છે તે જાણીતી વાત છે. વિમાન એક દેશમાંથી બીજા દેશમાં જાય છે ત્યારે સમયની ગરબડ સર્જાય છે. આ ગરબડને દૂર કરવા વિમાન કે જહાજ પૃથ્વી પર કાલ્પનિક ગ્રીનવિચ રેખા પસાર કરે અને બીજા ગોળાર્ધમાં જાય ત્યારે તેનો સમય બદલાવવાનો હોય છે. આ રેખાને દિનાંતર રેખા પણ કહે છે. ગ્રીનવિચ રેખા નક્કી કરનાર વિજ્ઞાની **જ્યોર્જ બિડેલ એરી** યુરોપનો મહાન ગણિતશાસ્ત્રી અને ખગોળશાસ્ત્રી હતો. તેણે બ્રિટનના રોયલ એસ્ટ્રોનોમર તરીકે નોંધપાત્ર સેવાઓ આપેલી. ગ્રહોની ભ્રમણકક્ષા, પૃથ્વીની ઘનતા અને નેપ્ચ્યુન અંગે મહત્ત્વપૂર્ણ સંશોધનો કરીને તે જાણીતો થયેલો.

જ્યોર્જ બિડેલનો જન્મ ઇ.સ. ૧૮૦૧ના જુલાઈની ૨૭મી તારીખે બ્રિટનના વેસ્ટમોલેન્ડના આલ્વીક ગામે થયો હતો. તેનો પરિવાર લેંકેશાયરમાં સ્થાયી થઈને ખેતી કરતો હતો. સ્થાનિક સ્કૂલમાં પ્રાથમિક અભ્યાસ કરીને રોયલ ગ્રામર સ્કૂલમાં જોડાયો હતો. ૧૩ વર્ષની ઉંમરે તેના કાકાએ તેને કેમ્બ્રિજના એક ગણિતશાસ્ત્રી સાથે મુલાકાત કરાવી. ત્યારબાદ અન્ય પ્રોફેસરોએ બિડેલની પરીક્ષા લીધી. જેમાં તે તેજસ્વી પુરવાર થયો. ઇ.સ. ૧૮૨૧માં તેને ટ્રીનીટી કોલેજમાં પ્રવેશ મળ્યો. ત્યાં તે તેજસ્વી કારકિર્દીથી પ્રસિધ્ધ થયો. ટ્રીનીટી કોલેજમાંથી તેને ઘણા સન્માન અને ઇનામ મળ્યા. ઇ.સ. ૧૮૨૮માં કેમ્બ્રિજ ઓબ્ઝર્વેટરીમાં તે મુખ્ય ખગોળશાસ્ત્રી તરીકે સ્થાન પામ્યો. ઇ.સ. ૧૮૩૬માં રોયલ સોસાયટીના સભ્ય તરીકે ચૂંટાયો. ત્યારબાદ નેધરલેન્ડ અને રોયલ એકેડેમિમાં તેને સન્માનનીય સ્થાન મળ્યા. કેમ્બ્રિજ ઓબ્ઝર્વેટરીમાં ટાંચા સાધનોમાંયે તેણે મહત્વપૂર્ણ અવલોકનો લખ્યા અને ઓબ્ઝર્વેટરીમાં નવા સાધનો પણ વસાવ્યાં. લોલકના આધારે તેણે પૃથ્વીની ઘનતા માપવાના મહત્ત્વપૂર્ણ સંશોધનો કર્યા હતા.

ઇ.સ. ૧૮૩૫માં એરી ગ્રીનવીચમાં ટ્રાન્ઝીટ સર્કલ રૂમમાં હતો. તે દરમિયાન તેને બ્રિટનના એસ્ટ્રોનોમર રોયલ તરીકે નિમણૂંક મળી. લાંબાગાળા સુધી આ સ્થાને સેવાઓ આપી મહત્ત્વપૂર્ણ સંશોધનો કર્યા. ઇ.સ. ૧૮૫૧માં તેણે ગ્રીનવીચ લાઇનની શોધ કરી. ઇ.સ. ૧૮૮૪માં તે આંતરરાષ્ટ્રીય કક્ષાએ માન્ય થઈ હતી. ઇ.સ. ૧૮૮૧માં તે નિવૃત્ત થઈને ગ્રીનવીચ ખાતે સ્થાયી થયેલો.

રોયલ એસ્ટ્રોનોમિકલ સોસાયટીના પ્રમુખપદ સહિત એરીને ઘણા સન્માન મળેલા. ઇ.સ. ૧૮૯૨ના જાન્યુઆરીની બીજી તારીખે તેનું અવસાન થયું હતું.

## વિશ્વના વિજ્ઞાનીઓ
## ઇન્ડસ્ટ્રીયલ ફર્મેન્ટેશનનો શોધક : કેઇમ વિઝમેન

ફર્મેન્ટેશન એટલે આથો આવવો. કેટલાક વનસ્પતિજન્ય પદાર્થોમાં બેક્ટેરિયા પેદા થઇ આથો આવતો હોય છે. ખમણ, ઢોકળા, જલેબી જેવી વાનગીઓ તેમજ દહીં અને દારૂ પણ બેક્ટેરિયા દ્વારા આથો આવવાથી બને છે. કેમિસ્ટ્રીમાં ફર્મેન્ટેશનનું ઘણું મહત્ત્વ છે. ઉદ્યોગોમાં તેનો ઉપયોગ થાય છે. **કેઇમ વિઝમેન** નામના વિજ્ઞાનીએ ઇન્ડસ્ટ્રીયલ ફર્મેન્ટેશનની શોધ કરેલી. તેણે બેક્ટેરિયાની મદદથી એસિટોન, બુટાનોલ અને ઇથાનોલ પેદા કરવાની રીત શોધી. વિશ્વયુદ્ધ દરમિયાન શસ્ત્રો બનાવવામાં એસિટોનની જરૂર પડતી. વિઝમેને શેરડી, મકાઇ જેવા કાર્બોહાઈડ્રેટ અને ગ્લુકોઝમાંથી આ જરૂરિયાત પૂરી પાડવામાં મદદ કરેલી જેને કારણે બ્રિટીશ રાજમાં તે પ્રસિદ્ધિ અને સન્માન પામેલો.

કેઇમ વિઝમેનનો જન્મ ઇ.સ. ૧૮૭૪ના નવેમ્બરની ૨૭મી તારીખે બેલારૂસના મોટેલ ગામે થયો હતો. તે સમયે બેલારૂસ રશિયાના તાબામાં હતું. કેઇમ વિઝમેન યહૂદી પરિવારમાં જન્મેલો. તેના પિતા લાકડાના વેપારી હતા. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ બેલારૂસમાં લઈને વધુ અભ્યાસ માટે જર્મની આવેલો. ઇ.સ. ૧૮૯૪માં પોલિટેકનિક ઇન્સ્ટિટ્યૂટમાં ઉચ્ચ અભ્યાસ માટે બર્લિન અને સ્વીટ્ઝર્લેન્ડ ગયો. ત્યાં તેણે કેમિસ્ટ્રીમાં પીએચ.ડી. કર્યું. ઉચ્ચ અભ્યાસ પૂરો કરી તે બ્રિટન ગયો અને માન્ચેસ્ટર યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે જોડાયો. આ દરમિયાન તેણે ઇન્ડસ્ટ્રીયલ ફર્મેન્ટેશનની શોધ કરી. તે સમયે બીજું વિશ્વયુધ્ધ ચાલતું હતું. સેનામાં શસ્ત્રો બનાવવા માટે એસિટોન ગેસની વ્યાપક જરૂર વિઝમેનની શોધથી સરળ બની.

વિઝમેન એસિટોન ફર્મેન્ટેશનની શોધથી વિશ્વપ્રસિધ્ધ થયેલો પરંતુ તે વિજ્ઞાન જગત કરતાં રાજકીય ક્ષેત્રે વધુ જાણીતો હતો. તેણે યહૂદીઓના વિકાસ અને હક્કો માટે ઝુંબેશ ચાલુ કરી. ઇઝરાયેલનો તે પ્રથમ પ્રમુખ ચૂંટાઈ આવેલો. જો કે તેણે પ્રમુખ કરતાં વિજ્ઞાન ક્ષેત્રે વધુ કામ કર્યું હતું. ઇઝરાયેલને તેણે વિશ્વ ફલક પર ઉજાળવા મહત્ત્વનું યોગદાન આપેલું. તેણે ડેમોક્રેટીક ઝિયોનિસ્ટ ફ્રેક્શન, વિઝમેન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ અને જેરૂસલેમમાં હિબ્રૂ યુનિવર્સિટીની સ્થાપના કરેલી. ઇ.સ. ૧૯૫૨ના નવેમ્બરની ૯ તારીખે તેનું અવસાન થયેલું.

## ઠંડી હવા ફેંકતું સાદું સાધન : એરકુલર

ઉનાળામાં ગરમી સામે રક્ષણ માટે ઘર અને ઓફિસોમાં પંખા, એરકુલર અને એરકન્ડિશનર જેવા સાધનો જાણીતા છે. પંખા ફરે અને હવા વિંઝાય છે. તેનાથી ગરમીમાં રાહત મળે છે. વધુ સુવિધા માટે એરકુલરનો ઉપયોગ થાય છે. એરકુલર ઠંડી હવા ફેંકતું સાદુ સાધન છે. એરકુલરની ચોરસ પેટીમાં એક તરફ પંખો હોય છે. પેટીના તળિયે પાણી ભરવામાં આવે છે. તેમાં વચ્ચે મુકેલી મોટર દ્વારા નળીમાં પાણી ઊંચે ચડે છે. નળી પંખા સિવાયની ત્રણ બાજુ સાથે વધુ શાખાથી જોડાયેલી છે. મોટર દ્વારા ચડેલું પાણી પેટીની ત્રણ બાજુઓ પર લગાડેલી ખસની ટટ્ટી પર પડ્યા કરે છે અને ટટ્ટી ભીની રહે છે. પંખો ચારે તરફથી હવા ખેંચીને બહાર ફેંકે છે. ભીની ટટ્ટીમાંથી પસાર થયેલી હવા ઠંડી થઈ રૂમમાં ફેંકાય છે. ખસ એ એક વનસ્પતિના મૂળિયા છે. તે સુગંધીદાર હોય છે. ઘાસ જેવા મૂળને એકઠા કરી ટટ્ટી બનાવાય છે. તેમાંથી પસાર થતી હવા સુગંધીદાર અને ઠંડી બને છે.

## એરકંડિશનર કેવી રીતે કામ કરે છે?

પરસેવો થયો હોય અને પંખાનો પવન લાગે ત્યારે ગરમી દૂર થઈ ઠંડીનો અનુભવ થાય છે. ચામડી પર સ્પીરીટ જેવું ઝડપી ઉડ્ડયનશીલ પ્રવાહી પડે ત્યારે તેટલા ભાગમાં ઠંડું ઠંડું લાગે. પ્રવાહી જ્યારે વાયુમાં રૂપાંતર પામે ત્યારે આસપાસની ગરમીનું શોષણ કરે

છે. પરસેવા પર પવન લાગે ત્યારે તેનું બાષ્પીભવન શોષણ થાય છે. આ સિધ્ધાંતના આધારે એરકંડિશનર મશીન કામ કરે છે. એરકંડિશનર ઈલેક્ટ્રિક પાવર વડે ચાલે છે. તેમાં કોમ્પ્રેસર, કન્ડેન્સર અને ઈવોપોરેટર એમ મુખ્ય ત્રણ સાધનો ઠંડી હવા પેદા કરવામાં ઉપયોગી થાય છે. એરકંડિશનરમાં વાયુમાં ટ્રાન્સફર થવા માટે ખાસ પ્રકારનું કૂલિંગ કેમિકલ વપરાય છે. કોમ્પ્રેસર હવાનું દબાણ પેદા કરે છે. કોમ્પ્રેસરમાં કૂલિંગ એજન્ટ પ્રવેશે ત્યારે ભારે દબાણ નીચે ગરમ થાય છે અને તે કન્ડેન્સરમાં પ્રવેશે ત્યારે પ્રવાહી બને છે. કન્ડેન્સરમાં સાંકડી નળીઓમાં તેનું બાષ્પીભવન થાય છે. એટલે આસપાસની ગરીનું શોષણ કરી હવાને ઠંડી કરે છે. ફરીથી ઠંડું થયેલું પ્રવાહી કોમ્પ્રેસરમાં જાય છે અને ફરી એ જ પ્રક્રિયા શરૂ થાય છે. એરકંડિશનર મશીનમાં કૂલિંગ કેમિકલ ફરતું રહે છે અને વારંવાર પ્રક્રિયા કરી ઓરડાને ઠંડા રાખે છે. આધુનિક એરકંડિશનરમાં ઘણી સુવિધા હોય છે. રીમોટ વડે તેને ઇચ્છિત તાપમાનમાં ગોઠવી શકાય છે. સોલાર પાવર વડે ચાલતા એરકંડિશનર પણ બન્યા છે.

## કમ્પ્યુટર નેટવર્ક વિશે આ પણ જાણો

ઘણા બધા કમ્પ્યુટર એકબીજા સાથે વાયર કે વાયરલેસ પધ્ધતિથી જોડાઈ શકે છે. આ માળખાને નેટવર્ક કહે છે. તમારા ઘરમાં એકથી વધુ કમ્પ્યુટરને જોડીને નાનકડું નેટવર્ક ઊભું કરી શકો. નેટવર્કમાં જોડાયેલા દરેક કમ્પ્યુટરમાં નેટવર્કના બધા જ કમ્પ્યુટરનો ડેટા જોઈ શકાય છે. નાના નેટવર્ક એક એક મુખ્ય હબ વડે જોડાયેલા છે. અનેક શહેરોમાં રહેલા કમ્પ્યુટરને જોડતા નેટવર્ક રાઉટર મારફત કામ કરે છે. નેટવર્કના બધા કમ્પ્યુટર માહિતીની આપ-લે કરવા સર્વરનો આધાર લે છે. સર્વર બધા કમ્પ્યુટરનો નેતા છે. નેટવર્કના ઘણા પ્રકાર છે : પેન એટલે પર્સનલ એરિયા નેટવર્ક જે વ્યક્તિગત છે. લેન એટલે લોકલ એરિયા નેટવર્ક જે એક ઓફિસના કમ્પ્યુટરને જોડે છે. કેન એટલે કેમ્પસ એરિયા નેટવર્ક કૉલેજો અને યુનિવર્સિટી જેવા વિશાળ સંકુલોના કમ્પ્યુટરને જોડે છે. મેન એટલે મોટા શહેરના બધા કમ્પ્યુટરને જોડતું મેટ્રોપોલીટન એરિયા નેટવર્ક. ભવિષ્યમાં સમગ્ર વિશ્વના કમ્પ્યુટરોને જોડતું 'વેન' એટલે કે વાઇડ એરિયા નેટવર્ક પણ તૈયાર થઈ રહ્યું છે.

## અવાજનું રેકોર્ડિંગ કરતા માઇક્રોફોનમાં શું હોય છે?

માઈક્રોફોન ટચુકડું સાધન છે. તે બહારના અવાજને ઝીલીને બીજા સાધનમાં મોકલી શકે છે અને રેકોર્ડિંગ પણ કરી શકે છે. માઈક્રોફોનની રચના સાદી છે. અવાજના મોજા હવામાં ફેલાય છે અને તેના સંપર્કમાં આવતી ચીજોમાં ધ્રુજારી પેદા કરે છે. માઇક્રોફોનમાં કાર્બન, પ્લાસ્ટિક કે સિરામિકનો પાતળો પડદો હોય છે. આ પડદા પર અવાજ અથડાય ત્યારે ધ્રુજારી પેદા થાય છે. ધ્રુજારી અવાજના લય અને પ્રમાણમાં હોય છે. આ પડદા સાથે તાંબાના વાયરની વોઇસ કોઈલ જોડાયેલી હોય છે. પડદો ધ્રુજે ત્યારે કોઈલ ચક્રાકાર ફરે છે. તેની આસપાસ મેગ્નેટ હોય છે. મેગ્નેટ વચ્ચે વાયરની કોઈલ ફરે ત્યારે વીજ પ્રવાહ પેદા થાય છે. આ વીજપ્રવાહ અવાજના પ્રમાણમાં વધઘટ થતી હોય છે એટલે વીજપ્રવાહના પલ્સ રચાય છે. આ વીજ પ્રવાહને ઓડિયો સિગ્નલ કહે છે. તે વાયર દ્વારા દૂરના સાધન કે સ્પીકર સુધી મોકલી શકાય છે.

## ઇન્ટરનેટના વિકાસનું અવનવું

રેડિયો, ટી.વી., ટેલિફોન કે સંદેશા વ્યવહારની કોઈ પણ શોધ કરતાં ઇન્ટરનેટનો વિકાસ ખૂબ જ ઝડપથી થયો છે. ઇ.સ. ૧૯૬૯માં અમેરિકામાં પોલ બેટના નામના ભેજાબાજની ટીમે કેલિફોર્નિયા સ્ટેનફોર્ડ અને ઉટાહની યુનિવર્સિટીના કમ્પ્યુટરોને પ્રથમ વાર ટેલિફોનની લાઈન વડે જોડ્યા. તેમણે આ નેટવર્કને 'આર્માનેટ' નામ આપેલું. આર્માનેટ માત્ર સરકારી શૈક્ષણિક હેતુ માટે હતું. અમેરિકાના નેશનલ સાયન્સ ફાઉન્ડેશને વિજ્ઞાનના પ્રસાર માટે પોતાનું નેટવર્ક સ્થાપવા પરવાનગી લઈ સીએલનેટ સ્થાપ્યું. આ બે નેટવર્કની સફળતા પછી ઇ.સ. ૧૯૮૩માં ઇન્ટરનેટ સ્થપાયું. આજે વિશ્વના કમ્પ્યુટરોને જોડતુ વર્લ્ડ વાઇડ વેબ ૩૬૦૦૦ કિ.મી.ની ઊંચાઈએ ઘૂમતા સેટેલાઈટની મદદથી કામ કરે છે. ઇન્ટરનેટમાં દાખલ થવા પહેલાં સર્વર અને પછી ગેટવેનો ઉપયોગ થાય. આ માટે સર્વિસ પ્રોવાઇડર પાસેથી કનેક્શન લેવું પડે. ઇન્ટરનેટ એક જટીલ અને વિશાળ માળખું છે. તેના વિશે આખું પુસ્તક લખી શકાય. ખરી મજા તો ઇન્ટરનેટ પર જુદી જુદી વેબસાઇટ ફંફોળી જ્ઞાન અને માહિતી મેળવવા માટે છે. વર્લ્ડ વાઇડ વેબ પર લાખો પાનામાં અઢળક માહિતી છે. એક જ શબ્દ લખી તે અંગે માહિતી મેળવવામાં સર્ચ એન્જિન હોય છે. આ સર્ચ એન્જિન દરેક વેબસાઇટનો ડેટાબેઝ તૈયાર રાખે છે. માહિતી શોધવા માટે સર્ચ એન્જિનમાં સ્પાઇડર નામનો પ્રોગ્રામ હોય છે. આ સ્પાઇડર ગણતરીની પળોમાં ઇન્ટરનેટના જાળામાં ફરી વળે છે અને માંગેલી માહિતીના હજારો પાના કે ચિત્રો એકાદ સેકંડમાં જ રજૂ કરે છે.

## વીજળીનો વ્યવહારમાં ઉપયોગ કેવી રીતે શક્ય બન્યો?

એક સ્વીચ દબાવતા જ લાઈટ, પંખો કે ઇલેક્ટ્રિક સાધનો ચાલુ કે બંધ થાય તે સરળ અને સાદી વાત છે. પરંતુ આ સાદી વાત શોધવામાં વિજ્ઞાનીઓએ વર્ષો સુધી મહેનત કરેલી. વીજપ્રવાહ વડે ધાતુ કે અન્ય તાંતણા પ્રકાશ આપે તે વાત લોકો જાણતા હતા પરંતુ તેને કાબૂમાં લઈ પ્રકાશ આપતો બલ્બ થોમસ આલ્વા એડિસને ખૂબ મહેનત કરીને શોધ્યો. ૧૮મી સદીના અંત સુધી ફેરાડે, ઓહમ, એમ્પિયર જેવા વિજ્ઞાનીઓએ વીજળી વિશે ઘણા સંશોધનો કર્યા. વીજળી વિશે પૂરેપૂરી જાણકારી મળી ગઈ પણ તેનો સાધનોમાં ઉપયોગ ક્યાંય થતો નહીં. ઘણા એન્જિનો સ્ટીમ વડે ચાલતા. વાહનો પ્રાણીઓ વડે ચાલતા. કેટલાક વિજ્ઞાનીઓને આ બધું વીજળીથી ચાલે કે કેમ? તેવો વિચાર સુઝ્યો. જોસેફ હેન્રી નામના વિજ્ઞાનીએ ઇ.સ. ૧૮૨૯માં બેટરી વડે તોતિંગ મેગ્નેટ બનાવી તેના વડે લોખંડની વજનદાર ચીજો ઊંચકવાનો પ્રયોગ કર્યો. વીજળીનો માણસ માટે આ પ્રથમ ઉપયોગ હતો. ઇ.સ. ૧૮૩૨માં હિપોલાઇટ, ફ્લોટિસ નામના વિજ્ઞાનીઓએ વીજળી ઉત્પન્ન કરવા માટે ડાયનેમો બનાવ્યો. ઇ.સ. ૧૮૩૪માં માઇકલ ફેરાડેએ પ્રિન્ટીંગ પ્રેસ ચલાવવા પ્રથમવાર મોટરનો ઉપયોગ કર્યો. ઇ.સ. ૧૮૮૦ના ગાળામાં ઘણા નાના વાહનો ઇલેક્ટ્રિક વડે ચાલતા થયા.

આજે ઇલેક્ટ્રિક સૌથી વધુ ઉપયોગી થતી ઉર્જા છે. આપણા મોટાભાગના સાધનો વીજળી વડે કામ કરે છે. બેટરી આ સાધનોની જીવાદોરી છે. આપણે સાહજિકતા અને સરળતાથી વીજળીનો ઉપયોગ કરીએ છીએ પણ તેની પાછળ અનેક વિજ્ઞાનીઓની લાંબાગાળાની મહેનત અને સુઝબુઝની મહત્ત્વની ભૂમિકા છે. ■

# વર્તમાનપત્રોના આધારે

## હેડ ટ્રાન્સપ્લાન્ટ : ભવિષ્યનું 'હેવન' સાબિત થશે

ડૉ. સર્જીઓ કેનાવેરોએ વિશ્વનું પ્રથમ હેડ ટ્રાન્સપ્લાન્ટ ઓપરેશન ૨૦૧૭ના અંત સુધીમાં કરવાનું નક્કી કર્યું છે. જે માટે તેમણે 'હેવન' અને 'જેમીની' કાર્યક્રમ પણ અમલમાં મૂક્યો છે. હેડ ટ્રાન્સપ્લાન્ટનો પ્રથમ પ્રયોગ રશિયાના ૩૧ વર્ષના કોમ્પ્યુટર સાયન્ટીસ્ટ વેલેરી સ્પીરીડોનોવ પર કરવામાં આવશે. તેને એક ખાસ પ્રકારનો રોગ છે જેના કારણે સ્નાયુઓ સંકોચાઈને શરીર ખૂબ જ નાનું બની ગયું છે. જો હેડ ટ્રાન્સપ્લાન્ટની ઘટનામાં ડૉ. કેનાવેરોને સફળતા મળશે તો તબીબી જગતનું ભવિષ્ય ઉજ્જવળ બની જશે. ક્રાયોપ્રીજરવેશન દ્વારા સચવાયેલા અંગોમાં નવો પ્રાણ ફુંકી શકાશે. ડૉ. કેનાવેરોનું 'વિઝન' ખૂબ જ સ્પષ્ટ છે. તેઓ કહે છે કે....

"આપણા DNA માંથી આપણા પોતાનો વીસ વર્ષનો યુવાન 'ક્લોન' આપણે માત્ર એક વર્ષના ગાળામાં ઝડપી પ્રક્રિયા વડે મેળવી શકીશું. ૮૦ વર્ષના વૃધ્ધનું માથું આપણા જ ૨૦ વર્ષના 'ક્લોન' શરીર પર બેસાડી શકાશે. યુવાન લોહીથી મગજ ધોવાઈને સ્વચ્છ અને વધારે સક્રિય બનશે. આવતા વર્ષે ડૉ. કેનાવેરો હેડ ટ્રાન્સપ્લાન્ટની સર્જરી કરશે. ત્યારબાદ બ્રેઈન ટ્રાન્સપ્લાન્ટની સર્જરી કરવામાં આવશે.

અમેરિકામાં હાલમાં બે કંપની ક્રાયોનિક્સ - એલકોર એરીઝોના અને ક્રાયોનિક્સ ઈન્સ્ટિટ્યૂટ મિશિગને કેટલાક ધનાઢ્ય લોકોનાં શરીર અને માંથા ક્રાયો - પ્રિઝર્વેશન વડે સાચવી રાખ્યા છે. ડૉ. કેનાવેરો ક્રાયોનિક્સ એલ-કોર વડે સાચવી રાખેલ 'માથા'નું દાતા શરીર પર પ્રત્યારોપણ કરીને હેડ ટ્રાન્સપ્લાન્ટના ઈતિહાસમાં ચાર ચાંદ લગાવવાની તૈયારી કરી રહ્યા છે.

જર્મન મેગેઝીન 'ઉમ'ને મુલાકાત આપતા કેનાવેરોએ કહ્યું હતું કે "૨૦૧૮માં જ ક્રાયોનિક્સ દ્વારા થીજવી રાખેલા મનુષ્ય માથાને અન્યના શરીર ઉપર બેસાડવામાં આવશે. હાલમાં અમે 'મગજ'ના પ્રત્યારોપણ અંગે સંશોધન કરી રહ્યાં છીએ. મગજ પ્રત્યારોપણના ખાસ ફાયદા પણ છે. જેમાં શરીરની રોગ પ્રતિરક્ષા પ્રણાલી દ્વારા મગજનાં રીજેક્શનની સમસ્યા વડે નડે તેમ નથી. મગજ એક ખરા અર્થમાં તટસ્થ અંગ છે. માથાનું પ્રત્યારોપણ કરવામાં આવશે ત્યારે "મૃત્યુ બાદ જીવન છે કે કેમ" એ સવાલનો જવાબ પણ મળી શકશે.

*ગુજરાત સમાચાર, તા. ૨૮-૫-૨૦૧૭*

## કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના નિયમિત પાણીથી થનાર ખેતી

હાલના આયોજન હેઠળ કચ્છ જિલ્લાના કુલ ૧,૧૨,૭૭૮ હેક્ટર (૨,૭૮,૫૬૧ એકર) પિયત વિસ્તારને સિંચાઇ હેઠળ આવરી લેવાનું આયોજન છે. કચ્છ શાખા નહેરની વહન ક્ષમતા કચ્છમાં આ કેનાલ દાખલ થાય ત્યાં પ્રતિ સેકન્ડ ૨૨૦ ઘન મીટરની રાખવામાં આવેલ છે. આ શાખાથી કચ્છ જિલ્લાના સાત તાલુકાના ૧૮૨ ગામોને લાભ મળશે કે જેની વિગત નીચે મુજબ છે.

| | *તાલુકા* | *ગામ* | *પિયત જમીનમાં સિંચાઈ થઈ શકશે (હેક્ટરમાં)* |
|---|---|---|---|
| ૧. | રાપર | ૪૭ | ૩૮,૫૬૧ |
| ૨. | ભચાઉ | ૩૩ | ૨૫,૯૩૫ |
| ૩. | ગાંધીધામ | ૮ | ૪,૧૩૪ |
| ૪. | અંજાર | ૨૪ | ૧૩,૩૬૭ |
| ૫. | મુંદ્રા | ૩૪ | ૧૮,૨૪૯ |
| ૬. | માંડવી | ૩૦ | ૧૧,૧૯૮ |
| ૭. | ભુજ | ૬ | ૧,૩૩૪ |
| | | | **૧,૧૨,૭૭૮** |

*ગુજરાત સમાચાર, તા. ૨૩-૫-૨૦૧૭*

## પશ્ચિમ કચ્છના ત્રણે તાલુકાને ૨૫ એમ.એલ.ડી. પાણી આપો

કચ્છના અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં પીવાનાં પાણીની અસહ્ય તંગી અંગે આક્રોશ સાથે અબડાસાના કોંગ્રેસી ધારાસભ્ય શક્તિસિંહ ગોહિલે મુખ્યમંત્રી સમક્ષ ૨૫ એમ.એલ.ડી. પાણીનો જથ્થો પૂરો પાડવા માંગ કરી હતી.

વધુમાં અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકા માટે ખીરસરા પોઈન્ટ ઉપર પાઈપ લાઈનનું ૨૫ એમ.એલ.ડી. પાણી આવે અને તેમાં બોરવેલનું ૨થી ૫ એમ.એલ.ડી. ઉમેરી શકાય તો જ ત્રણેય તાલુકાને જરૂરિયાત મુજબ લઘુત્તમ પાણી મળી શકે. કમનસીબે ખીરસરા પોઈન્ટ પર પૂરતું પાણી આપવામાં આવતું નથી અને હાડમારી પેદા થાય છે. ગઈકાલે ત્રણ જ એમ.એલ.ડી. પાણી આપવામાં આવ્યું. પરિણામે લોકો અને પશુધન તરસ્યા ટળવળે છે.

*કચ્છમિત્ર, તા. ૧૩-૫-૨૦૧૭*

## 'રણભૂમિમાં રેવા'
### કચ્છમાં નર્મદા નીરનું મહત્ત્વ દર્શાવતો અનોખો દસ્તાવેજ

કચ્છ - ગુજરાત માટે જીવાદોર સમી નર્મદા યોજનાના સિંચાઈનાં નીર રાપરથી ટપ્પર ડેમ તરફ આગળ ધપ્યાં એ પ્રસંગે કચ્છમિત્ર દ્વારા કચ્છ શાખા નહેરની વિકાસયાત્રા આલેખતા અહેવાલોનું દસ્તાવેજીકરણ 'રણભૂમિમાં રેવા' પ્રકાશિત કરવામાં આવ્યું છે. તાજેતરમાં ભુજ આવેલા ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી

અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલને આ પુસ્તક આપવામાં આવ્યું હતું અને દિવસ દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તેની નોંધ લઈને એક અખબાર પ્રેરિત પ્રયાસની પ્રશંસા કરી હતી.

તા. ૨૨-૫ના બપોરે સરકીટ હાઉસ ખાતે કચ્છમિત્રના તંત્રી દીપક માંકડે પુસ્તક ભેટ ધર્યું ત્યારે શ્રી રૂપાણીએ રસપૂર્વક જોઈને કહ્યું હતું કે, કચ્છની નર્મદા માટેની ઝંખના અને તે સાકાર કરવા માટે ટેકનોલોજીના પડકાર ઝીલીને સરકારે કરેલા પ્રયાસ બહુરંગી પુસ્તકમાં પ્રતિબિંબિત થાય છે. નીતિનભાઈ પટેલ અને પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ 'રણભૂમિમાં રેવા'ને અનોખો દસ્તાવેજ લેખાવ્યો હતો.

લગભગ ૧૪૮ પેજ અને પાકા મુખપૃષ્ઠ સાથેના અંકમાં નર્મદાની પ્રગતિના લેખાજોખા ઉપરાંત સરદાર સરોવર ડેમની વિશિષ્ટતા, તેના થકી થયેલો પ્રવાસન વિકાસ, વડાપ્રધાન શ્રી મોદીએ નર્મદા યોજના માટે લીધેલી જહેમત સતસવીર પ્રતિબિંબિત થાય છે તેમ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી રૂપાણી, નર્મદાનો હવાલો સંભાળતા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, નર્મદા નિગમના ચેરમેન એસ.એસ. રાઠોડ તેમજ કચ્છ શાખા નહેરની પ્રગતિના સાક્ષી એવા નિગમના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર મૂકેશભાઈ ઝવેરીની ખાસ મુલાકાત, નર્મદા પરિક્રમાના પ્રેરક અમૃતલાલ વેગડ લિખિત 'નર્મદાની આત્મકથા' વગેરે અનેક આકર્ષણ છે. રેવા એટલે નર્મદા. રણભૂમિ કચ્છ નર્મદાના નીરથી નવપલ્લવિત થતાં તેના વિકાસને ભારે વેગ મળશે એવો કેન્દ્રવર્તી સંદેશ અંકમાં ઝીલાયો છે.

*કચ્છમિત્ર, તા. ૨૩-૫-૨૦૧૭*

## ભારતીય છાત્રા રાજગૌરી આઇન્સ્ટાઇનથીયે 'બુદ્ધિશાળી'

તીક્ષ્ણ બુધ્ધિ માટે આલ્બર્ટ આઈન્સ્ટાઈન દુનિયાભરના ટોચની પ્રતિભા તરીકે પ્રખ્યાત છે ત્યારે ભલભલાને ચક્કર ખવડાવી દેતા અહીં ભારતીય મૂળની માત્ર ૧૨ વર્ષની છાત્રા રાજગૌરી પવારે આઈન્સ્ટાઈન અને સ્ટીફન હોકિંગ જેવી હસ્તીઓનેય આઈક્યુમાં પછડાટ આપીને મેનસા ટેસ્ટમાં ૧૬૨ ગુણ મેળવ્યા છે, જે આલ્બર્ટથી પણ બે ગુણ વધુ છે.

*કચ્છમિત્ર, તા. ૮-૫-૨૦૧૭*

## કાશ્મીરની શાળા કોલેજોમાં અભ્યાસ ઠપ્પ

તમને એ જાણીને નવાઈ લાગશે કે ૮ જુલાઈ, ૨૦૧૬ના આતંકવાદી બુરહાન વાનીની હત્યા બાદ શાળા અને કોલેજોમાં કોઈ અભ્યાસ પ્રવૃત્તિ ચાલતી નથી. ૮૧૭૧ પ્રાથમિક શાળાઓ, ૪૬૬૫ માધ્યમિક શાળાઓ, ૯૬૦ હાઈસ્કૂલ અને ૩૦૦ હાયર સેકન્ડરી શાળાઓમાં અભ્યાસ ઠપ્પ થઈ ગયો છે. છેલ્લા ૧૦ મહિનામાં માત્ર ૪૬ દિવસો જ શાળાઓ ખુલ્લી હતી. જબરદસ્તીથી શાળાઓને બંધ કરવામાં આવતાં અને કર્ફ્યુના કારણે બાળકોની જિંદગીને ભારે અસર થઈ રહી છે. બાળકો જ્યારે શાળાએ જાય છે ત્યારે તેમના વાલીઓને એ ખાતરી હોતી નથી કે તેમનું બાળક પાછું ફરશે કે નહીં. આ એક ખતરનાક સ્થિતિ છે કારણકે એક આખી પેઢીનું ભાવિ ધૂંધળું થઈ ગયું છે.

*કચ્છમિત્ર, તા. ૨૭-૫-૨૦૧૭*

## મેડીક્લેઇમના દાવા નકારતી કંપનીઓ સામે પગલા લો

જાહેર અને ખાનગી ક્ષેત્રની વીમા કંપનીઓ અતાર્કિક રીતે ગ્રાહકોના દાવા (ક્લેઈમ) નકારી કાઢે છે અથવા અધૂરી રકમ મંજૂર કરે છે. તે સામે સરકારે પગલાં લેવા જોઈએ તેવી માંગણી ગ્રાહક સુરક્ષા અને પગલાં સમિતિએ કરી છે.

સમિતિએ ગ્રાહકોને પણ જણાવ્યું છે કે આવા કિસ્સાઓને કન્ઝ્યુમર કોર્ટમાં પડકારે. અમે અમદાવાદ શહેર જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં ૧૨૫થી વધુ ફરિયાદો દાખલ કરી છે.

*ગુજરાત સમાચાર, તા. ૨૯-૫-૨૦૧૭*

## પેટીએમ બેંકના ફિચર્સ અને ફાયદા

★ ૨૫,૦૦૦/- જમા કરવા સાથે પહેલા દસ લાખ ગ્રાહકોને રૂા. ૨૫૦/- કેશબેક. આવી કેશબેકની ઓફર આપનારી પહેલી પેમેન્ટ બેંક.

★ ઓનલાઈન વ્યવહારો પર કોઈ ચાર્જ નહીં. શૂન્ય બેલેન્સથી જ ખાતું ખૂલી શકશે.

★ આઈએમપીએસ, આરટીજીએસ, એનઈએફટી પેમેન્ટ પર કોઈ ચાર્જ નહીં.

★ જમા રકમ પર ૪ ટકા વ્યાજ. જોકે, અગાઉ ખૂલી ચૂકેલી પેમેન્ટ બેંક એરટેલનું બચત ખાતા પર ૭.૫ ટકા અને ઈન્ડિયા પોસ્ટ બેંકનો ૫.૫ ટકા વ્યાજ દર છે. પરંતુ તેમાં ટ્રાન્ઝેક્શન ચાર્જ લાગે છે.

★ ભવિષ્યમાં રૂપે ડેબીટ કાર્ડ મળશે, જે પ્રથમવાર વિનામૂલ્યે. ડેબીટ કાર્ડમાં પણ પ્રથમ ત્રણ (મેટ્રો) અને પાંચ (નોન મેટ્રો શહેર) વ્યવહારો નિઃશુલ્ક. પછી ૨૦ રૂા. ચાર્જ. હાલમાં એરટેલ બેંક પણ કાર્ડ આપે છે એ ફિઝિકલ નહીં, પણ ઓનલાઈન વર્ચ્યુઅલ કાર્ડ અપાય છે.

★ પેટીએમથી ચેકબુક, ડિમાન્ડ ડ્રાફ્ટ પણ આપવાની યોજના. બચતખાતાની જેમ ચાલુ ખાતું પણ ખોલાવી શકાશે.

*કચ્છમિત્ર, તા. ૨૭-૫-૨૦૧૭*

## નેતાઓના ૫૧૩ કરોડનાં લેણા બાકી : એર ઇન્ડિયાને કેગનો ઠપકો

રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને વડાપ્રધાન દ્વારા ઉપયોગમાં લેવાતાં ખાસ ઉડ્ડયનો માટે રાષ્ટ્રીય એરલાઇન્સે લેણાં નીકળતા કરોડો રૂપિયાની રિકવરી ન કર્યા બદલ કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (સીએજી અથવા કેગ) એ એર ઈન્ડિયાને આજે ઠપકો આપ્યો હતો. ઉક્ત વીવીઆઈપી ચાર્ટર્ડ ઉડ્ડયનો પર થયેલા ખર્ચ વસુલવા વધુ પ્રયત્ન કરવા સરકાર અને એર ઈન્ડિયા લિ.ને સીએજીએ અનુરોધ કર્યો છે.

સીએજીએ, માર્ચમાં જારી કરેલા તેના છેલ્લામાં છેલ્લા રિપોર્ટમાં નોંધ કરી છે કે ૨૦૧૬ની ૩૧મી માર્ચે થતા વણચૂકવાયેલા ડ્યુઝની કુલ રકમ રૂા. ૫૧૩ કરોડ થવા જાય છે, જેમાંના ૪૨૭ કરોડ

વીવીઆઈપી ઉડ્ડયનો માટે અને રૂા. ૪૧ કરોડ વિદેશ મંત્રાલય માટે ખર્ચાયા છે. એર ઈન્ડિયા આવકની ખેંચનો સામનો કરી રહી હોવા છતાં વીવીઆઈપી પ્રવાસો અને ખાસ મિશનો માટેના ઈન્વોઈસ ઊભા કરવામાં છ માસ લગાડ્યા બદલ પણ સીએજીએ એર ઈન્ડિયાનો ઉધડો લીધો હતો.

*કચ્છમિત્ર, તા. ૧૨-૫-૨૦૧૭*

## સુરતમાં મહિલાઓની પિન્ક ઓટો દોડશે

સુરત મહાનગરપાલિકાએ મહિલા સશક્તિકરણ કાર્યક્રમ હેઠળ શહેરની આઠ મહિલાઓને પિન્ક રિક્ષા ચલાવવાની તાલીમ આપી છે. જે મહિલાઓ ઘરકામ કરીને પરિવારની જરૂરિયાત પૂરી કરતી હતી તેમજ જે સ્ત્રીઓ રોજગાર અર્થે ભટકીને છૂટક કામ કરે છે તેમને રિક્ષા ચલાવવાની તાલીમ આપી તેને ચોક્કસ રોજગારી આપશે. આગામી દિવસોમાં શહેરની બીજી ૧૫ મહિલાઓને ઓટો રિક્ષા ચલાવવાની તાલીમ આપવામાં આવશે.

રાજસ્થાન, મહારાષ્ટ્ર અને દિલ્હી સહિત દેશનાં બીજા અનેક રાજ્યોમાં મહિલાઓ રિક્ષા ચલાવે છે. મહિલા મુસાફરોની સુરક્ષાને ધ્યાને રાખીને ખાસ ગુલાબી રિક્ષા દોડાવવામાં આવે છે. સુરત શહેરમાં ૯૫ હજાર ઓટો રિક્ષા છે. ૬૫ લાખની વસતિ ધરાવતું સુરત શહેર મેટ્રો સીટી તરફની હરણફાળ દોટ ભરી રહ્યું છે.

*કચ્છમિત્ર, તા. ૧૨-૫-૨૦૧૭*

## તેરમા વર્ષે ઊંચાઈ છ ફૂટ છ ઇંચ

પાકિસ્તાનના કવેટા ખાતે રહેતા એક તેર વર્ષના છોકરાની ઊંચાઈ છે છ ફુટ છ ઈંચ. આ ઉંચાઈએ આ છોકરાનું જીવન અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે. શાળામાં ઊંચાઈને લઇ વિદ્યાર્થીઓ જ નહીં, પણ શિક્ષકો પણ ઠેકડી ઉડાવતા હોઈ તેને આઠમા ધોરણ પછી શાળા છોડવી પડી છે. તેને કોઈ મિત્ર નથી. ઘરમાં એકલો બેસી કંટાળી જતાં તે પાળેલાં પ્રાણીઓને જ પોતાના મિત્ર માને છે. તેની સાથે રમીને ટાઈમ પાસ કરે છે. તેમના કુટુંબી અને ખાસ કરીને માતા તેનું ખાસ ધ્યાન રાખે છે અને કહે છે કે આટલી મોટી ઊંચાઈ એ તો ગર્વની વાત છે.

*કચ્છમિત્ર, તા. ૧૧-૫-૨૦૧૭*

## સૌથી મોંઘો ફોન : રૂા. ૨.૩૦ કરોડ

સૌથી મોંઘા ફોન બનાવવા માટે જાણીતી વર્તુ કંપનીએ વિશ્વનો સૌથી મોંઘો મોબાઇલ ફોન તૈયાર કર્યો છે. જેની કિંમત રૂા. ૨.૩૦ કરોડ રૂપિયા છે. આ કંપની આ ફોનના માત્ર આઠ પીસ બનાવશે અને તેની ડિલીવરી હેલિકોપ્ટર દ્વારા કરવામાં આવશે. 'સિગ્નેચર કોબ્રા' નામના મોડેલમાં ૪૩૯ રૂબીના બે કોબ્રા તૈયાર કરવામાં આવ્યા છે. કોબ્રાની આંખો પન્ના મોતીથી બનાવવામાં આવી છે. આ ફોનમાં કેવા ફીચર્સ હશે તેની જાણકારી આપવામાં આવી નથી. પણ માત્ર ઈન્વિટેશન દ્વારા આ ફોન વેચવામાં આવશે.

*કચ્છમિત્ર, તા. ૨૬-૫-૨૦૧૭*

## મણિમંદિર - 'ગુજરાતી શાહજહાં' એ પ્રેમમહેલ બંધાવ્યો હતો

શાહજહાંએ પત્નીની યાદમાં તાજમહેલ બંધાવ્યો, તો ગુજરાતના રાજવીઓ પણ કંઈ કમ ન હતા. મોરબી નરેશ વાઘજી ઠાકોરે પણ પોતાની પ્રિયતમા મણિબાની યાદમાં મચ્છુકાંઠે મણિમંદિર (કે મણિમહેલ કે વાઘ મહેલ) બંધાવ્યો હતો. એ મહેલ સૌરાષ્ટ્રના તાજ મહેલ જેવો છે, તો વળી ઠાકોર વાઘજીને 'સૌરાષ્ટ્રના શાહજહાં' ની ઉપમા પણ મળી હતી. 'સૌરાષ્ટ્રના ઈતિહાસ' માં નોંધ્યા પ્રમાણે નરેશ વાઘજી પોતાના સેવક ગોકળદાસ ખવાસની દીકરી મણિના પ્રેમમાં પડ્યા હતા. મણિનું રૂપ જ ઇન્દ્રને પણ મોરબીમાં આવવા મજબૂર કરે એવુ હતું. મણિબા ૧૯૦૩માં અવસાન પામ્યા પછી વાઘજીએ મહેલ બાંધવાની શરૂઆત કરી હતી. ૩૦ લાખનો ખર્ચ કર્યા છતાંય વાઘજીની હયાતીમાં મહેલ પૂરો થઈ શક્યો ન હતો. એમના પછી ગાદીએ આવેલા તેમના પુત્ર લખધીરજીએ બીજા બે લાખ ખર્ચીને મહેલનું કામ પૂર્ણ કરાવ્યું હતું.

દૂરથી અદ્ભુત દેખાતો આ મહેલ અંદરથી પણ એટલો જ આકર્ષક છે. કુલ મળીને ૧૩૦ ઓરડા મહેલમાં છે. જોકે ૨૦૦૧ ના ભૂકંપે તેને ઘણું નુકસાન કર્યું હતું. લાખોમાં બનેલી ઈમારતનું કરોડો રૂપિયાના ખર્ચે હવે નવસર્જન થઈ ચૂક્યું છે. નદીના આ કાંઠે મણિ મહેલ, તો સામા કાંઠે નજરબાગ પેલેસ હતો. બન્ને વચ્ચે સરળતાથી આવ-જા થઈ શકે એટલા માટે વાઘજીએ એ વખતે ઝુલતો પુલ બંધાવ્યો હતો. ૨૩૦ મિટર લાંબો એ પુલ વાઘજી અને મણિબાના પ્રેમના તાંતણે આજેય ઝુલે છે.

એક જ બાંધકામમાં વિવિધ દેવી-દેવતાઓનો સમાવેશ થઈ શકે એ પ્રકારની ડિઝાઈન રાજના એન્જિનિયર ગોકળદાસ દફતરીએ દોરી આપી હતી. આકર્ષક કોતરકામ અને જયપુરના પથ્થરો મહેલના દેખાવને ભવ્યતા બક્ષે છે. દેશના શ્રેષ્ઠ મહેલોની યાદી તૈયાર થાય તો તેમાં મણિ મંદિરને અચૂક સ્થાન મળે.

## અંધશ્રધ્ધા

ચોતરફ ધાક બેસાડી ચૂકેલા વિજ્ઞાનયુગમાં પણ અંધશ્રધ્ધા ઘટવાને બદલે વધવા પામી છે. ધર્મ અડચણરૂપ નથી. ધર્મ પ્રત્યેની ખોટી માન્યતાઓ અને અંધશ્રધ્ધા અડચણરૂપ થયા છે. ધર્મની હદ જ્યાં પૂરી થાય છે ત્યાંથી જ અંધશ્રધ્ધાની હદ શરૂ થાય છે.

# વતનના વાવડ

• સંકલન : ભરત ઓઝા •

## રાષ્ટ્રીય નૃત્ય સ્પર્ધામાં કચ્છને ૩૮ એવોર્ડ

૧૦મેથી ૧૬ મે દરમ્યાન મહારાષ્ટ્રના ઔરંગાબાદ મધ્યે અખિલ લોકકલા કલ્ચરલ ઓર્ગેનાઇઝેશન દ્વારા આયોજિત 'યુનિવર્સિલ હારમની ૨૦૧૭' રાષ્ટ્રીય નૃત્ય સ્પર્ધામાં કચ્છના ફાળે ૩૮ રાષ્ટ્રીય પુરસ્કારો આવ્યા છે. આ રાષ્ટ્રીય નૃત્ય હરીફાઈમાં માધાપરમાં ઓધવબાગ અને ભુજમાં છઠ્ઠીબારી ભુજ મહિલા મંડળ સાથે કાર્યરત નુપૂર ડાન્સ એકેડેમિના સંચાલક વૈશાલી સોલંકીના માર્ગદર્શન હેઠળ ૩૦ કલાકારો દ્વારા પ્રસ્તુત સેમિ ક્લાસિકલ, મોડર્ન, ક્લાસિકલ અને લોકનૃત્યની કૃતિઓને ૨૩ રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યા છે. નુપૂર ડાન્સ એકેડેમિના કલાકારો દ્વારા પ્રસ્તુત કૃતિમાંથી ૯ને પ્રથમ, ૨ને દ્વિતીય, ૩ને ચેરમેન, ૨ને સેક્રેટરી અને ૪ને સ્પેશિયલ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. આ ૨૩ પુરસ્કારની સાથે નુપૂર ગ્રુપને કુલ ૭૮ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુરસ્કાર મળ્યા છે. દસ સોલો ડાન્સ, બે ડ્યુએટ ડાન્સ, ત્રણ ગ્રુપ ડાન્સ એમ કુલ પંદર કૃતિઓ, ક્લાસિકલ, સેમિ ક્લાસિકલ, લોકનૃત્ય અને મોડર્ન કેટેગરીમાં રજૂ થઈ હતી. અહીં ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૬માં જયપુર રાજસ્થાન ખાતે પણ કલાક્ષેત્ર ડાન્સ એકેડેમિની વિદ્યાર્થિનીઓએ જુદી જુદી કેટેગરીમાં ઇનામો મેળવ્યા હતા.

## ટેગ કરેલું પંખી કચ્છીએ કેમેરામાં કેદ કર્યું

આપણે એક ગામથી બીજે ગામ જઈએ તો રસ્તા, સાઇન બોર્ડ વગેરેની મદદથી મુસાફરી કરીએ. અરે હવે તો ગૂગલ મારફત વિશ્વના કોઈપણ છેડે રસ્તાની મદદ મેળવી શકીએ છીએ. પરંતુ આ ચાર ઈંચના પક્ષીઓ દર વર્ષે હજારો કિ.મી.ની મુસાફરી કરતા શી રીતે રસ્તા શોધતા હશે એન નિર્ધારીત જગ્યાએ નક્કી સમયે શી રીતે પહોંચતા હશે તેવો સવાલ ચોક્કસ ઉદ્ભવે. પક્ષીની પ્રવાસ કરવાની રીત અને રૂટ ઉપરાંત જીવનશૈલીનો અભ્યાસ કરવા માટે નિષ્ણાત રિંગર્સ દ્વારા પક્ષીના પગ ઉપર રિંગ પહેરાવાય છે અને અલગ અલગ કલર તથા નંબરવાળા ટેગ લગાવાય છે. જેના પરથી પક્ષીએ કરેલા પ્રવાસ, ખાસ કરીને પ્રજનનકાળ દરમ્યાનની મુસાફરી વગેરેની માહિતી મળે છે. જો કે, આ રિંગ અને ટેગ કરેલા પક્ષીની રીકવરીના ચાન્સ ખૂબ જ ઓછા હોય છે, સિવાય કે નસીબ હોય તો આ ટેગ નજરે ચડી જાય છે. છેલ્લા બે વર્ષથી આ ટેગ કરેલું પક્ષી મોઢવા બીચ પર દેખાયું. જેથી સુમન અને નીરવે બે-ત્રણ કલાક સુધી અમુક પક્ષીઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું અને આખરે તસવીર લેવામાં સફળતા મળી. મોઢવા માંડવી દરિયાકિનારે જ્યારે ટેગ કરેલા ગ્રેટર સેન્ડ પ્લાવર (મોટી ઢોંગીલી) પક્ષીને માર્ચ-૨૦૧૭માં જોયું અને મહામુશ્કેલીએ કેમેરામાં કેદ કર્યું ત્યારે આ પક્ષીની જાતનો સતત ત્રીજે વરસે એક જ જગ્યાએ કેમેરામાં જોવાનો ને કેમેરામાં કેદ કરવાનો સંભવતઃ વિશ્વનો આ પ્રથમ બનાવ બન્યો છે. એઓર્ચા ઈન્ટરનેશનલની વેબસાઈટ ઉપર મે મહિનાની ટોપ સ્ટોરી તરીકે આ બનાવ સ્થાન પામ્યો છે. તેમજ તેમના ફેસબુક પેજ પર પણ આ બનાવ રજૂ કરાયો છે. વિશ્વના ૨૦ દેશોમાં શાખા ધરાવનાર એઓર્ચા સંસ્થા કન્ઝર્વેશન અને અન્ય લોકોપયોગી કાર્યો કરે છે. આ સંસ્થા વતી કેન્યાના મીડા ક્રીકથી ૨૦૦૪માં એલ્યુમિનિયમ રિંગ પહેરાવવામાં આવેલી અને ૨૦૧૩માં ટીએ ઓરેન્જ ફ્લેગ લગાવવામાં આવેલો. આ પક્ષી તેનો બિનપ્રજનનકાળ સમય કેન્યામાં વિતાવે છે અને પ્રજનનકાળમાં કેન્યાથી લગભગ સાત હજાર કિ.મી. દૂર ચીન જાય છે અને તે દરમ્યાન ઓમાન થઈને ચારેક હજાર કિ.મી. દૂર મોંઢવા માંડવી થોડા દિવસ રોકાય છે. પક્ષી વૈજ્ઞાનિક કોલીન જેક્શને યુનિવર્સિટી ઓફ કેપટાઉનની ઇલેક્ટ્રોનિક જરનલમાં રજૂ કરેલા સંશોધનપત્રમાં નીરવ અને સુમનના ફોટોગ્રાફ સાથે માનભેર નોંધ લેવાઈ છે. રિંગ્ડ બર્ડને શોધવાની કપરી કામગીરી કરવા બદલ સુમન બેલડીને ઠેરઠેરથી અભિનંદન મળી રહ્યા છે.

## જ્યારે આદિપુર તોલાણીના છાત્રોએ વડાપ્રધાનના સ્ટાર્ટ અપ ઇન્ડિયાના સૂત્રને સાર્થક બનાવ્યું

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશના વિદ્યાર્થીઓનું કૌશલ્ય વિકસાવવા સ્ટાર્ટઅપ ઈન્ડિયાનું સૂત્ર આપ્યું છે. તોલાણી પોલીટેકનિક કોલેજમાં મિકેનિકલ એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓએ ટાયર ફાટવાથી થતા અકસ્માતોને અટકાવવા નવી પદ્ધતિ વિકસાવી વડાપ્રધાનના સ્ટાર્ટ અપ ઈન્ડિયાના સૂત્રને સાર્થક કર્યું છે. તોલાણી ફાઉન્ડેશન ગાંધીધામ પોલીટેકનિક કોલેજના મિકેનિકલ એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓએ ઓટોમેટીક ટાયર ઈન્ફ્લેશન સિસ્ટમ (એ.ટી.આઈ.એસ.) વિકસાવી છે.

આ પદ્ધતિ થકી ચાલતી ગાડીમાં ટાયરનું પ્રેશર જળવાઈ રહે અને ટાયર ફાટવાના લીધે થતાં અકસ્માતોને સદંતર ટાળી શકાય છે. ટાયર ફાટવાને લીધે થતાં અકસ્માતોને મહદ્ અંશે નિવારવા માટે આ ટેકનિકનો ઉપયોગ કરવાથી ચોક્કસ ફાયદો થશે. આ પધ્ધતિનું ભાવિ ખૂબ જ ઉજ્જવળ હોતાં આ સિસ્ટમને પેટન્ટ ફાઈલ કરવાનો નિર્ણય લેવાયો છે. સ્ટાર્ટઅપ ઇન્ડિયા યોજના હેઠળ આ સિસ્ટમને ખૂબ જ સારી રીતે વિકસાવી શકાય તેમ હોવાનું કોલેજના આચાર્યએ જણાવ્યું હતું. મિકેનિકલ ઈજનેરી વિભાગના વડાએ સમગ્ર પદ્ધતિને રસપૂર્વક નિહાળી તેમની કાર્યક્ષમતા વિશે સંતોષ વ્યક્ત કરી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. પ્રોજેક્ટના ગાઈડ તરીકે પ્રો. એચ.જી. સાગર, પ્રો. એમ.એસ. સોલંકીએ માર્ગદર્શન આપ્યું હતું.

## ભુજમાં સ્વામિનારાયણ મંદિર દ્વારા જિલ્લાની પ્રથમ વિજ્ઞાન પ્રવાહ મહિલા કોલેજ

કુમાર શિક્ષણમાં સ્વામિનારાયણ વિદ્યાલયના માધ્યમે કચ્છના હજારો છાત્રો માટે ઐતિહાસિક કામ કરનાર ભુજનું સ્વામિનારાયણ મંદિર ટ્રસ્ટ જૂન-૨૦૧૭થી કચ્છ જિલ્લાની સૌપ્રથમ વિજ્ઞાનપ્રવાહ મહિલા કૉલેજ શરૂ કરવા જઈ રહ્યું છે. કોઠારી પાર્ષદવર્ય જાદવજી ભગતે તદ્દન રાહતદરે - શિષ્યવૃત્તિ સાથે ઉચ્ચ ગુણવત્તા જાળવવાનો સંકલ્પ દોહરાવ્યો હતો. જિલ્લાની પ્રથમ વિજ્ઞાન પ્રવાહ મહિલા કૉલેજ સ્થાપવાનું માન સ્વામિનારાયણ મંદિર ભુજે પ્રાપ્ત કર્યું છે. જૂનથી પ્રથમ બેચ શરૂ થશે. કચ્છમિત્રને વિગતો આપતા મંદિરના વરિષ્ઠ કોઠારી પાર્ષદ વર્ય જાદવજી ભગતે કહ્યું કે વિજ્ઞાન પ્રવાહમાં દીકરીઓ માટે કચ્છમાં અલાયદી સગવડ ન હોવાથી ઘણી કન્યાઓ બી.એસસી.નો ઉચ્ચ અભ્યાસ કરવા ખચકાટ અનુભવતી હતી અને શિક્ષણ અધવચ્ચે છોડવાની નોબત આવતી હતી. આવી સ્થિતિમાં સાનુકૂળ વાતાવરણ, સંસ્કારયુક્ત પરિવેશ સાથે સ્વામિનારાયણ મંદિર નરનારાયણદેવ પ્રાયોજિત સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટિટ્યૂટ મહિલા શિક્ષણમાં નવી ક્ષિતિજો ખોલશે. ઓછી આવક ધરાવતા પરિવારો માટે ટોકન ફી, તેજસ્વી દીકરીઓ માટે શિષ્યવૃત્તિ મંદિરે જાહેર કરી છે. તે મુજબ ધોરણ-૧૨માં ૮૦ ટકા કે ઉપર ગુણાંકન ગશે તો ૭૫ ટકા શિષ્યવૃત્તિ, ૭૦ ટકાથી વધુ માટે ૫૦ ટકા રાહત અપાશે. સેમેસ્ટર શુલ્ક પાંચ હજાર છે તે ૧૨૫૦ જ્યારે સામાન્ય માટે ૨૫૦૦ રખાશે. સંસ્થાએ ગુણવત્તાસભર શિક્ષણનો નિર્ધાર વ્યક્ત કર્યો છે. સંસ્થા દ્વારા હાલ બી.એ., બી.કોમ. અંગ્રેજી - ગુજરાતી માધ્યમ ચાલુ છે. ભુજ - મીરજાપર માર્ગે આવેલું આ સંકુલ હાલ બે હજાર દીકરીઓના ધોરણ-૫થી ૧૨ સુધીના શિક્ષણનું કેન્દ્ર બન્યું છે. અહીં સહજાનંદ ડોટર ઈન્સ્ટિટ્યૂટનું સુવિધાયુક્ત બિલ્ડિંગ સર્જાયું છે. જ્યાં સંપ્રદાયના સંસ્કારયુક્ત સુરક્ષિત વાતાવરણમાં તમામ જ્ઞાતિજનો માટે સમાન શિક્ષણ સુવિધા અપાઈ રહી છે. વધુ વિગત માટે સંચાલક મંડળ વતી પ્રવીણભાઈ પિંડોરીયા ૯૮૨૫૨૨૫૪૮૯નો સંપર્ક કરવા સંસ્થાની એક યાદીમાં જણાવાયું છે.

## કચ્છમાં આ વર્ષે ચોમાસું તરબતર

વરસાદ કચ્છનો ભાગ્યવિધાતા છે. ચોમાસું નિષ્ફળ જાય, અધકચરો વરસાદ પડે તો કચ્છીઓને હૈયે ફાળ પડે. માટે જ આગામી ચોમાસું કેવું જશે, સારું જશે કે નબળું કે અતિ સારું તેના વર્તારા માટે તાજેતરમાં નખત્રાણા ખાતે બેઠક મળી હતી. જેમાં અભ્યાસુઓ દ્વારા આ વર્ષે તમામ પરિબળો વરસાદ માટે અનુકૂળ રહેશે તેવું તારણ કાઢવામાં આવ્યું હતું. આ બેઠકમાં દિવાળી બાદ વાતાવરણમાં થતા ફેરફારો, આકાશી દર્શન, ઓશિયા, વનરાઈ તેમજ વૃક્ષો પરથી ચોમાસાનું - વરસાદનું તારણ નીકળે છે. ઉપરોક્ત તમામ સંયોગો વરસાદ માટે અનુકૂળ હોતાં ચાલુ વર્ષે ચોમાસું ખૂબ જ સારું રહેશે તેવો ખેડૂત - તજજ્ઞો દ્વારા નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો. ભડલી વાક્યના આધારે જો વરસે આર્દ્રા તો બારેમાસ પાધરા, ચાલુ વર્ષે આગામી તા. ૨૨-૬થી આર્દ્રા નક્ષત્ર બેસે છે. આ નક્ષત્રમાં વાવણીલાયક વરસાદ પડશે તેવા અનુમાન સાથે આગાહી કરવામાં આવી છે. ત્યારબાદ અમુક દિવસોના વિરામ બાદ જુલાઈમાં ચોમાસું સક્રિય થતાં મધ્યમસર વરસાદ પડશે તો ઓગસ્ટ મહિનો વરસાદથી ભરપૂર રહેશે. ચાલુ વર્ષે કુદરતી રીતે ચોમાસાના એંધાણ કે શુકન આપતા ચિહ્નો જેમાં હોળીનો પવન દક્ષિણથી પશ્ચિમ ખૂણે વાતો હતો જેને અત્યંત શુભ માનવામાં આવે છે. ઉપરાંત અષાઢી બીજના બપોરે ૧૨ કલાકે એક ગજનો પડછાયો સાત તસુ હતો, જે સારા વરસાદની આગાહી કરે છે. અષાઢી બીજના દિવસે સૂરજ આથમ્યો તેનાથી ચંદ્ર ઉત્તર દિશાએ આથમ્યો હતો. સાથે વનરાઈમાં પીલુના ઝાડો, ખાખરાનાં વૃક્ષો, કંઢો સારા પ્રમાણમાં ખીલ્યા છે. ચાલુ વર્ષે એક અંદાજ પ્રમાણે આગામી તા. ૨૩-૬થી ૨૭-૬ સુધી પાંચ દિવસ વાવણીલાયક વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારબાદ તા. ૧૮-૭થી ૨૧-૭ દરમ્યાન મધ્યમસર વરસાદ પડવાની સંભાવના છે. ઓગસ્ટ ૨૦૧૭માં તા. ૧૯-૮થી ૨૭-

૮ — એમ નવ દિવસ સુધી જિલ્લામાં સર્વત્ર ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી. તા. ૯-૯થી ૧૪-૯ સુધી હળવો વરસાદ, તા. ૧૮-૯થી ૨૨-૯ સુધી પાંચ દિવસ વરસાદ પડવાનું તારણ કાઢવામાં આવ્યું હતું. આ બેઠકમાં ખેડૂત અગ્રણી જયંતીભાઈ રતનશી પટેલ, હરિપુરા - નીરોણા, ભીમજીભાઈ હંસરાજ રામાણી, હરેરામભાઈ ભગત, છગનલાલભાઈ રૈયાણી, તુલસીભાઈ રૈયાણી, ઈશ્વરભાઈ વિ. ઉપસ્થિત રહ્યા હતા. ઉપરોક્ત વરસાદની આગાહી - તારણ ભડલી વાક્યના આધારે પણ કરવામાં આવી હતી.

## કચ્છનું પાંચ વર્ષનું સૌથી ઊંચું ૬૮.૧૬ ટકા પરિણામ

ગુજરાત રાજ્યનાં શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૭માં લેવાયેલી ધોરણ-૧૦ની પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જાહેર કરાયું હતું. કચ્છ જિલ્લાના ૬૮.૧૬ ટકા વિદ્યાર્થી સફળ થતાં છેલ્લાં પાંચ વરસનું સૌથી ઊંચું પરિણામ આવ્યું છે. ગત વર્ષના ૫૪ ટકાની તુલનાએ ૧૪.૧૬ ટકા વધુ પરિણામ કચ્છે આ વખતે મેળવ્યું છે. આ વખતે ૪૩ તેજસ્વી તારલા એ-વન ગ્રેડમાં સ્થાન મેળવીને ઝળક્યા છે. જિલ્લાની ૧૯ શાળાનો દરેક છાત્ર સફળ થતાં ૧૦૦ ટકા સફળતા મેળવી છે. ભુજ કેન્દ્ર ૭૯.૯૮ ટકા સાથે જિલ્લાનાં ૨૬ કેન્દ્રોમાં મોખરે રહ્યું છે. ગુજરાતનું પરિણામ ૬૮.૨૪ ટકા આવ્યું છે. વીતેલા બે વરસના ૬૦ ટકાથી ઓછા પરિણામોને કારણે વાલી જગતમાં ચિંતાની સાથે ઉચાટની લાગણી ફેલાઈ હતી. પરંતુ પ્રયોગશીલતા દ્વારા સમગ્ર રાજ્યમાં શિક્ષણનું સ્તર સુધારવાના પ્રયાસોનાં પગલે પરિણામમાં આ વખતે નોંધપાત્ર સુધારો દેખાઈ રહ્યો છે. સીમાવર્તી ખાવડાનું પરિણામ આમ જુઓ તો હજુ નબળું જ કહેવાય પરંતુ આ વખતે ૫૨.૨૦ ટકા છાત્રો સફળ થયા છે. એ જોતાં ગત વર્ષના ૩૫.૧૦ ટકાની તુલનાએ ૧૭.૧૦ ટકાનો નોંધપાત્ર સુધારો આવ્યો છે. કચ્છમાં આ વખતે નવા ઉમેરાયેલાં ઢોરી અને મોથાળા સહિત કુલ ૨૬ કેન્દ્રો પરથી ધોરણ-૧૦ની પરીક્ષા લેવાઈ હતી. જેમાં ૭૯.૯૮ ટકા સાથે ભુજ અવ્વલ સ્થાન પર છે. ૭૯.૬૦ ટકા સાથે આદિપુર બીજા સ્થાને અને ૭૮.૮૫ ટકા સાથે માનકુવા ત્રીજા સ્થાને રહ્યું છે. ૨૨.૯૮ ટકા જેટલાં નબળા પરિણામ સાથે આડેસર છેલ્લા સ્થાને છે. આ વખતે જિલ્લાની કુલ ૧૯ શાળાઓએ ૧૦૦ ટકા સફળતા મેળવી છે તો કચ્છની છ શાળાનું પરિણામ ૧૦ ટકાથી નીચું આવ્યું છે અને નવ શાળા એવી છે જેમાં ૩૦ ટકાથી ઓછા છાત્ર સફળ થયા છે.

## એ-વનમાં કચ્છના પાંચ તેજસ્વી તારલા

ગુજરાત રાજ્યના શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના પરિણામમાં કચ્છમાંથી એ-વન ગ્રેડમાં પાંચ તેજસ્વી તારલા ઝળક્યા છે. આ પાંચ પરીક્ષાર્થીઓમાં એકલા હાથે ચાર છાત્રા આપીને કચ્છને રાજ્યમાં ગૌરવ અપાવતાં ભુજ શહેરની માતૃછાયા કન્યા વિદ્યાલયે મેદાન માર્યું છે તો એક છાત્રા આદિપુરની સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલની છે. આમ, એ-વન ગ્રેડ એટલે કે ૯૧ ટકાથી વધુ ગુણ મેળવવાની ગ્રેડિંગ પ્રણાલીની વિરલ સિદ્ધિ પ્રાપ્ત કરવામાં આ વખતે સળંગ બીજા વરસે દીકરીઓનો દબદબો રહ્યો છે.

## મરીન યુનિવર્સિટી ગાંધીધામમાં સ્થપાય તો બે બંદરોને લાભ થાય

